

પેજ-08
ક્રિતી સેનન એડ વિવાદ પર રાહુલ-કંગના આમને-સામને....

# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654



પેજ-09
આઈસીસી રેન્કિંગમાં બુમરાહ પાસેથી તાજ છીનવાયો....

| હવામાન | | |
|---|---|---|
| શહેર | મહત્તમ | લઘુત્તમ |
| અમદાવાદ | 33.00 | 26.00 |
| વડોદરા | 33.00 | 27.00 |
| સુરત | 31.00 | 27.00 |

પેજ 5



પર્પલ સ્ટાઈલ લેબ્સ લિમિટેડનો આઈપીઓ સોમવાર, 31 ઓગસ્ટ....

28 AUGUST-2026 FRIDAY

મેટાએ ટેકવ્યા ઘૂંટણ અઢાર અબજ દંડ મંજૂર....


પેજ 10

.....સુવિચાર.....
વિશ્વના સૌથી સુખી લોકો ને એ સમજાયું છે કે, બીજા પાસેથી કંઈપણ અપેક્ષા રાખવી નિરર્થક છે!

વર્ષ-15 । અંક-284 । વિક્રમ સંવત-2082 । શ્રાવણ સુદ-16 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


## ૭૦,૮૪૦ યુવાનોને અત્યાર સુધીમાં સરકારી નોકરીઓ મળી

# પંજાબમાં ૧,૭૪૬ પોલીસ કર્મચારીઓને એનાયત કરાયા નિમણૂક પત્રો

(એજન્સી) પંજાબ | તા.27

મુખ્યમંત્રી ભગવંત માને જણાવ્યું હતું કે તેમની સરકારનું 'રોજગાર મિશન' ચાલુ છે. આજ સુધીમાં ૭૦,૮૪૦ યુવાનોને સરકારી નોકરીઓ આપવામાં આવી છે. તેમણે વધુમાં ભાર મૂક્યો હતો કે આ ભરતીઓ સંપૂર્ણ પારદર્શિતા સાથે કરવામાં આવી છે. ગુરુવારે, પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને જલંધરમાં પંજાબ પોલીસમાં ભરતી થયેલા ૧,૭૪૬ કોન્સ્ટેબલોને નિમણૂક પત્રોનું વિતરણ કર્યું. આ પ્રસંગે, મુખ્યમંત્રીએ નવનિયુક્ત કર્મચારીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી. તેમણે ટિપ્પણી કરી કે પંજાબ પોલીસના આ યુવા સભ્યો રાજ્ય અને રાષ્ટ્ર બંનેની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં મુખ્ય ભૂમિકા ભજવશે. મુખ્યમંત્રી ભગવંત માને પુનરોચ્ચાર કર્યો કે તેમની સરકારનું 'રોજગાર મિશન' અવિરત ચાલુ છે. સરકારે કાર્યભાર સંભાળ્યો ત્યારથી, ૭૦,૮૪૦ યુવાનોને સરકારી નોકરીઓ આપવામાં આવી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આ ભરતીઓ સંપૂર્ણ પારદર્શિતા સાથે, કોઈપણ ભલામણ કે લાંચ વગર કરવામાં આવી છે.

**પૈસા કે માંગણીઓ વિના સુરક્ષિત નોકરીઓ...** મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે સરકાર દ્વારા પૂરી પાડવામાં આવતી નોકરીઓ માટે કોઈ પૈસા લેવામાં આવતા નહોતા, કે કોઈ ભલામણો સ્વીકારવામાં આવતી નહોતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે પંજાબ સરકાર 'ના પૈસા લીધા, ના પૈસા માંગ્યા' ના સિદ્ધાંત પર આધારિત યુવાનોને રોજગારી પૂરી પાડી રહી છે.

**પંજાબ પોલીસમાં જોડાતા બહાદુર યુવાનો: માન...** નવા પોલીસ કર્મચારીઓને સંબોધતા, મુખ્યમંત્રીએ કહ્યું કે બહાદુર યુવાનો પંજાબ પોલીસમાં જોડાઈ રહ્યા છે. તેમણે જણાવ્યું હતું કે આ કર્મચારીઓની જવાબદારી ફક્ત પંજાબનું રક્ષણ કરવા પૂરતી મર્યાદિત નથી; તેઓ રાષ્ટ્રીય સુરક્ષામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. તેમણે ઉલ્લેખ કર્યો હતો કે વડા પ્રધાન અને ગૃહમંત્રી દ્વારા હાજરી આપતી કેન્દ્રીય બેઠકો દરમિયાન, ઘણીવાર સ્વીકારવામાં આવે છે કે પંજાબ પોલીસ ફક્ત રાજ્યનું પોલીસ દળ નથી, પરંતુ રાષ્ટ્રનું પોલીસ દળ છે.

**પંજાબ સરકાર દેશમાં તેના કર્મચારીઓને સૌથી વધુ પગાર આપે છે**



### ૯૦ ટકા ઘરોમાં વીજળીનું બિલ આવી રહ્યું છે શૂન્ય : ભગવંત માન

મુખ્યમંત્રી ભગવંત માન ફરી એકવાર વિરોધી પક્ષો પર નિશાન સાધ્યું છે. તેઓ જાલંધરના કરતારપુર મતવિસ્તારમાં આવેલા કહલવાન ગામમાં આયોજિત 'લોક મિલાની' કાર્યક્રમમાં એક વિશાળ જાહેર સભાને સંબોધિત કરી રહ્યા હતા.કહલવાન ગામમાં (કરતારપુર મતવિસ્તાર, જલંધર) 'લોક મિલાની' કાર્યક્રમમાં વિશાળ સભાને સંબોધિત કરતી વખતે, મુખ્યમંત્રી ભગવંત માનએ વિરોધી પક્ષો પર નિશાન સાધ્યું. આ પ્રસંગે, તેમણે વિકાસ કાર્યો માટે ગ્રામ પંચાયતને 51 લાખનો ચેક સોંપ્યો અને તેમની સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલી જનતા-મૈત્રીપૂર્ણ પહેલની વિગતો શેર કરી.મુખ્યમંત્રી ભગવંત માનએ જણાવ્યું કે જાલંધરના PAP ગ્રાઉન્ડ ખાતે પંજાબ પોલીસ માટે 1,746 યુવાનોને નિમણૂક પત્રો આપવામાં આવ્યા છે.

# મણિપુરના કાંગપોકપીમાં આતંકવાદી હુમલામાં 4 લોકોના મોત

## ખીણના વિવિધ જિલ્લાઓમાં ખંડણી, ધાકધમકી અને અપહરણની ઘટનાઓમાં સંડોવાયેલા પાંચ આતંકવાદીઓની ધરપકડ

(એજન્સી) મણિપુર । તા. 27

મણિપુરના કાંગપોકપી જિલ્લામાં આતંકવાદીઓએ વાહન પર હુમલો કરીને ચાર લોકો માર્યા ગયા છે અને એક વ્યક્તિ ગુમ છે.મણિપુરના કાંગપોકપી જિલ્લામાં હુમલો કરીને આતંકવાદીઓએ એક વાહનને નિશાન બનાવ્યું. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ હુમલામાં ચાર લોકો માર્યા ગયા છે, જ્યારે એક વ્યક્તિ ગુમ હોવાનું જાણવા મળે છે.થોડા મહિના પહેલા, મણિપુરના કાંગપોકપી જિલ્લાના લોઈબોલ ખુલેન ગામમાં આતંકવાદીઓ દ્વારા કરવામાં આવેલા હુમલામાં ત્રણ લોકો માર્યા ગયા હતા અને સાત ઘરો બળીને ખાખ થઈ ગયા



હતા. કુકી સમુદાયનું પ્રતિનિધિત્વ કરતી સર્વોચ્ચ સંસ્થા, KIM ના જણાવ્યા અનુસાર, NSCN-IM અને તેના સાથી સંગઠન, ZUF (K) ના ભારે સશસ્ત્ર સભ્યોએ ગામ પર હુમલો કર્યો હતો.

### ખંડણી અને અપહરણ માટે 5 તંકવાદીઓની ધરપકડ

બીજા એક ઘટનાક્રમમાં, મણિપુરના ઈમ્ફાલ ખીણના વિવિધ જિલ્લાઓમાં ખંડણી, ધાકધમકી અને અપહરણની ઘટનાઓમાં સંડોવાયેલા પાંચ આતંકવાદીઓની ધરપકડ કરવામાં આવી છે. તેમની સાથે એક સગીરની પણ અટકાયત કરવામાં આવી છે. પોલીસે બુધવારે આ માહિતી આપી હતી.પોલીસના જણાવ્યા અનુસાર, પ્રતિબંધિત યુનાઈટેડ પીપલ્સ પાર્ટી ઓફ કાંગલેઈપાક (UPPK) સાથે જોડાયેલા આ આતંકવાદીઓને મંગળવારે બિષ્ણુપુર, ઈમ્ફાલ પૂર્વ અને ઈમ્ફાલ પશ્ચિમ જિલ્લાના વિવિધ સ્થળોએથી ધરપકડ કરવામાં આવી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે ધરપકડ કરાયેલા વ્યક્તિઓમાં 51 વર્ષીય પી. કોઈરેંગ સિંહનો સમાવેશ થાય છે, જેમને ઈમ્ફાલ પશ્ચિમ જિલ્લાના કોઈરેંગાઈ ફોરેસ્ટ ગેટ પરથી ધરપકડ કરવામાં આવી હતી. સિંહ રાજ્યના વન વિભાગમાં માળી તરીકે કામ કરે છે. પોલીસે અહેવાલ આપ્યો હતો કે ધરપકડ કરાયેલા વ્યક્તિઓના કબજામાંથી કુલ 23 UPPK લેટરહેડ મળી આવ્યા હતા.








SHOWROOMS: GUJARAT: AHMEDABAD: RENAULT KARNAVATI WEST (S G HIGHWAY) Ph: 7428190227, RENAULT KARNAVATI EAST (ODHAV RING ROAD) Ph: 9873558180, RENAULT NARODA Ph: 8448081360. RENAULT ANAND Ph: 8448792901. RENAULT MEHSANA (NAGALPUR ROAD) Ph: 9711791268. RENAULT PALANPUR (ABU DELHI HIGHWAY) Ph: 9899672869.

# ધોળકા તાલુકાના ભેટાવાડા ગામે પ્રદૂષણ વિરોધી આંદોલનમાં ઈસુદાન ગઢવી જોડાયા

અમદાવાદ | ધોળકા તાલુકાના ભેટાવાડા ગામે પાણી, હવા અને જમીન પ્રદૂષણના મુદ્દે ચાલી રહેલા આંદોલનને લઈને આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી ગ્રામજનોના સમર્થનમાં ઉપસ્થિત રહ્યા હતા. આ તકે ખેડૂતોને સંબોધન કરતા 'આપ' નેતા ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે આપણી ખામીયુક્ત સિસ્ટમના કારણે જેમણે કેન્સર અને અન્ય ગંભીર બીમારીઓથી પોતાના જીવ ગુમાવ્યા છે, તેમના પરિવારોને હું સાંત્વના પાઠવું છું. તમારો અવાજ અને તમારી પીડા સાંભળીને અહીં આવ્યો છું. ખરેખર દુઃખ થાય છે કે સરકારો શેના માટે હોય? વર્ષો પહેલાં 1947 માં જ્યારે આપણો દેશ સ્વતંત્ર થયો, અને તે પહેલાં મહાત્મા ગાંધીજી જેવા મહાન આત્માઓએ અંગ્રેજોથી દેશને આઝાદ કરાવવા માટે આંદોલનો અને પ્રયત્નો કર્યા હતા, જેથી ગોરા અંગ્રેજો જાય, આપણી સત્તા આવે, આપણા લોકો સત્તા પર બેસે અને જનતા શોષણમાંથી મુક્ત થાય. પણ આજે દુઃખ સાથે કહેવું પડે છે કે મહાત્મા



ગાંધીજીની આત્મા પણ કેટલી દુઃખી થતી હશે! સરકારનું કામ પ્લાનિંગ કરવાનું હોય છે. ચૂંટણી પતે, મુખ્યમંત્રી અને મંત્રીઓ શપથ લે, શાસક પક્ષ કે વિપક્ષના ધારાસભ્યો વિધાનસભામાં જાય, ત્યારે પાંચ-પાંચ વર્ષનું આયોજન કરવાનું હોય છે. તેમણે વિચારવાનું હોય કે મારા ગુજરાત રાજ્યમાં આજે ખેડૂતો દુ:ખી છે તો ખેડૂતો માટે શું યોજના કરીએ? માતાઓ, બહેનો અને દીકરીઓ વધારે ભણે એના માટે શું યોજનાઓ કરીએ? ગામડાઓની દીકરીઓ પણ કલેક્ટર, ડૉક્ટર કે એન્જિનિયર બને તે માટે સ્કૂલો અને સુવિધાઓ ઊભી કરવી એ મંત્રીઓનું કામ હોય છે. ગામડાઓમાં કેટલી તકલીફો અને મુશ્કેલીઓ છે! ઈસુદાન ગઢવીએ વધુમાં જણાવ્યું હતું કે, સરકારે વિચારવું જોઈએ કે ખેડૂતોને બિયારણ અને ખાતર સસ્તા ભાવે પૂરા પાડીએ, વીજળી મફત આપીએ, ગામડાઓમાં લોકોને યોગ્ય મજૂરી અને કામ મળે તેમજ પાકના યોગ્ય ભાવ મળે. રાશનમાં ઘઉં, તેલ અને ખાંડ દર મહિને દરેકના ઘરે યોગ્ય રીતે પહોંચે તેવી યોજનાઓ વિચારવાની હોય છે. પરંતુ વિચારવાની વાત તો દૂર રહી, આજે છ-છ દિવસ થયા છતાં ગટર અને કંપનીઓનું ગંદુ પાણી આવી રહ્યું છે. કેટલાય લોકો કેન્સરથી મૃત્યુ પામ્યા છે, છતાં ન્યાય આપવાની વાત તો બાજુ પર રહી, આપણે આપણા હક માટે આંદોલન કરવું પડે છે! આવી નબળી નેતાગીરી કે નબળી સરકાર મેં મારા 44 વર્ષના જીવનમાં નથી જોઈ. આપણે કહીએ છીએ, માગીએ છીએ અને આ આપણો હક અને અધિકાર છે.

# સુરતમાં AAP કોર્પોરેટર રચના હીરપરાને સસ્પેન્ડ કરાતાં રોષે ભરાયેલા કાર્યકરોએ મેયરના ઘર બહાર હોટફિક્સ કચરાના ઢગલા કર્યા

અમદાવાદ | સુરત મહાનગરપાલિકાની સામાન્ય સભામાં પ્રજાના પ્રશ્નો ઉઠાવવા બદલ વિપક્ષ આમ આદમી પાર્ટીના કોર્પોરેટર રચના હીરપરાને સસ્પેન્ડ કરી દેવાતા આમ આદમી પાર્ટીના પદાધિકારીઓ, કોર્પોરેટરો અને મહિલા કાર્યકરોએ સુરતમાં અનોખો વિરોધ નોંધાવ્યો હતો. રોષે ભરાયેલા કાર્યકરોએ મેયરના ઘર બહાર હોટફિક્સ કચરાના ઢગલા કર્યા હતા અને પ્રશ્નો ન ઉકેલાય તો ઉગ્ર આંદોલનની ચીમકી આપી હતી. આ મુદ્દે વાત કરતા આમ આદમી પાર્ટી સુરત વોર્ડ નં. 17ના કોર્પોરેટર અને પ્રદેશ સંગઠન મંત્રી ધર્મેશભાઈ ભંડેરીએ જણાવ્યું હતું કે જ્યાં જુઓ ત્યાં હોટફિક્સના કચરાના પહાડો બની ગયા છે. સુરત મહાનગરપાલિકા પાસે આ કચરાના નિકાલની કોઈ વ્યવસ્થા નથી. શહેરમાં આવેલા સેમી-ઔદ્યોગિક એકમો અને હોટફિક્સના જેટલા કારખાના છે, એના કચરાની યોગ્ય વ્યવસ્થા ન થતાં લોકો પોતાનો કચરો ગમે ત્યાં રસ્તા પર વારંવાર ઠાલવી રહ્યા છે. મહાનગરપાલિકાની




સદનમાં જ્યારે અમે આ બાબતે અવાજ ઉઠાવવાનો પ્રયત્ન કર્યો, તો અમારા કોર્પોરેટરને સસ્પેન્ડ કરી નાંખવામાં આવ્યા. અમને સસ્પેન્ડ કરી દેવાથી કચરાના ઢગલાનો નિકાલ નહીં થાય કે સમસ્યાનું નિરાકરણ નહીં આવે, એના માટે યોગ્ય વ્યવસ્થા કરવી પડશે. અમે મેયરને આ વિનંતી કરવા અને અલ્ટિમેટમ આપવા માટે આવ્યા છીએ. ધર્મેશ ભંડેરીએ વધુમાં જણાવ્યુ હતુ કે મેયરની સોસાયટીની આસપાસની ગલીઓ સાફ હોવાથી આખું સુરત સાફ થઈ જતું નથી. એના માટે સુરતમાં આંટો મારવા નીકળવું પડે, એસી ગાડી અને એસી ચેમ્બરમાંથી બહાર નીકળીને ગલીઓમાં જવું પડે. આજે મેયરના પોતાના વોર્ડની અને આજુબાજુના વોર્ડની હાલત નરક સમાન થઈ ગઈ છે. સામાન્ય લોકો અમને કહે છે કે તેઓ લેખિત ફરિયાદો કરી કરીને થાક્યા છે પણ કોઈ જવાબ નથી આપતું, ના આરોગ્ય સમિતિના ચેરમેન, ના મેયરશ્રી, ના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન, ના કમિશનર કે ના તો આરોગ્ય અધિકારી! એટલે અમે મેયરના ઘર પાસે કચરો ઠાલવીને અલ્ટિમેટમ આપીએ છીએ કે જો 10 દિવસની અંદર આ કચરાના નિકાલની યોગ્ય વ્યવસ્થા નહીં કરાય, તો સુરતમાં જ રહેતા રાજ્યના આરોગ્ય મંત્રીની ઓફિસ અને ઘર આગળ પણ આમ આદમી પાર્ટી કચરાના ઢગલા કરીને વિરોધ પ્રદર્શન કરશે.આ મુદ્દે 'આપ' કોર્પોરેટર રચના હીરપરાએ જણાવ્યું હતું કે સામાન્ય સભામાં પ્રજાની સમસ્યાઓ ઉઠાવવા બદલ અમને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

## વરાછા રોડ પર હોટફિક્સ કચરો જ્યારે AAP કાર્યકરોઓએ ઉઠાવીને મેયરના ઘરે લઈ ગયા, તો કાર્યકર્તાઓને ડિટેન કરીને, કલમ દાખલ કરી જેલમાં મોકલવાનું કામ સિંઘમ પોલીસવાળાઓ કરી રહ્યા છે: મનોજ સોરઠીયા

અમદાવાદ | આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ ગંભીર મુદ્દા પર પોલીસ પ્રશાસન અને સરકાર પર પ્રહાર કરતા જણાવ્યું હતું કે, એક તરફ ગુજરાતના લોકો દારૂના વેચાણ અને દારૂ પીવાથી લોકો ત્રાહિમામ છે અને લોકો મરી રહ્યા છે. તમે ફાંકા ફોજદારી કરો છો કે "જે વિસ્તારમાંથી દારૂ પકડાશે, તેના પી.આઈ. અને પીએસઆઈને સસ્પેન્ડ કરીશું." માત્ર વાતો કરીને તમે જનતા સમક્ષ ઉઘાડા પડી ગયા છો. આજે આમ આદમી પાર્ટીની ટીમ દ્વારા વરાછા વિસ્તારમાં દારૂના અડ્ડા પર રેડ પાડવામાં આવી અને પોલીસને બોલાવવામાં આવી. છતાં પણ પોલીસ હરકતમાં આવી નથી અને હવે જોઈએ છે કે હર્ષ સંઘવી વરાછા પોલીસ સ્ટેશનના કેટલા



પોલીસવાળા લોકોને સસ્પેન્ડ કરે છે?વધુ આમ આદમી પાર્ટીના નેતા મનોજ સોરઠિયાએ જણાવ્યું હતું કે, વરાછા રોડ પર હોટફિક્સનો જે કચરો છે એના ઢગલા લાગી ગયા છે, જેનાથી લોકો ત્રાહિમામ છે. જ્યારે આમ આદમી પાર્ટીના લોકો આ કચરો ઉઠાવીને મેયરના ઘરે લઈ ગયા તો આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓને ડિટેન કરીને, કલમ દાખલ કરવાનું અને જેલમાં મોકલવાનું કામ સિંઘમ પોલીસવાળાઓ કરી રહ્યા છે. ગુજરાતમાં લોકોના પ્રશ્નોના સમાધાન માટે અવાજ ઉઠાવવો એ ગુનો છે અને ગુજરાતમાં લોકતંત્ર મરી પરવાર્યું છે કારણ કે આવા લોકો સત્તામાં બેઠા છે. એ લોકોને ડર છે કે જો કોઈ અવાજ ઉઠાવશે તો એમનું કંઇ લૂંટાઈ જવાનું છે, એટલા માટે આ લોકો આમ આદમી પાર્ટી પર કાર્યવાહી કરી રહ્યા છે. આમ આદમી પાર્ટી ભાજપની પોલીસથી કે કોઈ કલમથી ડરતી નથી. તમે આમ આદમી પાર્ટીના કાર્યકર્તા વિરુદ્ધ કલમો દાખલ કરી રહ્યા છો પરંતુ હવે જોવાનું એ છે કે વરાછા પોલીસ સ્ટેશનના સ્ટાફ પર હર્ષ સંઘવી ક્યારે એક્શન લે છે? અમે દારૂના અડ્ડા પર રેડ પાડીને બતાવી રહ્યા છીએ કે આ વિસ્તારમાં દારૂ વેચાય છે. ખુલ્લેઆમ દારૂ વેચાય છે અને આ દારૂડિયાઓના ત્રાસના કારણે બહેનો દીકરીઓ સુરક્ષિત નથી. ત્યારે તમે દારૂડિયાઓ, બુટલેગરો અને પોલીસવાળા ઉપર એક્શન લેવાને બદલે આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ પર એક્શન લઈ રહ્યા છો. લોકો જોઈ રહ્યા છે અને તમારા પાપોનો ઘડો ભરાઈ રહ્યો છે. ગુજરાતની જનતા તમને સજા કરશે.

## મુખ્યમંત્રીએ મહિલા ધારાસભ્યોને વિશેષ ગ્રાન્ટ આપવા મુદ્દે કરેલી જાહેરાત પર ગોપાલ ઈટાલીયાનું નિવેદન

અમદાવાદ | ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રક્ષાબંધનના પવિત્ર પર્વ નિમિત્તે રાજ્યની મહિલા ધારાસભ્યોને તેમના મતવિસ્તારમાં રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસલક્ષી કામો માટે પ્રત્યેકને 2 કરોડ લેખે કુલ 28 કરોડની વિશેષ ગ્રાન્ટ ફાળવવાનો નિર્ણય જાહેર કર્યો છે. આ નિર્ણય અંગે આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ ગુજરાતની મહિલાઓ માટે અવાજ ઉઠાવતા કહ્યું હતું કે રક્ષાબંધન નિમિત્તે મહિલા ધારાસભ્યોને વધારાના બે કરોડની ગ્રાન્ટ ફાળવી એ સારી બાબત છે, પરંતુ હવે ગુજરાતની બહેનોને પણ દર મહિને મહિલા સન્માન રકમ ચાલુ કરવી જોઈએ. વધુમાં ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ જણાવ્યું હતું કે, મહારાષ્ટ્ર, ઝારખંડ, પંજાબ, તેલંગાણા અને દિલ્લી સહિત અલગ અલગ તમામ પક્ષોની સરકાર મહિલાઓને દર મહિને એકાઉન્ટમાં રૂપિયા આપે છે. ગુજરાત સરકાર પણ રાજ્યની તમામ મહિલાઓને દર મહિને ખાતામાં પૈસા આપે એવી વ્યવસ્થા કરવા વિનંતી કરી હતી.



# વરાછા પોલીસ સ્ટેશન નજીક દારૂના અડ્ડા પર પાયલ સાકરીયા અને મહેશ અણઘણે પાડી જનતા રેડ

અમદાવાદ | આમ આદમી પાર્ટીના મહિલા મોરચાના પ્રદેશ અધ્યક્ષ અને સુરત મનપાના પૂર્વ કોર્પોરેટર પાયલ સાકરીયા, પ્રદેશ સંગઠન મંત્રી મહેશ અણઘણ સહિત આમ આદમી પાર્ટીની ટીમે આજે સુરતના વરાછા વિસ્તારમાં દેશી દારૂના અડ્ડા પર જનતા રેડ કરી હતી. આ દરમિયાન તેમણે ખૂબ જ મોટી માત્રામાં દેશી દારૂનો જથ્થો પકડ્યો અને પોલીસને ફોન કરીને બોલાવી. આ દરમિયાન આમ આદમી પાર્ટીના નેતા પાયલ સાકરીયાએ પકડેલી દેશી દારૂની પોટલીઓ બતાવીને કહ્યું હતું કે, આ અમારી સામે પડી છે દારૂની પોટલીઓ અને બાજુમાં શાળા છે અને આ જગ્યા પોલીસ સ્ટેશનની પાછળના ભાગમાં આવેલી છે અને પોલીસે અમને ખૂબ જ પાવર સાથે કહ્યું કે "જાઓ દારૂના અડ્ડા પર" દારૂના અડ્ડાઓ બંધ કરવા માટે કેટલાય સાધુ-સંતો, સામાન્ય લોકો, વક્તાઓ મહેનત કરી રહ્યા છે પરંતુ બીજી બાજુ શાસકોની છત્રછાયા હેઠળ બેફામ દારૂ વેચાય છે. ક્યાંકને ક્યાંક હપ્તાની સિસ્ટમ ચાલુ હશે બાકી કઈ રીતે આ રીતે દારૂ વેચાય શકે? પોલીસમાં તાકાત નથી કે આ દારૂના અડ્ડાઓ બંધ કરાવી શકે. હું ગુજરાતના ગૃહમંત્રીને કહેવા માગું છું કે જો સાત દિવસમાં સુરતમાં બંધ નહીં કરાવો તો આખો મહિલા મોરચો તમામ દારૂઓના અડ્ડા ઉપર રેડ પડશે અને દારૂની કોથળીઓ લઈને તમારા કાર્યાલય પર પહોંચશે. હું પોતે આ દારૂની કોથળીઓ લઈને તમારા કાર્યાલય ખાતે પહોંચીશ. તમારી પાસે જો એડ્રેસ ના હોય તો અમને કહો અમે એડ્રેસ આપીશું પણ તમે સાત દિવસમાં દારૂના અડ્ડાઓ બંધ કરાવો.વધુમાં આમ આદમી પાર્ટીના નેતા પાયલ સાકરીયાએ જણાવ્યું હતું કે, ગૃહમંત્રી ફાંકા ફોજદારી કરે છે અને પેપરના પાના પર ચડવા માટે અને ઈન્સ્ટાગ્રામ પર વ્યુ, લાઈક્સ આવે એટલા માટે રીલ પર રીલ બનાવે છે, શું એમને આટલા બધા દારૂના અડ્ડાઓ નહીં દેખાતા હોય? ગુજરાતમાં જેટલા પણ લોકોને દારૂના અડ્ડાઓ વિશે માહિતી ખબર હોય



એ લોકો અમને facebook ના મેસેન્જરમાં મેસેજ કરે અને અડ્ડાઓની માહિતી આપે. આપણે સાથે મળીને દારૂના અડ્ડાઓ બંધ થાય એવો પ્રયાસ કરીશું. કારણ કે જ્યાં સુધી નશો દૂર નહીં થાય ત્યાં સુધી આપણી બેન દીકરીઓ સુરક્ષિત નહીં રહે. ઘણા યુવાનો આ લતમાં બરબાદ થઈ ગયા છે. સુરત ગુનાખોરીના મામલામાં આખા દેશમાં બીજા નંબર પર આવી ગયું છે. હવે રક્ષાબંધન આવે છે તો આપણે તમામ લોકોએ સાથે મળીને આ દૂષણને ખતમ કરવા માટે પ્રયાસ કરવો જોઈએ.આ જનતા રેડ દરમિયાન AAP પ્રદેશ સંગઠન મંત્રી મહેશ અણઘણે જણાવ્યું હતું કે આપણે સૌ જાણીએ છીએ કે ગુજરાતનો એક એક વ્યક્તિ માને છે કે દારૂના અડ્ડા પોલીસની રહેમના નજર હેઠળ ચાલે છે. આ રાજ્યના ગૃહ મંત્રીએ બે ચાર દિવસ પહેલા પણ એક સ્ટેટમેન્ટ આપ્યું હતું કે, જો કોઈ જગ્યાએ દારૂ મળશે તો ત્યાંના પીઆઈ અને પીએસઆઈને સસ્પેન્ડ કરી દેવામાં આવશે. હવે જોઈએ કે આ વરાછા વિસ્તારમાં જ્યાં જનતા અને આમ આદમી પાર્ટીની ટીમ દ્વારા રેડ પાડવામાં આવી છે તો હવે એ જોવાનું રહ્યું કે વરાછાના પીઆઈ અને પીએસઆઈને સસ્પેન્ડ કરવામાં આવે છે કે પછી હર્ષ સંઘવીની પોલીસ રેડ પાડનાર લોકો વિરુદ્ધ ફરિયાદ દાખલ કરે છે અને સાબિત કરે છે કે આ દારૂના અડ્ડા પોલીસની રહેમ નજર હેઠળ ચાલે છે.

## દ્વારકાના જામખંભાળિયા ખાતે 29 ઓગસ્ટથી ઈસુદાન ગઢવીનું અનિશ્ચિતકાળ સુધી ધરણા પર બેસવાનું એલાન

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ ઈસુદાન ગઢવીએ જણાવ્યું હતું કે સૌરાષ્ટ્રમાં ખાસ કરીને દેવભૂમિ દ્વારકા જિલ્લો, જામનગર, પોરબંદર, અમરેલી, જૂનાગઢના કેટલાક વિસ્તાર અને ઉત્તર ગુજરાતમાં અત્યારે બિલકુલ વરસાદ નથી. નિયમ મુજબ પણ સરકારે આ વિસ્તારોને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવા જોઈએ. પરંતુ આ સરકાર કોઈનું સાંભળતી નથી. સરકારને કોઈ અવાજ ઉઠાવે એ ગમતું નથી, ત્યારે સેંકડો ખેડૂતો ની માંગ હતી કે દેવભૂમિ દ્વારકા જિલ્લો હોય, પોરબંદર હોય કે જામનગર હોય 'ઈસુદાનભાઈ અમને ન્યાય અપાવો, ખેડૂતો મારા પ્રાણ સમાન છે. હું રાજનીતિમાં આવ્યો હોઉં તો એનું એક જ કારણ છે,ખેડૂતો, મજૂરો, શ્રમિકો, ગરીબો અને શોષિતોનું જીવન ધોરણ ઊંચું લાવવા માટે મેં રાજનીતિ પસંદ કરી છે. ત્યાર હાલ ખેડૂતો ઉપર મોટી આફત આવી ગઈ છે, અત્યારે પાક સંપૂર્ણ ફેલ ગયો છે, થોડો ઘણો 25 ટકા જ પાક બચ્યો છે, સૌની યોજનાનું પાણી નથી છોડી રહ્યા, ઘાસચારાની સમસ્યાઓ છે, પશુપાલકો પરેશાન છે. તો આ માંગણીઓને લઈને આ વિસ્તારોને દુષ્કાળગ્રસ્ત જાહેર કરે, સાથે સાથે સૌની યોજનાનું પાણી જ્યાં જરૂર છે ત્યાં છોડવામાં આવે, વિનામૂલ્યે ઘાસચારાની વ્યવસ્થા કરવામાં આવે અને ખેડૂતોના હક માટે આ વિસ્તારોને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવામાં આવે. એ માંગો સાથે હું 29 તારીખથી દેવભૂમિ દ્વારકાના જામખંભાળિયામાં અનિશ્ચિત કાળ સુધી ધરણા પર બેસવાનો છું. હું તમામ ખેડૂતોને વિનંતી કરું છું કે તમારી પીડા એ મારી પીડા છે. ઈસુદાનભાઈ માત્ર વાતો કરીને બેસી નહીં રહે. જ્ઞાતિ, જાતિ, ધર્મ બધું ભૂલીને ખેડૂતોના હક અને અધિકાર માટે સાથે આવો. જ્યાં જ્યાં દુષ્કાળગ્રસ્ત પરિસ્થિતિ છે ત્યાં આપણે સાથે મળીશું તો જ ન્યાય મળશે. સાથે સાથે જે ખેડૂતોના વિસ્તારમાં વરસાદ થયો છે તેમને પણ વિનંતી કરું છું કે ભલે તમારે ત્યાં વરસાદ હોય, પણ આ ખેડૂતોની લડાઈ છે જ્યાં પરિસ્થિતિ બહુ ખરાબ છે. ખેડૂતો માટે જ્યારે આંદોલન ચાલી રહ્યું હોય ત્યારે તમે સોશિયલ મીડિયાથી પણ સાથ આપો, પોસ્ટ મૂકો અથવા એક કે બે દિવસ માટે ઈસુદાનભાઈને સાથ આપવા આવો. સરકારને વિનંતી છે કે જો કરવું હોય તો 29 તારીખ સુધીમાં આ કરી દેજો. નહીં કરો તો અમે અનિશ્ચિત કાળ સુધી ધરણા કરીશું અને ખેડૂતોનો હક અને અધિકાર લઈને જ જંપીશું. આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ જણાવ્યું હતું કે આપણે સૌ જાણીએ છીએ કે ગુજરાતમાં આ વખતે વરસાદ અસમાન રહ્યો છે જે જગ્યાએ વરસ્યો ત્યાં ખૂબ વરસ્યો અને જ્યાં નથી વરસ્યો ત્યાં બિલકુલ નથી વરસ્યો. શરૂઆતના વરસાદ પછી લાંબા સમય સુધી ખેંચાણ રહેતાં સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને રાજ્યના ઘણા જિલ્લાઓમાં પાણીના અભાવે પાક સુકાઈ રહ્યો છે અને ખેડૂતો આ વર્ષે મોટું નુકસાન વેઠી રહ્યા છે. પરિસ્થિતિ લગભગ દુષ્કાળ જેવી છે અને સૌરાષ્ટ્રના ઘણા વિસ્તારોમાં ખેડૂતો નિષ્ફળ વર્ષની ચિંતામાં પરેશાન છે. આ કપરા સમયમાં આપ પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી સૌરાષ્ટ્રના તમામ જિલ્લાઓમાં સર્વે કરી દુષ્કાળગ્રસ્ત વિસ્તારો જાહેર કરવાની માંગ સાથે આગામી 29 તારીખથી દેવભૂમિ દ્વારકાના ખંભાળિયા ખાતે અનિશ્ચિતકાલીન ધરણા પર બેસવાના છે. અમારી મુખ્ય માંગણીઓ છે કે અસરગ્રસ્ત જિલ્લાઓનો સર્વે કરી તેમને દુષ્કાળગ્રસ્ત જાહેર કરાય, 'સૌની યોજના'નું સિંચાઈનું પાણી આપવામાં આવે, ખેડૂતોના વીજ બિલ માફ કરવામાં આવે, પશુપાલકોને યોગ્ય વળતર અપાય અને સ્થાનિક ખેતમજૂરો માટે રાહત પેકેજ જાહેર કરવામાં આવે. સરકાર ખેડૂતોની આ માંગણીઓ જલ્દીથી સ્વીકારી રાહત પેકેજ જાહેર કરે તેવી વિનંતી છે. હું તમામ ખેડૂત સાથીઓને પણ અપીલ કરું છું કે આપણે સૌ એક થઈને આ લડાઈમાં જોડાઈએ અને અવાજ ઉઠાવીએ, જેથી સરકાર આપણને રાહત આપવા અને ખેડૂતોની વાત માનવા મજબૂર થાય. આમ આદમી પાર્ટીના ગુજરાત સહ-પ્રભારી દુર્ગેશ પાઠકે જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્ર અને કચ્છ સહિત સમગ્ર ગુજરાતમાં ઓછો વરસાદ થવાના કારણે ખેડૂતો ભારે મુશ્કેલીમાં મુકાયા છે અને લગભગ 90% જેટલો પાક સુકાઈ ગયો છે. આટલી ગંભીર પરિસ્થિતિ છતાં ભાજપ સરકારની ખામોશી ખેડૂતોને સતત પરેશાન કરી રહી છે, ત્યારે ખેડૂતોનો અવાજ બનીને તેમને ન્યાય અપાવવા અને સરકારનું ઘમંડ તોડવા માટે આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી આગામી 29 તારીખથી ખંભાળિયામાં અનિશ્ચિતકાળના ધરણા શરૂ કરશે. આ ધરણા પ્રદર્શન ઈસુદાન ગઢવી પોતે ખેડૂતો, તેમના બાળકો અને તેમના પરિવારના ઉજ્જવળ ભવિષ્ય માટે કરી રહ્યા હોવાથી, સમગ્ર ગુજરાતના ખેડૂતો અને જનતાને અપીલ છે કે તેઓ આ આંદોલનમાં જોડાઈને ઈસુદાન ગઢવીને પૂરો સાથ અને સહકાર આપે.AAP પ્રદેશ સહ પ્રભારી વિનય મિશ્રાએ જણાવ્યુ હતુ કે આજે હું તમારી સામે ગુજરાતના ખેડૂતોના ન્યાયની માંગ કરવા આવ્યો છું. આપ સૌ જાણો છો કે ગુજરાતમાં આ વખતે ઓછો વરસાદ થવાને કારણે ખેડૂતો પર દુષ્કાળની માર પડી રહી છે.



## ખાનગી બસમાં અમદાવાદ લવાતું 1.17 કરોડ રૂપિયાનું કોકેઈન ઝડપાયું

અમદાવાદ | અમદાવાદના નરોડા વિસ્તારમાંથી પોલીસે 1.17 કરોડ રૂપિયાની કિંમતનું 234 ગ્રામ કોકેઈન જપ્ત કરીને રાજસ્થાનના એક શખસની ધરપકડ કરી છે. નરોડા પોલીસે ચોક્કસ બાતમીના આધારે વોચ ગોઠવીને આ કાર્યવાહી કરી હતી અને આરોપી સામે નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ (NDPS) એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી અનુસાર, નરોડા પોલીસની ટીમને વિસ્તારમાં ગેરકાયદે માદક પદાર્થોની હેરફેર અંગે ચોક્કસ બાતમી મળી હતી. જેના આધારે પોલીસે નરોડા GIDC નજીક વોચ ગોઠવી હતી. આ દરમિયાન શંકાસ્પદ હિલચાલ ધરાવતા એક યુવકની અટકાયત કરી તેની તલાશી લેતાં તેની પાસેથી 234 ગ્રામ કોકેઈન મળી આવ્યું હતું. આંતરરાષ્ટ્રીય બજારમાં જપ્ત કરાયેલા આ ડ્રગ્સની અંદાજિત કિંમત 1.17 કરોડ રૂપિયાથી વધુ આંકવામાં આવી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં પકડાયેલા આરોપીની ઓળખ હરેશ સૈન તરીકે થઈ છે, જે મૂળ રાજસ્થાનનો રહેવાસી છે.

# ગુજરાતમાં AAPનો સંગઠન વિસ્તાર, વિધાનસભા વાઈઝ મહિલા પ્રમુખો અને સંગઠન મંત્રીઓની વરણી

અમદાવાદ | ગુજરાત વિધાનસભા ૨૦૨૭ની ચૂંટણીઓની તૈયારીઓના ભાગરૂપે આમ આદમી પાર્ટી ગુજરાતના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવી, પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયા, ફ્રન્ટલ પ્રદેશ પ્રમુખ પ્રવીણ રામ અને પ્રદેશ મહિલા મોરચાના પ્રમુખ પાયલ સાકરિયા વચ્ચે થયેલી ચર્ચા બાદ રાજ્યભરમાં મહિલા મોરચાના વિધાનસભા પ્રમુખ તથા સંગઠન મંત્રીઓની નિમણૂંક કરવામાં આવી છે. આ અંગે જાહેરાત કરતા AAP મહિલા મોરચાના પ્રદેશ પ્રમુખ પાયલ સાકરિયાએ જણાવ્યું હતું કે, સમગ્ર ગુજરાતમાં જે બહેનો અત્યંત સક્ષમ છે અને પાર્ટી માટે



**ગુજરાતની નારી શક્તિને AAPનું રક્ષાબંધન પર્વ પર મોટું પ્રોત્સાહન, નવી જવાબદારી સોંપાઈ : પાયલ સાકરિયા AAP**

નિષ્ઠાપૂર્વક કામ કરી શકે તેમ છે, તેવી બહેનોને આજે વિધાનસભા પ્રમુખ અને સંગઠન મંત્રી તરીકેની જવાબદારી સોંપાઈ છે.

પાર્ટી મહિલાઓને સશક્ત બનાવવા અને રાજનીતિનો મહત્વનો હિસ્સો બનાવવા માટે હંમેશા અગ્રેસર રહી છે. અગાઉ પણ તમામ લોકસભા બેઠકો પર મહિલાઓની નિમણૂંક કરીને સંગઠનને મજબૂત કરવામાં આવ્યું હતું.

આપ નેતા પાયલ સાકરીયાએ ઉમેર્યું હતું કે, નિમણૂંક પામેલી તમામ બહેનો આવનારા સમયમાં રાજ્યના પરિવર્તન, લોકહિત અને ગુજરાતને એક નવી ઊંચાઈ પર લઈ જવા માટે સક્રિય ભૂમિકા ભજવશે.

રાજ્યમાં જ્યારે પણ ખોટી નીતિઓ સામે અવાજ ઉઠાવવાનો હશે કે કોઈ મહિલા સાથે અણબનાવ બનશે, ત્યારે આપનો મહિલા મોરચો તેમની સાથે મજબૂતીથી ઊભો રહેશે. તમામ નવનીયુક્ત બહેનોને ખૂબ ખૂબ અભિનંદન આપવાની સાથે તેમણે પવિત્ર રક્ષાબંધન પર્વની પણ હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

# News Brief

## જજિસ બંગલો રોડ પર પાન પાર્લરમાં ત્રણ શંકાસ્પદ સગીરોએ કરી ચોરી, સમગ્ર ઘટના CCTVમાં કેદ

અમદાવાદ: અમદાવાદના જજિસ બંગલો રોડ પર આવેલા કદમ કોમ્પ્લેક્સમાં ચોરીની ઘટના સામે આવી છે. અહીં એક પાન પાર્લરનું શટર વચ્ચેથી ઊંચું કરી અંદર ઘૂસેલા ત્રણ શંકાસ્પદ સગીરો 74,400 રૂપિયાની મત્તાની ચોરી કરીને ફરાર થઈ ગયા હતા. આ સમગ્ર ઘટના દુકાનમાં લાગેલા CCTV કેમેરામાં કેદ થઈ ગઈ છે. વેપારીની ફરિયાદના આધારે વસ્ત્રાપુર પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, બોપલ વિસ્તારમાં રહેતા 56 વર્ષીય અનિલ રાજપૂત કદમ કોમ્પ્લેક્સના ગ્રાઉન્ડ ફ્લોર પર પાન પાર્લર ચલાવે છે. ગત 26 ઓગસ્ટના રોજ સવારે 7 વાગ્યે તેના પાર્લરમાં કામ કરતા કર્મચારી રાહુલ અને ઉત્સવ દુકાને પહોંચ્યા ત્યારે શટરના બંને તાળાં મારેલાં હતાં, પરંતુ શટર વચ્ચેથી વળેલું જોવા મળ્યું હતું. દુકાનની અંદર તપાસ કરતા ગલ્લામાંથી રોકડ રકમ અને અન્ય સામાન ગાયબ હતો.

વેપારીએ દુકાનના CCTV ફૂટેજ ચકાસતાં માલૂમ પડ્યું હતું કે, રાત્રિના સમયે ત્રણ શંકાસ્પદ સગીરોએ દુકાનનું શટર વચ્ચેથી ઊંચું કરીને અંદર પ્રવેશ કર્યો હતો. તેમણે કેશ કાઉન્ટરમાંથી 48,000 રોકડા રૂપિયા અને 26,400 રૂપિયાની કિંમતની સિગારેટના પેકેટોની ચોરી કરી હતી. હાલ વસ્ત્રાપુર પોલીસે CCTV ફૂટેજના આધારે ત્રણેય શંકાસ્પદ સગીરોને ઓળખી કાઢવા અને પકડવા માટે ચક્ર ગતિમાન કર્યાં છે.

## રતનપોળના વેપારી સાથે ₹2.19 કરોડની છેતરપિંડી, આસામના 4 શખસોએ સોનાના બદલે નકલી લગડી પધરાવી

અમદાવાદ | અમદાવાદના ઈસનપુર વિસ્તારમાં રહેતા અને રતનપોળમાં સોના-ચાંદીના દાગીના બનાવવાનો વેપાર કરતા વેપારી સાથે 2.19 કરોડ રૂપિયાથી વધુની છેતરપિંડી થઈ હોવાનો કિસ્સો સામે આવ્યો છે. આસામના ચાર શખસોએ વિશ્વાસ કેળવીને 1624 ગ્રામ સોનાના દાગીના મેળવી લીધા હતા અને તેના બદલામાં અન્ય ધાતુ પર માત્ર સોનાનો વરખ ચડાવેલી નકલી લગડીઓ પધરાવી છેતરપિંડી કરી હતી. આ અંગે અમદાવાદના ઈસનપુર પોલીસ સ્ટેશનમાં ચાર આરોપીઓ સામે ફરિયાદ નોંધાઈ છે. મળતી માહિતી મુજબ, ઈસનપુર ગામમાં રહેતા અને છેલ્લા 20 વર્ષથી રતનપોળના સહજાનંદ માર્કેટમાં જ્વેલરી બનાવવાનો વ્યવસાય કરતા 52 વર્ષીય રાકેશ સોનીએ આ અંગે ફરિયાદ નોંધાવી છે. તેની ફરિયાદ અનુસાર, ગુવાહાટી (આસામ) ખાતે જ્વેલરીનો ધંધો કરતા મુનીર, અજીજ, જેબુદ્દીન અને તાલુ નામના ચાર શખસોએ તેમની સાથે આ ઠગાઈ આચરી છે. ઘટનાની વિગતો અનુસાર, ફેબ્રુઆરી 2026માં આરોપીઓએ રાકેશ સોનીની દુકાને આવી નાનું કામ સોંપીને તાત્કાલિક રોકડ ચૂકવણી કરી વિશ્વાસ જીત્યો હતો. ત્યારબાદ એપ્રિલ 2024માં આરોપીઓએ વોટ્સએપ કોલ મારફતે 22 કેરેટ સોનાના સેટ, ચેઈન, રિંગ વગેરે મળીને કુલ 1624 ગ્રામ દાગીનાનો મોટો ઓર્ડર આપ્યો હતો. આ ઓર્ડર પૂર્ણ કરવા માટે રાકેશ સોનીએ તેના વેપારી મિત્ર નઈમઅખ્તર સાથે મળીને કુલ 2,19,62,500 રૂપિયાની કિંમતના દાગીના તૈયાર કર્યા હતા.

## સાબરમતીમાં રસ્તો ક્રોસ કરતા વૃદ્ધને એસટી બસે ટક્કર મારી, નીપજ્યું મોત



અમદાવાદના સાબરમતી વિસ્તારમાં ઓએનજીસી કટ પાસે એસટી બસની અડફેટે આવતાં 70 વર્ષીય વૃદ્ધનું મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડીને બસ ચાલક સામે અકસ્માતનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગતો અનુસાર, અમદાવાદની રેલવે કોલોનીમાં જવાહર ચોક, ભૂતબંગલા પાસે આવેલા સાહેબપુરાના છાપરામાં રહેતા ગજાજી મનરૂપજી મારવાડી (ઉંમર વર્ષ 70) સવારે કામ અર્થે નીકળ્યા હતા. તે સાબરમતી ચાર રસ્તા નજીક આવેલા ઓએનજીસી કટ પાસેથી પગપાળા રસ્તો ક્રોસ કરી રહ્યા હતા, તે દરમિયાન ત્યાંથી પસાર થઈ રહેલી એસ.ટી. બસના ચાલકે તેમને અડફેટે લીધા હતા. બસની ટક્કર વાગવાને કારણે ગજાજી મારવાડી ગંભીર રીતે ઘવાયા હતા અને તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. અકસ્માતની જાણ થતાં જ સાબરમતી પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડીને બસ ચાલક સામે અકસ્માતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## ટેક્નિશિયન અને સુપરવાઈઝર ઝડપાયા, અન્ય કંપનીઓને વેચતા હતા મધર કાર્ડ

# વડોદરામાં મોબાઈલ ટાવરના કાર્ડ ચોરી પકડાયા

(એજન્સી) વડોદરા । તા. 27

સંસ્કારી નગરી વડોદરા શહેરમાં મોબાઈલ ટાવરોના બોક્સમાંથી કિંમતી મધર કાર્ડની ચોરી કરતા એક મોટા રેકેટનો દાફ થયો છે, જેમાં પોલીસે ઈન્ડસ કંપનીના જ ટેક્નિશિયન અને સુપરવાઈઝર સહિતની ત્રિપુટીને ઝડપી પાડીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, વડોદરાના અટલાદરા, ભાયલી અને ગોત્રી સહિતના વિવિધ વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી ઈન્ડસ કંપનીના મોબાઈલ ટાવરોના બીટીએસ બોક્સમાંથી મધર કાર્ડ તરીકે ઓળખાતા એએસઆઈબી (ASIB) કાર્ડની ચોરી થવાની અનેક ઘટનાઓ સામે આવી રહી હતી. આ ગંભીર બાબતને ધ્યાનમાં લઈને પોલીસ કમિશનર અને ક્રાઈમ બ્રાન્ચની ટીમ દ્વારા ટેક્નિકલ સર્વેલન્સ તેમજ અન્ય ગુપ્ત સ્ત્રોતો મારફતે સઘન તપાસ શરૂ કરવામાં આવી હતી. આ દરમિયાન ગાજરાવાડી સુએજ પંપીંગ સ્ટેશન પાસેથી શંકાસ્પદ હાલતમાં સ્કોર્પિયો કાર લઈને ઊભેલા ઈન્ડસ કંપનીના ટેક્નિશિયન પુરણ સિંહ કિશનસિંહ રાઠોડ અને રાજેશ ચંદુભાઈ પઢીયાર તથા સુપરવાઈઝર સંજય વિઠ્ઠલભાઈ કોળીને પોલીસે ઝડપી લીધા હતા.



તપાસ દરમિયાન પોલીસે ત્રણેય આરોપીઓ પાસેથી કુલ ઓગણપચાસ હજાર રૂપિયાની રોકડ રકમ જપ્ત કરી હતી. આ રોકડ અંગે કડકાઈથી પૂછપરછ કરતા આરોપીઓ ભાંગી પડ્યા હતા અને ચોંકાવનારી વિગતો બહાર આવી હતી. તેઓ ઈન્ડસ કંપનીના ટાવરની દેખરેખ અને જાળવણીની કામગીરી સંભાળતા હોવાનો લાભ લઈને રાત્રિના સમયે ગોત્રી, ભાયલી અને અટલાદરા વિસ્તારના પાંચ જેટલા ટાવરોમાંથી કાર્ડ ચોરી કરી લેતા હતા. આ ચોરી કરેલા એક-એક મધર કાર્ડ તેઓ અન્ય પ્રતિસ્પર્ધી એવી એરટેલ કંપનીને પચાસ હજાર રૂપિયામાં વેચી દેતા હોવાનું બહાર આવ્યું છે. ટાવરમાંથી આ મહત્વપૂર્ણ કાર્ડ નીકળી જવાથી સંબંધિત ટાવરનું સમગ્ર કામકાજ ઠપ થઈ જતું હતું, જેના કારણે ઈન્ડસ કંપનીને લાખો રૂપિયાનું મોટું નુકસાન સહન કરવું પડતું હતું અને બીજી કંપનીને તેનો ફાયદો થતો હતો. પોલીસે ત્રણેય આરોપીઓની ધરપકડ કરીને આ રેકેટમાં અન્ય કોણ કોણ સંડોવાયેલ છે અને કઈ કઈ જગ્યાએ આ પ્રકારે કાર્ડ વેચવામાં આવ્યા છે તે અંગે ઊંડાણપૂર્વકની તપાસ શરૂ કરી છે.

વડોદરાના અટલાદરા, ભાયલી, ગોત્રી સહિતના વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી ઈન્ડસ કંપનીના મોબાઈલ ટાવરોના બીટીએસ બોક્સમાંથી મધર કાર્ડ મનાતા ASIB કાર્ડની ચોરી થતી હોવાના બનાવો બનતા ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ટેકનિકલ સર્વેન્સ તેમજ અન્ય સોર્સ મારફતે તપાસ કરવામાં આવી રહી હતી. આ દરમિયાન ગાજરાવાડી સુએજ પંપીંગ સ્ટેશન પાસે પોલીસે સ્કોર્પિયો કાર લઈ ઉભેલા ઈન્ડસ કંપનીના ટેકનિશિયન પુરણ સિંહ કિશનસિંહ રાઠોડ(પરમ ડુપ્લેક્સ, બીલ ચાપડ રોડ) અને રાજેશ ચંદુભાઈ પઢીયાર (મોકમપુરા, રાયપુરા પાસે, તા વડોદરા) અને તેમજ સુપરવાઈઝર સંજય વિઠ્ઠલભાઈ કોળી(શ્રીનિવાસ સોસાયટી જુની બોડેલી, છોટાઉદેપુર) ને પોલીસે તપાસતા તેમની પાસેથી કુલ રૂ.49 હજાર રોકડા મળી આવ્યા હતા.

## ડિવિઝનલ રેલ્વે મેનેજર રાજુ ભડકેએ આણંદ અને કરચિયા યાર્ડ્સનું વ્યાપક સલામતી નિરીક્ષણ કર્યું



પશ્ચિમ રેલ્વે | વડોદરા

પશ્ચિમ રેલ્વેના વડોદરા ડિવિઝનના ડિવિઝનલ રેલ્વે મેનેજર (DRM) શ્રી રાજુ ભડકેએ આજે આણંદ અને કરચિયા યાર્ડ્સનું વ્યાપક સલામતી નિરીક્ષણ કર્યું, તેમની સાથે વરિષ્ઠ વિભાગીય અધિકારીઓ પણ હતા. નિરીક્ષણ દરમિયાન, તેમણે બંને યાર્ડ્સ પર ટ્રેન સંચાલન સંબંધિત વિવિધ સલામતી વ્યવસ્થાઓ અને સંચાલન પ્રક્રિયાઓની સંપૂર્ણ સમીક્ષા કરી. તેમણે પ્રતાપનગર-કરચિયા-આણંદ-ખંભાત રેલ વિભાગનું 'વિન્ડો ટ્રેઈલિંગ નિરીક્ષણ' પણ કર્યું અને ખંભાત સ્ટેશનનું નિરીક્ષણ કર્યું. પશ્ચિમ રેલ્વેના જનસંપર્ક અધિકારી, શ્રી અનુભવ સક્સેના દ્વારા જારી કરાયેલ એક અખબારી યાદી અનુસાર, DRM એ કરચિયા યાર્ડના નિરીક્ષણ દરમિયાન માલગાડીઓના સલામત સંચાલન સંબંધિત પાસાઓની ખાસ સમીક્ષા કરી. સલામતીના પગલાં અને સંચાલન પ્રક્રિયાઓનું મૂલ્યાંકન કરતી વખતે, તેમણે સંબંધિત અધિકારીઓને તમામ નિર્ધારિત સલામતી પ્રોટોકોલનું કડક પાલન સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો.ત્યારબાદ, આણંદ યાર્ડના નિરીક્ષણ દરમિયાન, શ્રી ભડકેએ સિગ્નલિંગ સિસ્ટમ્સની સમીક્ષા કરી અને સલામત અને સુગમ ટ્રેન સંચાલન સુનિશ્ચિત કરવા માટે વિવિધ ટ્રેક પરિમાણોની તપાસ કરી. તેમણે સંબંધિત અધિકારીઓ પાસેથી ટ્રેન સંચાલનમાં સલામતી ધોરણોનું અસરકારક પાલન થાય છે કે કેમ તે અંગે માહિતી માંગી અને જરૂરી નિર્દેશો જારી કર્યા.શ્રી ભડકેએ અધિકારીઓને સૂચના આપી કે ટ્રેન સંચાલનમાં સલામતી સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને સ્થાપિત સલામતી નિયમો અને પ્રક્રિયાઓનું પાલન કરવામાં કોઈપણ સ્તરે કોઈ બેદરકારી ન હોવી જોઈએ. તેમણે તમામ સંબંધિત વિભાગોના અધિકારીઓને સતર્કતાથી કામ કરવા અને ટ્રેન સંચાલનમાં ઉચ્ચતમ સલામતી ધોરણો જાળવવા નિર્દેશ આપ્યો.વડોદરા વિભાગ મુસાફરો અને માલ પરિવહન બંને માટે સલામત, સરળ અને કાર્યક્ષમ રેલ સેવાઓ સુનિશ્ચિત કરવા માટે નિયમિતપણે યાર્ડ, સ્ટેશન અને રેલ્વે સંપત્તિનું નિરીક્ષણ કરે છે.

## વડોદરામાં સંગમ ચાર રસ્તા પાસે હિટ એન્ડ રન, વહેલી સવારે સિનિયર સિટીઝનને અડફેટે લીધા

(એજન્સી) વડોદરા । તા. 27

સંસ્કારી નગરી વડોદરા શહેરના કારેલીબાગ વિસ્તારમાં વહેલી સવારે એક ગમખ્વાર હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે, જેમાં સ્વામિનારાયણ મંદિરે દર્શન કરવા માટે નીકળેલા એક પંચોતેર વર્ષીય સિનિયર સિટીઝનને પૂરપાટ ઝડપે આવી રહેલી એક અજાણ્યા કારચાલકે ટક્કર મારીને ગંભીર ઈજાઓ પહોંચાડી હતી અને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર, વડોદરાના કારેલીબાગ ખાતે આવેલી સત્યન સોસાયટીમાં રહેતા ત્યોત્તેર વર્ષીય ભરતભાઈ છોટાભાઈ અમીન પોતાના નિવૃત્ત જીવનના દિવસો વિતાવી રહ્યા છે. છેલ્લા એક વર્ષથી તેઓ નિયમિતપણે વહેલી સવારે છ વાગ્યે કારેલીબાગ સંગમ ચાર રસ્તા પાસે આવેલા સ્વામિનારાયણ મંદિરે આરતીના દર્શન કરવા માટે ચાલતા જતા હોય છે. ગઈકાલે સવારે પણ તેઓ રાબેતા મુજબ ઘરેથી ચાલતા નીકળ્યા હતા. જ્યારે તેઓ સંગમ ચાર રસ્તા પાસે પહોંચીને સામેના મંદિરે જવા માટે રોડ ક્રોસ કરી રહ્યા હતા, તે જ સમયે કારેલીબાગ પાણીની ટાંકી તરફથી પૂરપાટ અને બેફામ ઝડપે આવી રહેલી એક કારના ચાલકે તેમને જોરદાર અડફેટે લીધા હતા.

આ અકસ્માતમાં ભરતભાઈને જમણા પગે ગંભીર ફ્રેક્ચર થયું હતું. અકસ્માત સર્જ્યા બાદ માનવતા નેવે મૂકીને કારચાલક પોતાની કાર લઈને ઘટનાસ્થળેથી નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. આ ગંભીર બનાવ અંગે કુંભારવાડા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પોલીસ દ્વારા આસપાસના વિસ્તારના સીસીટીવી ફૂટેજ મેળવીને ફરાર થયેલા કારચાલકની સઘન શોધખોળ હાથ ધરવામાં આવી છે, જેથી આરોપીને ઝડપીને કાયદેસરની સખત કાર્યવાહી કરી શકાય. વડીલ સાથે બનેલી આ દુર્ઘટનાને કારણે સ્થાનિક રહેવાસીઓમાં અને પરિવારજનોમાં રોષ તેમજ ચિંતાનું મોજું ફરી વળ્યું છે.

## વડોદરામાં સંસ્કૃત સપ્તાહ નિમિત્તે અઢી લાખ લોકોને મોકલાશે સંદેશા, મોબાઈલ દ્વારા સંસ્કૃત પ્રસાર અભિયાન

(એજન્સી) વડોદરા । તા. 27

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની સંસ્કૃત મહાવિદ્યાલય ખાતે ઉજવાઈ રહેલા સંસ્કૃત સપ્તાહના પાવન અવસર પર દેવસાયુજ્યમ સંસ્કૃત પ્રતિષ્ઠાન દ્વારા એક અનોખી અને પ્રેરણાદાયી પહેલ કરવામાં આવી છે. આ વિશેષ અભિયાન અંતર્ગત રાજ્યના અઢી લાખ જેટલા નાગરિકોને તેમના મોબાઈલ પર સંસ્કૃત ભાષામાં જ રક્ષાબંધન તેમજ સંસ્કૃત દિવસની હાર્દિક શુભકામનાઓ પાઠવતા સંદેશાઓ મોકલવામાં આવી રહ્યા છે, જેથી પ્રાચીન દેવવાણી પ્રત્યે લોકોમાં નવો ઉત્સાહ અને જાગૃતિ પેદા થઈ શકે.

આગામી તારીખ પચીસથી એકત્રીસ ઓગસ્ટ દરમિયાન યોજાઈ રહેલા આ સંસ્કૃત સપ્તાહના ભાગરૂપે સંસ્થા દ્વારા અનેક રચનાત્મક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં યુવા પેઢીને જોડવાનો મુખ્ય પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે. આધુનિક યુગમાં સોશિયલ મીડિયાના માધ્યમથી ભાષાનો વ્યાપ વધારવાના હેતુથી સંસ્થા સાથે જોડાયેલા પચાસ જેટલા સમર્પિત કાર્યકરોની વિશેષ ટીમ મેદાનમાં ઉતરી છે. બુધવાર અને ગુરુવાર એમ બે દિવસ ચાલનારા આ વિશાળ અભિયાનમાં નાગરિકોના ફોન પર સંસ્કૃત ભાષામાં જ સંદેશાઓ મોકલવાની કવાયત પૂરજોશમાં ચાલી રહી છે, જેને લઈને શિક્ષણ જગતમાં ભારે ચર્ચા જાગી છે. સંસ્થા સાથે સંકળાયેલા સંસ્કૃત મહાવિદ્યાલયના અગ્રણી અધ્યાપક ડોક્ટર પ્રફુલ પુરોહિતના જણાવ્યા અનુસાર, સંસ્કૃત ભાષાને માત્ર પુસ્તકો પૂરતી સીમિત રાખવાને બદલે તેને જન-જન સુધી પહોંચાડવી એ સમયની મુખ્ય માંગ છે. આ બે દિવસીય અભિયાન દ્વારા હજારો લોકો સુધી સીધા જ સંસ્કૃત શબ્દો પહોંચી રહ્યા છે. દેવસાયુજ્યમ સંસ્કૃત પ્રતિષ્ઠાન દ્વારા માત્ર આ સપ્તાહ પૂરતું જ નહીં, પરંતુ સમગ્ર વર્ષ દરમિયાન સંસ્કૃત ભાષાને જીવંત અને ધબકતી રાખવા માટે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. જેમાં સંસ્કૃત સંભાષણ વર્ગો, ભગવદ્ ગીતા આધારિત સ્પર્ધાઓ અને ખાસ કરીને શાળાકીય બાળકો માટે વિવિધ સ્પર્ધાઓનો સમાવેશ થાય છે.

## સુરતના ડિંડોલીમાં પાણી પુરવઠાના સમયમાં થયો કાયમી ફેરફાર, ચારેય તબક્કામાં મળશે નિયમિત પાણી

(એજન્સી) સુરત । તા. 27

સુરત શહેરના ઝડપથી વિકસી રહેલા છેવાડાના ડિંડોલી વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી ઓછા દબાણ, અપૂરતા અને અનિયમિત પાણી પુરવઠાને લઈને નાગરિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો હતો. આ ગંભીર સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માટે સુરત મહાનગરપાલિકાના હાઈડ્રોલિક વિભાગ દ્વારા ડિંડોલી જળ વિતરણ મથક સાથે સંકળાયેલા તમામ વિસ્તારોમાં પાણી પુરવઠાના સમયપત્રકમાં મોટો અને કાયમી ફેરફાર કરવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ નવા સુધારેલા સમયપત્રકના અમલીકરણથી સ્થાનિક રહીશોને પૂરતા દબાણથી અને નિયમિત પાણી મળી રહેશે તેવી મક્કમ આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. લિંબાયત ઝોનમાં આવતા આ વિસ્તારોનું સંચાલન હવે વધુ વ્યવસ્થિત કરવામાં આવશે.

અગાઉ અનિયમિત પાણી વિતરણના કારણે સ્થાનિક પરિવારોને દૈનિક કાર્યોમાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. આ સમસ્યાને ડામવા માટે પાલિકા દ્વારા સમગ્ર વિસ્તારને ચાર અલગ-અલગ તબક્કામાં વિભાજિત કરીને નવું આયોજન ઘડી કાઢવામાં આવ્યું છે, જેથી દરેક સોસાયટી સુધી પાણી સમાન રીતે પહોંચી શકે. પ્રથમ તબક્કા અંતર્ગત ડિંડોલી ગામતળ, મહાદેવ નગર, સાંઈ નગર, હરિદ્વાર, લક્ષ્મીનારાયણ, યોગેશ્વર પાર્ક અને રામી પાર્ક સહિતના વિસ્તારોમાં સવારે પાંચથી નવ વાગ્યા સુધી પાણી વિતરણ કરવામાં આવશે. જ્યારે બીજા તબક્કામાં ભક્તિનગર, રોયલ પેલેસ, શુભ વાટિકા, પ્રિયંકા સિટી, શિવદર્શન, ગાયત્રી નગર, ખોડિયાર નગર, શ્રદ્ધા સોસાયટી અને સુમુખ સર્કલ જેવા વિસ્તારોમાં સવારે નવથી બપોરે બાર વાગ્યા સુધી પાણી અપાશે.

આ આયોજનના ભાગરૂપે ત્રીજા તબક્કામાં ઓમનગર, મિલેનિયમ પાર્ક, ઉમિયા બંગલો, અંબિકા નગર, મધુરમ સર્કલ, તિરૂપતિ નગર, કૃષ્ણ કુંજ અને સરસ્વતી નગર સહિતના વિસ્તારોને આવરી લેવામાં આવ્યા છે, જ્યાં બપોરે બારથી સાંજે ચાર વાગ્યા સુધી પાણી મળશે.

## સુરત પાલિકાની તપાસમાં માવામાં ભેળસેળનો ફૂટ્યો મોટો ભાંડો, સોળમાંથી બે નમૂના સબ સ્ટાન્ડર્ડ



સુરત | રક્ષાબંધનના પવિત્ર તહેવારને અનુલક્ષીને સુરતીઓની મીઠાઈની થાળી સુરક્ષિત રહે અને તેમાં કોઈ પણ પ્રકારનું ભેળસેળયુક્ત ઝેર ન ભળે તે માટે સુરત મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા માવા તથા મીઠાઈના વેપારીઓ સામે તપાસનો ધમધમાટ તેજ કરવામાં આવ્યો છે. પાલિકા દ્વારા હાથ ધવાયેલી આ સઘન તપાસમાં માવાના કુલ સોળ નમૂનામાંથી બે નમૂનાઓ સબસ્ટાન્ડર્ડ જાહેર થતાં સમગ્ર અન્ન બજારમાં અને વેપારી આલમમાં ભારે ખળભળાટ મચી ગયો છે. તહેવારોની મોસમમાં નાગરિકોના આરોગ્ય સાથે ચેડાં કરનારા તત્વો સામે તંત્ર દ્વારા લાલ આંખ કરવામાં આવી છે, જેથી ગુણવત્તા વગરની ખાદ્ય સામગ્રીનું વેચાણ અટકાવી શકાય. પાલિકાના ફૂડ સેફ્ટી અધિકારીઓ દ્વારા તાજેતરમાં લેવાયેલા સેમ્પલોની ચકાસણી કરવામાં આવી હતી, જેમાં કોટ સફીલ રોડ પર આવેલા 'નંદકિશોર એસ. માવાવાલા' અને ખટોદરા વિસ્તારમાં સ્થિત 'જય માં વૈષ્ણવી સ્વીટ' નામના વેપારીઓ પાસેથી લેવાયેલા માવાના નમૂનાઓ ધારાધોરણો મુજબ ફેલ થયા છે.

## રાજપીપળામાં ભવ્ય કાર્યક્રમ યોજાયો

# બિરસા મુંડા યુનિવર્સિટીમાં ખેલો ઈન્ડિયા સંવાદ





(એજન્સી) રાજપીપળા । તા. 27

નર્મદા જિલ્લાના રાજપીપળા ખાતે આવેલી જાણીતી બિરસા મુંડા ટ્રાઈબલ યુનિવર્સિટીમાં ગુરુવારના રોજ 'MY ભારત નર્મદા ખેલો ઈન્ડિયા સંવાદ' કાર્યક્રમનું અત્યંત ભવ્ય અને ઉત્સાહભેર આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં આદિવાસી વિસ્તારોના યુવાનો અને વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર, આ ગરિમાપૂર્ણ પ્રસંગે છોટાઉદેપુરના માનનીય સાંસદ શ્રી જશુભાઈ રાઠવાએ વિશેષ ઉપસ્થિત રહીને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના રમતગમત અને યુવા સશક્તિકરણ અંગેના દૂરંદેશી વિઝનની ખુલ્લા મનથી પ્રશંસા કરી હતી. તેમણે પોતાના ઉદબોધનમાં જણાવ્યું હતું કે 'ખેલો ઈન્ડિયા' અને 'MY ભારત' જેવા દીર્ઘદ્રષ્ટા માધ્યમો દ્વારા આજરોજ ગ્રામીણ તેમજ દૂરસંચારના આદિવાસી વિસ્તારોમાં છુપાયેલી પ્રતિભાઓને વૈશ્વિક કક્ષાનું મંચ મળી રહ્યું છે. તેમણે દ્રઢ વિશ્વાસ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે વડાપ્રધાનના આ વિઝનને અનુસરીને આદિવાસી યુવાનો આગામી સમયમાં વર્ષ બે હજાર છત્રીસના ઓલિમ્પિક્સમાં દેશનું નામ રોશન કરશે.

કાર્યક્રમ દરમિયાન નાંદોદ વિસ્તારના માનનીય ધારાસભ્ય ડૉ. દર્શનાબેન દેશમુખે ઉપસ્થિત યુવા વર્ગને સંબોધિત કરતા વર્ષ બે હજાર ચાલીસ સુધીમાં 'વિકસિત ભારત' ના નિર્માણના ભવ્ય સંકલ્પ અને સ્વપ્ન વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી. તેમણે દેશના સર્વાંગી વિકાસમાં યુવાશક્તિની ઉર્જા અને રમતગમતના સક્રિય યોગદાન પર વિશેષ ભાર મૂક્યો હતો.

મીડિયા અહેવાલ મુજબ, આ ભવ્ય સંવાદ કાર્યક્રમમાં યુનિવર્સિટીના ચાન્સલર શ્રી મધુકર રાય પાડવી, કબડ્ડી ગોલ્ડ મેડાલિસ્ટ શ્રી રવિ કુમાર તેમજ MY ભારત યુવા ડેપ્યુટી ડિરેક્ટર શ્રી પંકજ યાદવ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત યુનિવર્સિટીના આદરણીય અધ્યાપકો, MY ભારત અને એનએસએસ (NSS) ના ઉત્સાહી વિદ્યાર્થીઓ પણ મોટી સંખ્યામાં હાજર રહીને આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ આયોજનથી સ્થાનિક યુવાનોમાં રમતગમત પ્રત્યેનો ઉત્સાહ અને રાષ્ટ્રનિર્માણની ભાવના વધુ પ્રબળ બની છે.

## માર્ગ પર ઊભા કરાયા પંડાલો, ટ્રાફિક સમસ્યાથી નાગરિકો ત્રસ્ત

# વડોદરામાં મહાદેવ ચોક ખાતે પંડાલ મુદ્દે કોર્પોરેશનની લાલ આંખ

(એજન્સી) વડોદરા । તા. 27

સ્માર્ટ સિટી તરીકે ઓળખાતા વડોદરા શહેરમાં ટ્રાફિક વ્યવસ્થાની સ્થિતિ દિવસેને દિવસે વધુ ચિંતાજનક બની રહી છે, અને તેમાં પણ આગામી ગણેશોત્સવના પાવન અવસર પૂર્વે શહેરના વિવિધ વિસ્તારોમાં આડેધડ બાંધવામાં આવેલા તોતિંગ પંડાલોએ નાગરિકોની મુશ્કેલીઓમાં ભારે વધારો કર્યો છે. ખાસ કરીને મહાદેવ ચોક સહિતના વિસ્તારોમાં જાહેર માર્ગો પર જ પંડાલ ઊભા કરી દેવામાં આવતા ટ્રાફિક જામની ગંભીર સમસ્યા સર્જાઈ છે, જેને પગલે તંત્ર દ્વારા હવે આ પંડાલોને દૂર કરવાની કડક સૂચનાઓ જારી કરવામાં આવી છે.



શહેરમાં પિક અવર્સ દરમિયાન રાવપુરા, અટલ બ્રિજ, ચાર દરવાજા અને ગોત્રી જેવા મુખ્ય માર્ગો પર વાહનોની લાંબી કતારો જોવા મળે છે. બ્રિજની ડિઝાઈનમાં રહેલી ખામીઓ અને આડેધડ પાર્કિંગના કારણે રસ્તાઓની પહોળાઈ મર્યાદિત થઈ ગઈ છે. તેમાં પણ સોસાયટીઓ અને મુખ્ય માર્ગો પર ગણેશ મંડળો દ્વારા ઊભા કરવામાં આવેલા તોતિંગ પતરાના શેડવાળા પંડાલોના કારણે પૂરેપૂરો રસ્તો બ્લોક થઈ જાય છે અથવા તો માંડ એક વાહન પસાર થઈ શકે તેવી સ્થિતિ સર્જાય છે.

સ્થાનિક રહીશો દ્વારા અનેકવાર રજૂઆતો કરવા છતાં રાજકીય વગ ધરાવતા કેટલાક આયોજકો દ્વારા નિયમોને નેવે મૂકીને ગેરકાયદેસર રીતે રસ્તા રોકીને પંડાલ બાંધવામાં આવ્યા હોવાની ફરિયાદો ઉઠી છે.

હરણી વિસ્તાર સહિતના માર્ગો પર સ્થાનિક રાજકીય આગેવાનોના આશીર્વાદથી રસ્તાના મોટા ભાગના હિસ્સા પર કબજો જમાવીને પંડાલો બનાવવામાં આવ્યા હોવાના અહેવાલો સામે આવ્યા છે. વૃક્ષોનું છેદન કરીને પણ પંડાલ ઊભા કરવામાં આવ્યા હોવાની વિગતો મળતા નાગરિકોમાં રોષ ભભૂકી ઉઠ્યો છે. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને મહાનગરપાલિકા અને પોલીસ તંત્ર દ્વારા સંયુક્ત રીતે માર્ગ પર બાંધવામાં આવેલા આ પંડાલોને તાત્કાલિક ધોરણે હટાવી લેવાની કડક ચેતવણી આપવામાં આવી છે.

પાલિકાના આ કડક રૂખના કારણે ગણેશ મંડળોમાં પણ દોડધામ મચી ગઈ છે. તંત્ર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે જો આયોજકો દ્વારા જાતે જ રસ્તા ખુલ્લા નહીં કરવામાં આવે, તો મંડળ સામે કાયદેસરની દંડાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આગામી દિવસોમાં ટ્રાફિકનું નિયમન જળવાઈ રહે અને ઉત્સવ પણ શાંતિપૂર્ણ માહોલમાં ઉજવાય તે માટે પોલીસ બંદોબસ્ત પણ સઘન બનાવવામાં આવ્યો છે.

### નવ જેટલા લોકોને પરત મળ્યા દાગીના

## રાજકોટમાં વ્યાજખોરોના ચુંગલમાંથી એક કરોડ રૂપિયાનો મુદ્દામાલ મુક્ત

(એજન્સી) રાજકોટ । તા. 27

રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં સામાન્ય નાગરિકોને ઊંચા વ્યાજના ચક્કરમાં ફસાવીને તેમની પાસેથી ગેરકાયદેસર રીતે લાખો રૂપિયા પડાવી લેનારા બેફામ બનેલા વ્યાજખોરો સામે જિલ્લા પોલીસે અત્યંત કડક અને લાલ આંખ કરતી કાર્યવાહી હાથ ધરી છે. ગોંડલના વાસાવડ ગામે સક્રિય રહેલા બે રીઢા વ્યાજખોર ભાઈઓ દ્વારા અગાઉ અસંખ્ય ભોગ બનનારાઓ પાસેથી ધાકધમકી આપીને પડાવી લેવામાં આવેલો રૂપિયા એક કરોડથી વધુ કિંમતનો વિપુલ પ્રમાણમાં મુદ્દામાલ આખરે પોલીસ વડાની સઘન મહેનતથી પીડિતોને સન્માનપૂર્વક પરત અપાવવામાં આવ્યો છે. આ સરાહનીય પગલાથી અર્થવ્યવસ્થાને નબળી પાડતા વ્યાજખોરીના દુષણને મોટો ફટકો પડ્યો છે અને સામાન્ય નાગરિકોએ હાશકારો અનુભવ્યો છે.

સમગ્ર ઘટનાની વિગતવાર વાત કરીએ તો, ગોંડલના મોવિયા ગામે રહેતા એક શ્રમજીવી લલીત ઉર્ફે નિલેશ ટારીયાએ આરોપીઓ પાસેથી જરૂરિયાતના સમયે ચાલીસ હજારથી વધુની રકમ ત્રણ ટકા જેટલા ઊંચા વ્યાજે લીધી હતી. જેની સામે તેમણે નિયમિત રૂપે વીસ હજારથી વધુ રકમ વ્યાજ પેટે ભરી પણ દીધી હતી. પરંતુ, આર્થિક ભીંસ વધવાના કારણે બાકીની રકમ સમયસર ચૂકવી ન શકતા આ વ્યાજખોરોએ તેમને જાહેરમાં ધમકીઓ આપી માનસિક ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું.

આ ત્રાસથી કંટાળીને પીડિતે સુલતાનપુર પોલીસ મથકમાં સત્તાવાર ફરિયાદ નોંધાવી હતી, જેના આધારે ત્વરિત કાર્યવાહી કરીને પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરી લીધી હતી અને પીડિતના ચાંદીના દાગીના કબ્જે કર્યા હતા. પ્રાથમિક તપાસનો વ્યાપ વધારતા પોલીસને ચોંકાવનારી માહિતી મળી હતી કે આ બંને ભાઈઓ સોહિલ અને ઈરફાન દ્વારા માત્ર એક જ વ્યક્તિ નહીં, પરંતુ અન્ય નેવું જેટલા અસહાય ભોગ બનનારાઓ પાસેથી પણ મિલકતો અને દાગીના બળજબરીથી પડાવી લેવામાં આવ્યા છે.

### તારીખ કરતાં સંબંધોને અપાય છે પ્રાથમિકતા

## સુરતમાં પરિવારનું મિલન જ સાચું મુહૂર્ત માની ઉજવાય છે બળેવ

(એજન્સી) સુરત । તા. 27

સુરત સહિત સમગ્ર રાજ્યમાં રક્ષાબંધનના પર્વની ભારે ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી રહી છે, પરંતુ હીરાનગરી સુરતમાં બળેવ માત્ર એક દિવસ પૂરતો સીમિત રહેતો નથી. અહીં તારીખ અને ચોઘડિયાના મુહૂર્ત કરતાં પરિવારના તમામ સભ્યો એકસાથે ભેગા મળીને સ્નેહ અને લાગણી સાથે ઉત્સવ માણી શકે તેને જ 'સાચું મુહૂર્ત' ગણવામાં આવે છે, અને આ જ કારણ છે કે સુરતીઓએ આ પર્વને પોતાના આગવા અંદાજમાં તારીખ સાથે 'એડજસ્ટ' કરી લીધો છે. ચોક્કસ તિથિએ જ રાખડી બાંધવાની રૂઢિચુસ્ત પરંપરાને બાજુ પર મૂકીને, સુરતના પરિવારો પોતાની અનુકૂળતા મુજબ બળેવના આગળ-પાછળના દિવસોમાં આ પવિત્ર તહેવાર ઉજવી રહ્યા છે. પરિણામે સુરતમાં એક દિવસ નહીં, પરંતુ લગભગ પાંચથી સાત દિવસ સુધી ભાઈ-બહેનના અતૂટ પ્રેમ અને પરિવારના મિલનનો અદભુત માહોલ જોવા મળી રહ્યો છે.

આધુનિક સમયમાં અભ્યાસ, નોકરી અને વ્યવસાયિક વ્યસ્તતાના કારણે પરિવારના તમામ સભ્યો માટે એક નિશ્ચિત દિવસે હાજર રહેવું હંમેશાં શક્ય બનતું નથી. આ વ્યવહારિક બાબતને સમજીને સુરતીઓએ તહેવારની ઉજવણીમાં અદ્ભુત લવચીકતા દાખવી છે. કોઈ પરિવારમાં વિદ્યાર્થીની પરીક્ષાને ધ્યાનમાં રાખીને વહેલી ઉજવણી થાય છે, તો ક્યાંક દૂર રહેતા સંબંધીઓના આગમનને ધ્યાનમાં રાખી દિવસ નક્કી કરાય છે. સ્થાનિક નાગરિક કેયુર ચપટવાલાના જણાવ્યા અનુસાર, તેમના પરિવારમાં રક્ષાબંધન અગાઉના રવિવારે જ ઉજવી લેવામાં આવી હતી. આગામી સમયમાં પરીક્ષા હોવાથી પરિવારના યુવાન સભ્યના અભ્યાસમાં કોઈ ખલેલ ન પડે તે માટે આ સમજદારી દાખવવામાં આવી હતી, જેથી તહેવારની ખુશી પણ જળવાઈ રહે અને જવાબદારીમાં પણ બાધ ન આવે. સુરતમાં આવા અસંખ્ય કિસ્સાઓ જોવા મળે છે જ્યાં ભાઈ-બહેન કે પરિવારના અન્ય સભ્યો પોતાની સમય મર્યાદા મુજબ દિવસો નક્કી કરે છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

તમારા સ્વાસ્થ્ય માટે લાંબી વૉક પર જાવ. આજ ના દિવસે તમારે દારૂ જેવી માદક વસ્તુ નું સેવન ના કરવું જોઈએ કેમકે નશા ની સ્થિતિ માં તમારી કોઈ મોંઘી વસ્તુ ખોવાઈ શકે છે. અન્યોના કામમાં તમારી દખલઅંદાજી આજે ટાળવી જોઈએ. પ્રેમ હંમેશાં ઊંડી ભાવનાઓ ધરાવતું હોય છે અને આજે તમને એનો અનુભવ થશે.

**વૃષભ : બ. વ. ઉ.**

આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. જે લોકોએ ભૂતકાળ માં પોતાનું ધન નિવેશ કર્યું હતું તે લોકો ને તે ધન થી લાભ થવાની શક્યતા છે. સામાજિક કાર્યક્રમોમાં હાજર રહેવાની તકો મળવાની શક્યતા છે-જે તમને વગદાર લોકોના નિકટ સંપર્કમાં લાવી શકે છે.

**મિથુન : ક. છ. ઘ.**

તમારે ટીકાનો સામનો કરવો પડે એવી શક્યતા છે. તમારી રમૂજવૃત્તિને ઊંચી તથા તમારા બચાવને નીચો રાખશો તો તમે કટુ ટિપ્પણીઓથી બચવા માટે સારી સ્થિતિમાં રહેશો. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે.

**કર્ક : ડ. હ.**

આજે સ્વાસ્થ્ય બરાબર રહેશે. આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશે સંબંધીઓ તથા મિત્રો તરફથી અણધારી ભેટ અને સોગાદો. પ્રેમાળ સંદેશ સાથે એજનો દિવસ મોજમજા અને આનંદથી ભરેલો છે.

**સિંહ : મ. ટ.**

તમારા સ્વાસ્થ્યને લગતી સમસ્યાને કારણે તમે મહત્વનના કામ માટે નહીં જઈ શકો તેને કારણે તમે પાછળ રહી જાવ એવી શક્યતા છે. તમારી જાતને આગળ લઈ જવા માટે તાર્કિક આધાર લો. રિયલ એસ્ટેટ અને આર્થિક વ્યવહારો માટે સારો દિવસ.

**કન્યા : પ. ઠ. ણ.**

સ્વાસ્થ્યને લગતી સમસ્યાઓ બેચેની લાવી શકે છે. જો આજે તમે પોતાના મિત્રો સાથે ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો પૈસા સોચી વિચારી ને ખર્ચ કરો નહીંતર ધન હાનિ થયી શકે છે. તમે ભાગ્યે જ મળતા હો એવા લોકો સાથે સંપર્ક સાધવા માટે સારો દિવસ. પ્રેમ જીવનમાં સારો વળાંક આવશે.

**તુલા : ર. ત.**

તમારી લાગણીઓ પર અંકુશ રાખજો ખાસ કરીને ગુસ્સો. ખર્ચ વધશે પણ આવકમાં થતો વધારો તમારા ખર્ચને પહોંચી વળશે. બાળકો સાથે સમય વિતાવવો મહત્વપૂર્ણ છે. આજે તમે પ્રેમના મૂડમા હશો-અને તમને એ માટે અસંખ્ય તકો પણ મળશે.

**વૃશ્ચિક : ન. ય.**

વિજયની ઉજવણી તમને અત્યંત આનંદ આપશે. તમારી ખુશીનો આનંદ લેવા માટે તમે આ ખુશી તમારા મિત્રો સાથે વહેંચી શકો છો. કોઈ નજીકી સંબંધી ની મદદ થી આજે તમે પોતાના વેપાર માં સારું કરી શકો છો જેથી તમને અર્થી લાભ મળશે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે, જે તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે.

**મકર : ખ. જ.**

તમારૂં અવિચારી વર્તન તમારા મિત્ર માટે કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય. સંબંધીઓ-મિત્રો એક સુંદર સાંજ માટે તમને મળવા આવશે.

**કુંભ : ગ. સ. શ. ષ.**

આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો દિવસ. વેપારીઓ ને આજ પોતાના વેપાર માં ખોટ આવી શકે છે અને પોતાના વેપાર ને સારો બનાવવા માટે તમારે તમારા પૈસા ખર્ચ કરવા પડી શકે છે. જો સંવાદ અને ચર્ચાથી કામ નહીં થાય-એનાથી તમને ગુસ્સો આવશે.

**મીન : દ. ચ. ઝ. થ.**

તમારી ઈચ્છાઓ પૂરી કરવા માટે અંગત સંબંધોનો દુરૂપયોગ તમારી પત્નીને ગુસ્સો અપાવશે. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે અને તમે કોઈ મોટી મુશ્કેલી માં થી બહાર આવી શકો છો.

## વૃક્ષે ધારણ કર્યું પંખીનું રૂપ!

### કુદરતની અનોખી કળા બની દર્શનાર્થીઓ માટે આકર્ષણનું કેન્દ્ર



જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

જયનગર-મહાવીનગર સ્થિત મંગળ મૂર્તિ હનુમાનજી મંદિર પાસેના એક વૃક્ષની ટોચે કુદરતી રીતે પંખી જેવો આકાર રચાતાં આ અનોખું દૃશ્ય લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. વૃક્ષની ડાળીઓ અને પાંદડાઓની રચના એવી મનમોહક બની છે કે દૂરથી જોતાં જાણે પંખી પાંખો ફેલાવીને આકાશમાં ઉડવા તૈયાર હોય તેવું લાગી આવે છે.મંદિરે દર્શનાર્થે આવતા લોકોની નજર આ વૃક્ષ પર પડતાં તેઓ થોડી ક્ષણો માટે થંભી જઈ કુદરતની આ અદભૂત રચનાને નિહાળે છે. અનેક લોકો આ મનોહર દૃશ્યને પોતાના મોબાઈલ કેમેરામાં પણ કેદ કરી રહ્યા છે.વૃક્ષની આ રચના જોઈને જાણે કુદરત પોતે જ કહી રહી હોય તેમ લાગે છે–

"પેલાં પેલાં પંખીને જોઈ મને થાય,
એના જેવી જો પાંખ મળી જાય;
પાંખ મળી જાય તો આભલે ઉડ્યા કરું,
બસ ઉડ્યા કરું..."

આ અનોખી કુદરતી રચના અંગે લેખક શ્રી જગદીશચંદ્ર છાયાએ જણાવ્યું હતું કે, "કુદરત કોઈ કલાકારની તુલિકા વિના પણ કેટલી સુંદર કલાકૃતિ સર્જી શકે છે તેનું આ વૃક્ષ જીવંત ઉદાહરણ છે. વૃક્ષની ટોચે પંખી જેવો આકાર ખરેખર મનને મોહી લે તેવો છે."કુદરતની આ અદભૂત રચનાએ મંદિર પરિસરના વાતાવરણમાં એક અલગ જ સૌંદર્ય ઉમેર્યું છે અને 'વૃક્ષને પંખી બનવાની હોંશ' જાણે સાકાર થઈ હોય તેવો અહેસાસ કરાવ્યો છે.

### 17 વર્ષથી નિસ્વાર્થ ગૌસેવા કરતી ગૌવંશમ ગ્રુપની સરાહનીય કામગીરી

# અજાણ્યા વાહનની ટક્કરે ખાડામાં પટકાયેલી ગૌમાતા, બે કલાકની જહેમતે મળ્યું જીવનદાન

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

નાના અંગિયા ફાટક પાસે અજાણ્યા વાહનની ટક્કરથી ગંભીર રીતે ઘાયલ થયેલી ગૌમાતા રસ્તાની બાજુમાં આવેલા ઊંડા ખાડામાં પટકાઈ જતાં ગૌવંશમ ગ્રુપ નખત્રાણા ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી માનવતાભર્યું રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું. ગૌમાતા ઊંડા ખાડામાં ફસાઈ હોવાની જાણ થતાં જ ટીમના સભ્યો ઘટનાસ્થળે દોડી ગયા હતા. ગૌમાતાને ખાડામાંથી બહાર કાઢવા માટે આશરે બે કલાક સુધી અથાગ મહેનત અને જહેમત ઉઠાવવામાં આવી હતી. અંતે ગૌમાતાને સલામત રીતે બહાર કાઢી તાત્કાલિક પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી.ગૌમાતા ગંભીર રીતે ઘાયલ હોવાથી વધુ સારવાર માટે તેને શ્રી શુંપારેશ્વર જૈન યુવક મંડળ પશુ હોસ્પિટલ, ભુજ ખાતે મોકલવામાં આવી હતી.ઉલ્લેખનીય છે કે ગૌવંશમ ગ્રુપ નખત્રાણા છેલ્લા 17 વર્ષથી નખત્રાણા તેમજ



આજુબાજુના વિસ્તારોમાં નિસ્વાર્થ ભાવે ગૌસેવાની કામગીરી કરી રહ્યું છે. અકસ્માતમાં ઘાયલ ગૌવંશને તાત્કાલિક સારવાર અપાવવી, મુશ્કેલીમાં ફસાયેલા ગૌવંશનું રેસ્ક્યુ કરવું સહિતની સેવાકીય પ્રવૃત્તિઓમાં ગ્રુપ સતત કાર્યરત રહે છે.આ ગૌસેવાના ભગીરથ કાર્યમાં જે.આર. ગોસ્વામી, ધ્રુવભાઈ પટેલ,



સંજયભાઈ રબારી, જયદીપસિંહ જાડેજા, હમીરભાઈ રબારી, નથુભાઈ રબારી સહિત ગૌવંશમ ગ્રુપ નખત્રાણાની ટીમ તથા ગૌપ્રેમીઓ અને ગૌસેવકોએ જોડાઈને ગૌમાતાને બચાવવા સરાહનીય કામગીરી કરી હતી.આ અંગે જે.આર. ગોસ્વામીએ યાદીમાં જણાવ્યું હતું.

## ગૌમાતાની પીડા જોઈ દોડી આવી ગૌરક્ષક ટીમ, તાત્કાલિક સારવારથી બચાવ્યું જીવન

**નખત્રાણામાં બિનવારસુ ગૌમાતાની સારવાર માટે હિન્દુ યુવા સંગઠન ગૌરક્ષક દળની સરાહનીય સેવા**

| જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા ખાતે બિનવારસુ ગૌમાતા ઈજાગ્રસ્ત હાલતમાં હોવાની જાણ હિન્દુ યુવા સંગઠન ગૌરક્ષક દળ નખત્રાણા ટીમને થતાં જ ટીમના સભ્યો તાત્કાલિક સ્થળ પર દોડી ગયા હતા. ગૌમાતાની સ્થિતિને ધ્યાનમાં લઈને તાત્કાલિક સારવારની વ્યવસ્થા કરવામાં આવી હતી. ગૌમાતાની સેવા માટે અનેક સેવા-પ્રેમી ભાઈઓ પણ જોડાયા હતા અને સારવાર તેમજ સંભાળની કામગીરીમાં સહયોગ આપ્યો હતો. ગૌમાતા પ્રત્યેની લાગણી અને સેવાના ભાવ સાથે ટીમ દ્વારા કરવામાં આવેલી આ કામગીરીની સ્થાનિક સ્તરે પ્રશંસા થઈ રહી છે.આ અંગે મમુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, ગૌમાતા બિનવારસુ હોય કે કોઈની માલિકીની, તેની સેવા અને રક્ષા કરવી એ આપણી નૈતિક જવાબદારી છે. ગૌમાતાની પીડાની જાણ થતાં જ ટીમ દ્વારા સમય ગુમાવ્યા વિના સારવાર કરાવવામાં આવી હતી. ગૌમાતાની સેવા માટે હિન્દુ યુવા સંગઠન ગૌરક્ષક દળના કાર્યકરોની આ માનવતાભરી કામગીરી 'સેવા પરમો ધર્મ' ની ભાવનાને સાર્થક કરતી બની હતી.

## બેકાબૂ બસ ફૂટપાથ પર ચડી જતાં રામધરી ગામના માતા-પુત્રીનું કચડાવાથી કરૂણ મોત

ભાવનગર : સિહોર તાલુકાના રામધરી ગામે રહેતો પરિવાર રંઘોળાથી ખાસ વાસણની ખરીદી કરવા માટે ભાવનગર આવ્યો હતો. ખરીદી અર્થે આવેલા પરિવાર એસટી બસ સ્ટેન્ડની સામે ભરૂચા ક્લબની દીવાલની ફૂટપાથ ઉપર ઊભો હતો.તેવામાં કાળ બનીને આવી રહેલી એસટી બસે પરિવાર ને અડફેટે લઈ દિવાલ તોડી પાડી હતી.આ અકસ્માતમાં માતા - પુત્રીના સ્થળ પર જ મોત નીપજ્યા હતા.ભાવનગર એસટી બસ સ્ટેન્ડ બહાર આજે એક અત્યંત હૃદયદ્રાવક અને ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. સિહોર તાલુકાના રામધરી ગામે રહેતો પરિવાર રંઘોળાથી ખાસ વાસણની ખરીદી કરવા માટે ભાવનગર આવ્યો હતો. ખરીદી અર્થે આવેલા આ પરિવાર માટે આ પ્રવાસ આખરી સાબિત થયો હતો.ઘટનાની મળતી માહિતી મુજબ, પરિવાર એસટી બસ સ્ટેન્ડની સામે ભરૂચા ક્લબની દીવાલ પાસે ઊભો હતો. તેવામાં એસટી બસ પોતાના નિયત રૂટ પર જવા માટે બહાર નીકળી હતી. દરમિયાન અચાનક ડ્રાઈવરે બસ પરથી કાબૂ ગુમાવતાં, બેકાબૂ બનેલી બસ સીધી ફૂટપાથ પર ધસી આવી હતી અને ઊભેલા પરિવારને અડફેટે લઈ ક્લબની દીવાલ સાથે તોડી પાડી હતી.આ દુર્ઘટના એટલી ભયાનક હતી કે રામધરી ગામના ૨૮ વર્ષીય લલિતાબેન પરમાર અને તેમની ૭ વર્ષની માસૂમ પુત્રી સોનિયાબેન પરમારનું ઘટનાસ્થળે જ બસ નીચે કચડાઈ જવાથી કરૂણ મોત નીપજ્યું હતું.

## બાવળની કાંટમાંથી રૂા.૩૮ હજારનો વિદેશી દારૂ મળ્યો, બુટલેગર ફરાર

ભાવનગર : ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચે પ્રોહિબિશન પ્રવૃત્તિઓ સામે લાલ આંખ કરીને તળાજા ટાઉન વિસ્તારમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડયો છે.એલસીબીની ટીમ તળાજામાં પેટ્રોલીંગમાં હતી. તે દરમિયાન બાતમી મળી હતી કે દકાના ગામનો પુના મનાભાઈ મકવાણા ગેલ અંબે માતાજીના મંદિર પાછળ બાવળની કાંટમાં પ્લાસ્ટિકના કોથળામાં રાજસ્થાન નિમત દારૂ સંતાડીને વેચાણ કરે છે.બાતમી આધારે રેઈડ પાડી પોલીસે ઘટનાસ્થળેથી ગ્લોબલ સ્પીરીટ વ્હિસ્કી ૨૭૪ બોટલ (કિંમત રૂ.૨૪,૬૬૦),રોયલ ચેલેન્જ વ્હિસ્કી ૭૧ બોટલ (કિંમત રૂ.૧૨,૭૮૦), મેજિક મોમેન્ટ્સ,૩ બોટલ (કિંમત રૂ.૫૭૦) આમ કુલ રૂ.૩૮,૦૧૦ ની કિંમતની ૩૪૮ બોટલો કબ્જે કરવામાં આવી છે. પુના મકવાણા હાલ પોલીસ પકડથી દૂર હોઈ, તળાજા ટાઉન પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશનનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરાઈ છે. ભાવનગર LCBએ તળાજાના દકાના ગામ નજીક દરોડો પાડી રાજસ્થાન નિર્મિત વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. ગેલ અંબે માતાજીના મંદિર પાછળ બાવળની કાંટમાંથી પ્લાસ્ટિકના કોથળામાં છુપાવેલી કુલ 348 બોટલો, જેની કિંમત 38,010 રૂપિયા છે.

### રિ-પોસ્ટમોર્ટમ માટે અમદાવાદ મોકલાશે

## વાવ-થરાદ: મોરીખામાં દલિત યુવકના શંકાસ્પદ મોતનો કેસ: 84 દિવસ બાદ મૃતદેહ બહાર કઢાયો



વાવ-થરાદ : વાવ-થરાદના મોરીખા ગામે દલિત યુવક લખમીરામ પરમારના શંકાસ્પદ મોત કેસમાં નવો વળાંક આવ્યો છે. 84 દિવસ બાદ મૃતદેહને દફનાવેલા સ્થળેથી બહાર કાઢી રિ-પોસ્ટમોર્ટમ અને ફોરેન્સિક તપાસ કરાઈ. દલિત સમાજની ન્યાયની માંગ બાદ સિદ્ધપુરના DYSP કે.કે. પંડ્યાને તપાસ સોંપાઈ હતી. અમદાવાદની બી.જે. મેડિકલ કોલેજમાં વધુ પરીક્ષણ થશે. પોલીસે વીડિયો રેકોર્ડિંગ અટકાવતા વિવાદ થયો.વાવ-થરાદ: મોરીખામાં દલિત યુવકના શંકાસ્પદ મોતનો કેસ: 84 દિવસ બાદ મૃતદેહ બહાર કઢાયો, રિ-પોસ્ટમોર્ટમ માટે અમદાવાદ મોકલાશે. વાવ-થરાદ જિલ્લાના મોરીખા ગામે તળાવમાંથી મળી આવેલા દલિત યુવક લખમીરામ પરમારના શંકાસ્પદ મોતના મામલામાં મોટો વળાંક આવ્યો છે. આ કેસમાં સત્ય સામે લાવવા અને નિષ્પક્ષ તપાસના હેતુથી ઘટનાના 84 દિવસ બાદ મૃતદેહને દફનાવેલા સ્થળમાંથી બહાર કાઢીને રિ-પોસ્ટમોર્ટમ તથા ફોરેન્સિક તપાસની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.મળતી માહિતી અનુસાર, લખમીરામ પરમારના શંકાસ્પદ મોત બાદ ન્યાયની માગ સાથે પીડિત પરિવાર અને દલિત સમાજ દ્વારા વાવ ખાતે શાંતિપૂર્ણ ધરણાં પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ કેસની ગંભીરતાને ધ્યાને રાખીને રેન્જ આઈજીના આદેશથી અગાઉના તપાસ અધિકારી એસ. એમ. વારોતરિયા સામે તપાસમાં ભીનું સંકેલવાના આક્ષેપો બાદ તપાસ બદલીને સિદ્ધપુરના ડીવાયએસપી કે. કે. પંડ્યાને સોંપવામાં આવી હતી. નવા તપાસનીશ અધિકારીએ તટસ્થ તપાસની ખાતરી આપતાં પીડિત પરિવારે પોતાનું આંદોલન મોકૂફ રાખ્યું હતું. આશ્વાસન બાદ તપાસના ભાગરૂપે પોલીસ અને વહીવટી તંત્રની ટીમ મોરીખા ગામની સ્મશાનભૂમિ ખાતે પહોંચી હતી અને દફનાવવામાં આવેલા યુવકના મૃતદેહને પુનઃ તપાસ (Exhumation/Re-postmortem) માટે બહાર કાઢવાની પ્રક્રિયા શરૂ કરી હતી. આ મૃતદેહને વધુ વિગતવાર પરીક્ષણ માટે અમદાવાદની બી. જે. મેડિકલ કોલેજ ખાતે મોકલવામાં આવશે. કામગીરી દરમિયાન સ્થળ પર પોલીસ અધિકારીઓના વલણને લઈને નવો વિવાદ સર્જાયો હતો.

### ટીમને 15 વર્ષની નિઃસ્વાર્થ જીવદયા સેવા બદલ આ સન્માન એનાયત કરાયું

## બહાદરપુરના જવાહર નવોદય વિદ્યાલય ખાતે યોજાયેલા વન મહોત્સવ દરમિયાન સચિન પંડિત એનિમલ રેસ્ક્યુ ટીમને સન્માનિત કરવામાં આવી

| કમલેશ પટેલ | સંખેડા

આ સન્માન સમારોહમાં છોટાઉદેપુર કલેક્ટર શ્રીમતી ગાર્ગી જૈન, સાંસદ, ધારાસભ્ય, ACF, RFO, વન વિભાગના અધિકારીઓ અને સરપંચશ્રી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ટીમને પ્રશંસાપત્ર એનાયત કરીને તેમની સેવાઓને બિરદાવવામાં આવી હતી.સચિન પંડિત, સંજયભાઈ, લાલાભાઈ અને સુનિલભાઈ પટેલ સહિતની આ ટીમ દિવસ-રાત, ઉનાળો કે ચોમાસું જોયા વિના કાર્યરત રહે છે. તેઓ વન વિભાગના સહયોગથી સાપ, અજગર, મગર, દીપડો, ઝરખ, મોર, વાંદરા અને ચામાચીડિયા સહિત સેંકડો જીવોનું સફળતાપૂર્વક રેસ્ક્યુ કરી ચૂક્યા છે. કોરોના મહામારીના સમયગાળા દરમિયાન પણ તેમની સેવાઓ અવિરત ચાલુ રહી હતી.ટીમના સભ્યોએ જણાવ્યું હતું કે, વન્યજીવો




માનવ વસાહતોમાં પ્રવેશ કરે તે પાછળ જંગલોનો ઘટાડો અને ફૂડ ચેઈનનું ખોરવાઈ જવું મુખ્ય કારણભૂત છે. આ સમસ્યાના ઉકેલ માટે વધુ વૃક્ષારોપણ કરવું અનિવાર્ય છે.ટીમે સરકાર સમક્ષ એવી અપેક્ષા વ્યક્ત કરી હતી કે, તેમને રેસ્ક્યુ ઓપરેશન માટે જરૂરી સલામતીના સાધનો અને યોગ્ય તાલીમ પૂરી પાડવામાં આવે, જેથી તેઓ વધુ સુરક્ષિત રીતે સેવા આપી શકે.




## ભાવનગરમાં કોમી એકતા સાથે ઈદ-એ-મિલાદનું જુલૂસ નીકળ્યું

ભાવનગર : ભાવનગર, સિહોર અને ગઢડા પંથકમાં ઈદ-એ-મિલાદની કોમી એકતા અને ભાઈચારા સાથે ઉજવણી કરવામાં આવી હતી. ઈદ-એ-મિલાદના જુલૂસમાં હજારોની સંખ્યામાં લોકો જોડાયા હતા.ઈસ્લામ ધર્મના મહાન પયગંબર સાહેબની ૧૫૦૧ની વિલાદત (જન્મ જયંતી) નિમિત્તે ભાવનગરના ચાવડીગેટમાં આવેલ હજરતપીર મહમદશાહ બાપુની વાડીમાંથી જુલૂસનો પ્રારંભ થયો હતો. દરગાહ શરીફમાં ચાદર ચડાવી સામૂહિક દુઆ કરાયા બાદ ડે.મેયર અને સિટી ડિવાયએસપીએ લીલીઝંડી દેખાડી પ્રસ્થાન કરાવ્યા બાદ શહેરના રાજમાર્ગો પર જુલૂસ ફર્યું હતું. કસ્બા અંજુમને ઈસ્લામ દ્વારા આયોજીત આ જુલૂસમાં ખાદીમ, પેશ ઈમામસાહેબ, આમીલ-મૌલાના સાહેબો, મદ્રેસાના બાળકી સહિત આશરે ૫૦ હજારથી વધુ લોકો જોડાયા હતા.

## ભૈયા મેરે રાખી કે બંધન કો નિભાના....

મહેશ એલ.સોની નખત્રાણા

રક્ષાબંધન એટલે માત્ર એક તહેવાર નહીં, પરંતુ બે હૃદયને જોડતો પવિત્ર સેતુ છે. આજની આ તસવીર એ ભાઈ-બહેનના પવિત્ર સંબંધનું જીવંત ઉદાહરણ છે.

તસવીરમાં ભાઈના કાંડા પર 'માં' શબ્દનું ટેટૂ સ્પષ્ટપણે દેખાઈ રહ્યું છે, જે તેના કઠોર દેખાવ પાછળ છુપાયેલી કોમળ લાગણી અને માતા પ્રત્યેની અપાર શ્રદ્ધાને દર્શાવે છે. આ ટેટૂ જાણે કહે છે કે જે વ્યક્તિ માને પ્રેમ કરે છે, તે બહેનની રક્ષા પણ એટલી જ નિષ્ઠાથી કરશે.બીજી તરફ, બહેનના હાથમાં રહેલો રક્ષાનો દોરો અને તેની આંખોમાં છલકાતો પ્રેમ અવર્ણનીય છે. તેના સ્પર્શમાં મમતા છે, તેની નજરમાં વિશ્વાસ છે અને તેના હૃદયમાં ભાઈની લાંબી ઉંમર માટેની અખંડ પ્રાર્થના છે.

આ દ્રશ્ય આપણને શીખવે છે કે સાચી રક્ષા શસ્ત્રોથી નથી થતી, સાચી રક્ષા પ્રેમ, વિશ્વાસ અને પ્રાર્થનાથી થાય છે. રાખડીનો આ નાનકડો દોરો ભાઈના જીવનમાં રક્ષા કવચ બનીને તેને દરેક વિપદાથી બચાવે છે.

અંતે, આ તસવીર દરેક ભાઈ-બહેનને એક જ



સંદેશ આપે છે કે પ્રેમથી મોટું કોઈ બંધન નથી અને વિશ્વાસથી મોટી કોઈ રક્ષા નથી.

(પ્રસ્તુત તસવીર દેશલપર ભુજ ખાતે ઝડપાઈ છે )

### જંગલ જમીનના 80 હજાર પેન્ડિંગ દાવાઓ મુદ્દો ગાંધીનગર પહોંચ્યો

# સાગબારા જંગલ જમીન વિવાદ: શનિવારે બે મંત્રીઓ ખેડૂતો સાથે કરશે સીધી વાટાઘાટો!

(એજન્સી) નર્મદા | તા.27

નર્મદા જિલ્લાના સાગબારા ખાતે ચાલી રહેલો જંગલ જમીનનો વિવાદ હજુ વણઉકેલાયેલો રહ્યો છે. પોતાના હક્ક અને જંગલ જમીન ખેડાણ માટે આદિવાસી ખેડૂતો દ્વારા શરૂ કરાયેલા ધરણા પ્રદર્શન કરી રહ્યા છે. આ વિવાદ અંગે ગાંધીનગરમાં યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠક બાદ રાજ્ય સરકારે મહત્ત્વનો નિર્ણય લીધો છે. બેઠકના નિર્ણય અનુસાર, શનિવારે (29મી ઓગસ્ટ) બે મંત્રીઓ સાગબારા પહોંચીને આંદોલનકારી ખેડૂતો સાથે સીધી વાતચીત કરશે અને જમીનના દાવાઓ અંગે તેમની રજૂઆતો સાંભળશે.ઉમરપાડામાં ખેડૂતો સાથે થયેલા ઘર્ષણ અને સાગબારામાં ચાલી રહેલા ખેડૂતોના ધરણા અંગે ભરુચના ભાજપ સાંસદ મનસુખ વસાવાએ ગાંધીનગરમાં આદિજાતિ વિકાસ મંત્રી નરેશ પટેલના નિવાસસ્થાને મહત્ત્વપૂર્ણ બેઠક કરી હતી. આ બેઠકમાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી તેમજ વન અને પર્યાવરણ વિભાગના મંત્રી પણ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં



સાગબારા અને ઉમરપાડા વિસ્તારમાં લાંબા સમયથી વિવાદમાં રહેલા જમીનના દાવાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.રાજ્ય સરકારે નિર્ણય લીધો છે કે રક્ષાબંધન બાદ બંને મંત્રીઓ સાગબારાની મુલાકાત લેશે. સાગબારા સહિતના વિસ્તારોમાં જંગલ જમીનના અંદાજે 80 હજાર જેટલા દાવાઓ પડતર છે. આ અંગે મંત્રીઓ ખેડૂતો સાથે રૂબરૂ ચર્ચા કરશે અને જરૂરી પુરાવાના આધારે દાવાઓનો નિકાલ કરવામાં આવશે. જે ખેડૂતોને સનદ મળી ગઈ હોવા છતાં ખેડાણ કરતા રોકવામાં આવી રહ્યા છે તે મુદ્દે પણ ચર્ચા હાથ ધરવામાં



આવશે.બીજી તરફ, 27મી ઓગસ્ટે પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી સંદીપ માંગરોલાએ ધરણા સ્થળે પહોંચી ખેડૂતોની મુલાકાત લીધી હતી. તેમણે આક્ષેપ કર્યો હતો કે સનદ ધરાવતા ખેડૂતોને પણ ખેડાણ કરતા રોકવામાં આવી રહ્યા છે. તેમણે ખેડૂતોના સમર્થનમાં ચળવળ તીવ્ર બનાવવાની ચીમકી આપી હતી. મંત્રીઓની સાગબારા મુલાકાત બાદ આ વિવાદનો સકારાત્મક ઉકેલ આવવાની શક્યતાઓ સેવાઈ રહી છે. ખેડૂતોની મુખ્ય માંગણીઓ અંગે શનિવારે યોજાનારી આ બેઠક પર હવે સૌની નજર મંડાયેલી છે.

## શહેરના ઘોઘા રોડ પરના આવાસમાં ભાડુઆતના મામલે તપાસ, ૧૮ આસામીને નોટિસ અપાશે

ભાવનગર : ભાવનગર શહેરના ઘોઘા રોડ પરના આવાસમાં ભાડુઆતના મામલે મહાપાલિકાની ટીમે તપાસ હાથ ધરી હતી, જેમાં ૧૮ આસામીને ભાડુઆત હોવાનુ જાણવા મળેલ છે તેથી તેઓને નોટિસ આપવામાં આવશે. ભાવનગર મહાનગરપાલિકાના (પ્રધાનમંત્રી આવાસ યોજના) ટાઉન પ્લાનિંગ વિભાગ દ્વારા ૨૫૪૮ ઈ.ડબ્લ્યુ. એસ.૧ પ્રધાનમંત્રી આવાસ યોજના પૈકી ટી.પી.સ્કીમ નં. - ૩, રૂવા, ફા.પ્લોટ નં. ૯૮, ઘોઘા રોડ, સાગર પાર્કની પાછળ, ફાતીમા કોન્વેન્ટની બાજુમાં, ભાવનગર ખાતેનાં ૨૦૦ આવાસોમાં બ્લોક નંબર-બી નાં કુલ-૪૦ આવાસોનું ભાડુઆત બાબતે મંગળવારે સરપ્રાઈઝ ચેકિંગ દ્વારા સર્વે હાથ ધરવામાં આવ્યો હતો, જેમાં કુલ-૧૮ આવાસોમાં મૂળ લાભાર્થી કરતા અન્ય આસામીઓ રહેતા હોવાનું ફલિત થયેલ છે તેમજ કુલ-૧૨ મૂળ લાભાર્થીઓ રહેણાંક ધરાવતા હોવાનું અને કુલ-૧૦ બિન-રહેણાંક હોવાનું જણાયેલ છે. આ કુલ-૧૮ આવાસોમાં મૂળ લાભાર્થી કરતા અન્ય આસામીઓ રહેતા હોવાનું ફલિત થયેલ તેઓને સદરહું બાબતની અંતિમ નોટીસ આપી આવાસો ખાલી કરાવવા જાણ કરવામાં આવશે અને નોટીસની સમયમર્યાદા બાદ વિભાગ દ્વારા સદરહુ સ્થળ ખાતે વિભાગ દ્વારા અન્ય આસામીઓ દ્વારા ઉપયોગમાં હોય તેવા પ્રસ્થાપિત થયેલ આવાસોને સીલ કરવામાં આવશે.

# ICICI Prudential Mutual Fund દ્વારા ICICI Prudential Dynamic Asset Allocation Passive FOF લૉન્ચ NFO સમયગાળો: 26 ઓગસ્ટ – 09 સપ્ટેમ્બર, 2026

મુંબઈ : ICICI Prudential Mutual Fund દ્વારા ICICI Prudential Dynamic Asset Allocation Passive FOF લૉન્ચ કરવામાં આવ્યું છે. આ એક ઓપન-એન્ડેડ ફંડ ઓફ ફંડ્સ સ્કીમ છે, જે પેસિવ ઈક્વિટી અને ડેટ-ઓરિએન્ટેડ સ્કીમ્સના યુનિટ્સમાં ગતિશીલ રીતે રોકાણ કરે છે. બજારો વિવિધ ચક્રોમાંથી પસાર થાય છે અને વિવિધ એસેટ ક્લાસમાં અગ્રણી સ્થાન બદલાતું રહી શકે છે. આવા સંજોગોમાં રોકાણકારો માટે ઈક્વિટીમાં રોકાણ ક્યારે વધારવું અથવા ઘટાડવું, કઈ સ્કીમ પસંદ કરવી, બદલાતા વ્યાજદરના ચક્ર અનુસાર રોકાણને કેવી રીતે ગોઠવવું અને ક્યારે રિબેલેન્સ કરવું તે નક્કી કરવું પડકારજનક બની શકે છે. આ સ્કીમ એક નિર્ધારિત રોકાણ માળખા દ્વારા, એટલે કે એક જ સ્કીમ મારફતે, આ પડકારોનો સામનો કરવાનો પ્રયાસ કરે છે. ICICI Prudential AMC ખાતે Principal - Investment Strategy ચિંતન હરિયા કહે છે: "મોટાભાગના રોકાણકારો અંતે બજારની વ્યાપક દિશાને યોગ્ય રીતે ઓળખી શકે છે, પરંતુ તે મુજબ યોગ્ય સમયે અને શિસ્તબદ્ધ રીતે પગલાં લેવાનું પડકારજનક બની શકે છે. આ સ્કીમ વેલ્યુએશન ફ્રેમવર્કનો ઉપયોગ કરીને ઈક્વિટી-ડેટ ફાળવણી માટે માર્ગદર્શન પૂરું પાડે છે અને વિવિધ માર્કેટ સેગમેન્ટમાં રોકાણની વ્યૂહરચનાનો અમલ કરવા માટે પેસિવ ફંડ્સનો ઉપયોગ કરે છે, જેથી નિર્ણય લેવાની પ્રક્રિયાને સરળ બનાવી શકાય."રોકાણનું માળખું : ફંડનું રોકાણ માળખું "ACTS" સંક્ષિપ્ત નામ દ્વારા રજૂ કરવામાં આવ્યું છે: Allocates – ઈક્વિટી અને ડેટ વચ્ચે રોકાણની ફાળવણી કરે છે; Capitalises – માર્કેટ કેપ, સેક્ટર, થીમેટિક અને ફેક્ટર-આધારિત પેસિવ વ્યૂહરચનાઓમાં ઉપલબ્ધ તકોનો લાભ લે છે; Tax-efficiently – રોકાણકારના સ્તરે ટેક્સ ઈવેન્ટ સર્જાયા વિના રિબેલેન્સિંગની સુવિધા આપે છે; અને Sizes – પસંદ કરેલી વ્યૂહરચનાઓમાં નિર્ધારિત વેઈટ્સ અનુસાર રોકાણની ફાળવણીનું કદ નક્કી કરે છે. ઈક્વિટી-ડેટની ફાળવણી આંતરિક રીતે વિકસાવવામાં આવેલા Equity Valuation Index (EVI) દ્વારા માર્ગદર્શિત થાય છે. આ એક એવું મોડેલ છે, જે Price-to-Earnings, Price-to-Book, G-Sec-adjusted Earnings અને GDPની તુલનામાં Market Capitalisation જેવા પરિબળોને સંયોજિત કરે છે. 31 જુલાઈ, 2026ના રોજ EVI 105.2 પર હતો, જે મોડેલના **Neutral Zone (તટસ્થ ઝોન)**માં આવે છે. ઈક્વિટીના ક્ષેત્રમાં, ફંડ માર્કેટ કેપ, સેક્ટર અને થીમેટિક તેમજ ફેક્ટર-આધારિત પેસિવ ફંડ્સમાં રોકાણ કરી શકે છે. ડેટના ક્ષેત્રમાં, તે ટાર્ગેટ-મેચ્યોરિટી, કૉન્સ્ટન્ટ-ડ્યુરેશન અને કૉન્સ્ટન્ટ-મેચ્યોરિટી ઈન્ડેક્સ ફંડ્સ તથા ETFsમાં રોકાણ કરી શકે છે. વ્યાજદરના વલણો, RBIની નીતિ અંગેની અપેક્ષાઓ, યીલ્ડ કર્વનું સ્વરૂપ અને આર્થિક વૃદ્ધિ અંગેની અપેક્ષાઓને ધ્યાનમાં રાખીને ડ્યુરેશન અંગેની રોકાણ સ્થિતિ નક્કી કરવામાં આવશે.આ ઉપરાંત, સ્કીમમાં ફાળવણીમાં થતા ફેરફારોને કારણે દરેક વખતે પોર્ટફોલિયોનું રિબેલેન્સિંગ કરવામાં આવે ત્યારે રોકાણકારના સ્તરે અલગથી કોઈ ટેક્સ ઈવેન્ટ સર્જાતી નથી. રોકાણકારો માટે તેનો અર્થ એ છે કે, અંતર્ગત એસેટ ફાળવણીમાં થતા ફેરફારો સ્કીમની અંદર જ કરવામાં આવે છે. તેથી, ફાળવણીમાં દરેક ફેરફાર વખતે રોકાણકારોએ પોતાની રીતે એક ફંડ રિડીમ કરીને બીજા ફંડમાં રોકાણ કરવાની જરૂર રહેતી નથી.આ ફંડમાં રોકાણ કરવાના કારણો, બદલાતા બજાર વેલ્યુએશન અને વ્યાજદરના ચક્રના આધારે ડાયનેમિક ઈક્વિટી-ડેટ ફાળવણી.

સિસ્ટમેટિક અને મોડેલ-આધારિત રોકાણથી બજારના યોગ્ય સમયનો અંદાજ લગાવવાની જરૂરિયાત દૂર થાય છે અને ભાવનાત્મક નિર્ણયો ઘટાડવામાં મદદ મળે છે. બજારની સ્થિતિ અનુસાર વિવિધ સેક્ટર, થીમ, ફેક્ટર અને માર્કેટ સેગમેન્ટ્સમાં યોગ્ય ઈક્વિટી એક્સપોઝર. વિવિધ માર્કેટ સાઈકલ દરમિયાન રોકાણમાં પ્રવેશ અને બહાર નીકળવાના નિર્ણયો લેવામાં મદદરૂપ થઈ શકે છે. બજારની અસ્થિરતાનું સંચાલન કરતી વખતે ખર્ચ અને કરવેરાને ધ્યાનમાં લે છે.સ્કીમની વિગતો:NFO સમયગાળો:26 ઓગસ્ટ - 09 સપ્ટેમ્બર, 2026 પ્લાન્સ: Direct Plan અને Regular Plan; ઓપ્શન: Growth લઘુત્તમ અરજી રકમ/સ્વિચ-ઈન: NFO દરમિયાન: 1,000 અને ત્યારબાદ 1ના ગુણાંકમાં. ચાલુ/Continuous Offer: 1,000 (અને 1ના ગુણાંકમાં); સ્વિચ-ઈન માટે લઘુત્તમ રકમ 1,000 અને ત્યારબાદ કોઈપણ રકમ. સિસ્ટમેટિક ટ્રાન્ઝેક્શન માટે રોકાણકારોએ "Special product/ facility available on ongoing basis" વિભાગનો સંદર્ભ લેવો જોઈએ.લઘુત્તમ વધારાની અરજી રકમ: 1,000 (અને 1ના ગુણાંકમાં); સ્વિચ-ઈન માટે 1,000 અને ત્યારબાદ કોઈપણ રકમ. લઘુત્તમ રિડેમ્પશન રકમ: કોઈપણ રકમ.Exit Load: ફાળવણીની તારીખથી એક વર્ષની અંદર રિડીમ અથવા સ્વિચ-આઉટ કરવામાં આવેલા યુનિટ્સના 30% સુધી કોઈ Exit Load નથી. ફાળવણીની તારીખથી 12 મહિનાની અંદર નિર્ધારિત મર્યાદા કરતાં વધુ યુનિટ્સ રિડીમ અથવા સ્વિચ-આઉટ કરવા પર લાગુ પડતા NAVના 1% જેટલો Exit Load લાગુ થશે. ફાળવણીની તારીખથી 12 મહિના બાદ કોઈ Exit Load નથી.ફંડ મેનેજર્સ: શ્રી મનન તિજોરિવાલા, સુશ્રી શર્મિલા ડી'સિલ્વા, શ્રી મનીષ બંથિયા, શ્રી રિતેશ લુણાવત અને શ્રી નિશિત પટેલ. બેન્ચમાર્ક: CRISIL Hybrid 50+50 - Moderate Index, SIP/SWP/STP: ઉપલબ્ધ: કરવેરો: 24 મહિનાથી ઓછા – સ્લેબ રેટ; 24 મહિના અથવા વધુ – 12.5%.

## LPG થી લઈને એરપોર્ટ સુધી... 1 સપ્ટેમ્બરથી થશે 5 મોટા ફેરફાર, તમારા પર ખિસ્સા પર થશે અસર

(એજન્સી) નવી દિલ્હી | તા 27

1 સપ્ટેમ્બરથી LPG સિલિન્ડરના નવા ભાવ જાહેર થશે, જે રસોડાના બજેટને અસર કરશે. 31 ઓગસ્ટ સુધી LPG e-KYC ન કરાવનારને સિલિન્ડર મેળવવામાં મુશ્કેલી પડશે. આ ઉપરાંત, ATF, CNG-PNG ના દરો અને ટાટા-હ્યુન્ડાઈની કારના ભાવ પણ વધશે. બીજી તરફ, આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓને એરપોર્ટ પર ઈમિગ્રેશન પ્રક્રિયામાં રાહત મળશે. 1 સપ્ટેમ્બરથી LPG સિલિન્ડરના નવા ભાવ જાહેર થશે, જે રસોડાના બજેટને અસર કરશે. 31 ઓગસ્ટ સુધી LPG e-KYC ન કરાવનારને સિલિન્ડર મેળવવામાં મુશ્કેલી પડશે. આ ઉપરાંત, ATF, CNG-PNG ના દરો અને ટાટા-હ્યુન્ડાઈની કારના ભાવ પણ વધશે. બીજી તરફ, આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓને એરપોર્ટ પર ઈમિગ્રેશન પ્રક્રિયામાં રાહત મળશે.દર મહિનાની 1 તારીખે ઓઈલ માર્કેટિંગ કંપનીઓ દ્વારા એલપીજી સિલિન્ડરના ભાવની સમીક્ષા કરવામાં આવે છે. 1 સપ્ટેમ્બરે પણ નવા દરો જાહેર કરવામાં આવશે, જે સીધી રીતે રસોડાના બજેટ પર અસર પાડશે. ઓગસ્ટ મહિનાની 1 તારીખે કંપનીઓએ 19 કિલોના કમર્શિયલ ગેસ સિલિન્ડરમાં 202 રૂપિયાનો ઘટાડો કર્યો હતો, જ્યારે 14.2 કિલોના ઘરગથ્થુ સિલિન્ડરના ભાવ સ્થિર રાખ્યા હતા. આ વખતે ભાવ વધે છે કે ઘટે છે તેના પર સૌની નજર રહેશે.ઘરગથ્થુ એલપીજી સિલિન્ડર નિયમિતપણે મેળવવા માટે ઈ-કેવાયસી (e-KYC) પ્રક્રિયા પૂર્ણ કરવી અનિવાર્ય છે.

# News Brief

## A91 પાર્ટનર્સ, જંગલ વેન્ચર્સ સમર્થિત એટોમબર્ગે IPO માટે DRHP ફાઈલ કર્યું; રૂ. 450 કરોડનો ફ્રેશ ઇશ્યૂ લાવવાની યોજના

(એજન્સી) નવી દિલ્હી | તા 27

એટોમબર્ગ ટેક્નોલોજીસ લિમિટેડે તેનાઆઈપીઓ માટે બજાર નિયમનકાર સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI) સમક્ષ ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ (DRHP) ફાઈલ કર્યું છે.આ IPOમાં રૂ. 10ની મૂળ કિંમત ધરાવતા કુલ રૂ. 450 કરોડ સુધીના ઈક્વિટી શેર્સનો ફ્રેશ ઈશ્યૂ અને રૂ. 10ની મૂળ કિંમત ધરાવતા 7,65,42,051 ઈક્વિટી શેર્સની ઓફર ફોર સેલ (OFS) નો સમાવેશ થાય છે.કંપની આઈપીઓમાંથી મળનારી રકમનો ઉપયોગ મુખ્યત્વે અમુક ઋણની સંપૂર્ણ અથવા આંશિક પુનઃચુકવણી/ પ્રી-પેમેન્ટ પેટે રૂ. 90 કરોડ, બ્રાન્ડ અવેરનેસ અને પર્ફોર્મન્સ માર્કેટિંગ પ્રવૃત્તિઓ માટે રૂ. 150 કરોડ તેમજ રિસર્ચ અને ડેવલપમેન્ટમાં રોકાણ પેટે રૂ. 100 કરોડ ફાળવવાની યોજના ધરાવે છે. બાકીની ચોખ્ખી રકમનો ઉપયોગ સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરવામાં આવશે.2012માં મનોજ મીણા દ્વારા સ્થાપિત અને ત્યારબાદ 2013માં સહ-સ્થાપક તરીકે સિબાબ્રત દાસ સાથેનું જોડાણ ધરાવતી એટોમબર્ગ એક ડીપ-ટેક, રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ આધારિત કંપની છે, જે 'એટોમબર્ગ' બ્રાન્ડ હેઠળ ભારતીય ઘરો માટે મિક્સર ગ્રાઈન્ડર, વોટર પ્યુરિફાયર અને કોલ્ડ-પ્રેસ્ડ જ્યુસર સહિતના આગામી પેઢીનાં ગ્રાહક ઉપકરણો બનાવે છે.કંપની તેની સહાયક કંપની, એટોમબર્ગ ઈનોવેશન્સ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા વિવિધ ઉદ્યોગોમાં વોલ્ટાસ, ગોદરેજ અને બ્લુસ્ટાર જેવા એન્ટરપ્રાઈઝ ગ્રાહકોને મોટર્સ અને કંટ્રોલર્સ સહિતના પ્રોપ્રાયટરી અને મહત્વપૂર્ણ ઘટકોની ડિઝાઈન, ઉત્પાદન અને સપ્લાય પણ કરે છે. તેની કામગીરી બે સેગમેન્ટમાં વહેંચાયેલી છે: કન્ઝ્યુમર એપ્લાયન્સ બિઝનેસ અને પ્રોપ્રાયટરી કમ્પોનન્ટ્સ સેગમેન્ટ. કન્ઝ્યુમર એપ્લાયન્સિસ ક્ષેત્રની અગ્રણી કંપનીઓમાં સ્થાન પામતી એટોમબર્ગ ભારતના પ્રીમિયમ ફેન્સ સેગમેન્ટમાં (જેમાં રૂ. 3,500થી વધુની સરેરાશ વેચાણ કિંમત ધરાવતા પંખાઓનો સમાવેશ થાય છે) સૌથી વધુ બજાર હિસ્સો ધરાવે છે. કિચન એપ્લાયન્સિસ સેગમેન્ટમાં વોટર પ્યુરિફાયર્સ તેની સૌથી નવી પ્રોડક્ટ છે, જે 2025માં રજૂ કરવામાં આવી હતી.રેડસીઅરનાં અહેવાલ અનુસાર, નાણાકીય વર્ષ 2026માં એટોમબર્ગ માર્કેટ ઓપરેટિંગ પ્રાઈસ પર કુલ વેચાણ મૂલ્યના આધારે આશરે 46.08% બજાર હિસ્સો ધરાવતી હતી. તેનું ટેક્નોલોજી-આધારિત પ્રોડક્ટ ડેવલપમેન્ટ તેની વિશ્વસનીયતામાં પણ પ્રતિબિંબિત થાય છે. નાણાકીય વર્ષ 2026માં ભારતના મોટા પાયાના કન્ઝ્યુમર એપ્લાયન્સિસ ક્ષેત્રમાં એટોમબર્ગે તેના નેક્સ્ટ-જનરેશન BLDC સીલિંગ ફેન પોર્ટફોલિયો માટે સૌથી નીચો પ્રોડક્ટ ફેલ્યોર રેટ નોંધાવ્યો હતો, જે તેના ટેક્નોલોજી પ્લેટફોર્મ અને ઈન્ટિગ્રેટેડ મેન્યુફેક્ચરિંગ ક્વોલિટી-કંટ્રોલ પ્રક્રિયાઓની મજબૂતાઈ દર્શાવે છે. નાણાકીય વર્ષ 2024 અને 2026 વચ્ચે કામગીરીમાંથી થતી આવકની દ્રષ્ટિએ કંપની ભારતની લિસ્ટેડ કન્ઝ્યુમર એપ્લાયન્સ કંપનીઓમાં સૌથી ઝડપથી વિકસતી કંપની છે. એટોમબર્ગ તેના ઉત્પાદનોનું વેચાણ ઓમ્ની-ચેનલ ડિસ્ટ્રિબ્યુશન મોડેલ દ્વારા કરે છે, જેમાં જનરલ ટ્રેડ ડિસ્ટ્રિબ્યુટર્સ, રિટેલર્સ, મોડર્ન ટ્રેડ ચેઈન્સ અને ઈન્સ્ટિટ્યુશનલ પાર્ટનર્સ જેવા ઓફલાઈન માધ્યમો તેમજ ઈ-કોમર્સ માર્કેટપ્લેસિસ, ક્વિક-કોમર્સ પ્લેટફોર્મ્સ અને atomberg.com સહિતના ઓનલાઈન માધ્યમોનો સમાવેશ થાય છે.

## રેન્ટોમોજોએ સુરત અને વડોદરામાં પોતાની ફર્નિચર અને એપ્લાયન્સ રેન્ટલ સર્વિસ સાથે ગુજરાતમાં એની કામગીરીમાં વધારો કર્યો

અમદાવાદ : રેન્ટોમોજોએ અમદાવાદમાં એનો પ્રથમ એક્સપિરિયન્સ સ્ટોર ખોલ્યાં પછી તરત સુરત અને વડોદરામાં એની ફર્નિચર અને એપ્લાન્સ રેન્ટલ સર્વિસ શરૂ કરી છે. કંપની એના ઓનલાઈન પ્લેટફોર્મ મારફતે કામ કરી રહી છે. કંપનીની વેબસાઈટ પર જણાવ્યા મુજબ, અમદાવાદ અને ગાંધીનગરમાં એની હાલની હાજરી સાથે સુરત અને વડોદરામાં વિસ્તરણ ગુજરાતમાં એની કામગીરીમાં વધારી રહી હોવાનું પ્રતીક છે.આ બંને શહેરોની પસંદગી ગ્રાહકના દ્રષ્ટિકોણથી રસપ્રદ છે. સુરત અને વડોદરા પરંપરાગત રીતે મજબૂત ઔદ્યોગિક અને ઉદ્યોગસાહસિક અર્થતંત્રો ગણાય છે, તો તેમની વ્યાવસાયિક ઈકોસિસ્ટમ સતત વધી રહી છે.વડોદરા એન્જિનીયરિંગ, ઉત્પાદન અને ફાર્માસ્યુટિકલ્સમાં સ્થાપિત આધાર ધરાવે છે, જેની સાથે ગુજરાતનાં આ પ્રસિદ્ધ શહેરે ટેકનોલોજી, સેવાઓ અને સાનુકૂળ વર્કસ્પેસમાં કામગીરી વધારી છે. પરંપરાગત રીતે ટેક્સટાઈલ, ડાયમન્ડ અને ઉદ્યોગસાહસિકતા સાથે સંલગ્ન સુરત ટેકનોલોજી અને સેવાઓનાં મોટાં પ્લેટફોર્મ તરીકે પણ વિકસી રહ્યું છે.આ શહેરો વ્યાવસાયિકોનો મોટો આધાર ઊભો કરી રહ્યાં છે, જ્યાં લોકો મોટાં મેટ્રોમાં ઉપભોક્તાઓ જેવી જીવનશૈલીઓ વધુને વધુ અપનાવી રહ્યાં છે, કામ માટે સતત અવરજવર કરે છે, સ્વતંત્ર રીતે ઘર બનાવી રહ્યાં છે અને ફ્લેક્સિબિલિટી પર વધારે ભાર મૂકે છે. આ પ્રકારના ગ્રાહકો કે ઉપભોક્તાઓ માટે ફર્નિચર અને ઉપકરણો ભાડે આપવાની ઓફર દરેક ચીજવસ્તુની ખરીદીનો વિકલ્પ ઓફર કરે છે, ખાસ કરીને જ્યારે મોબિલિટી કે રોકાણનો ગાળો અનિશ્ચિત હોય છે.આ કન્ઝ્યુમર પ્રોફાઈલ રેન્ટોમોજોની કામગીરીની ખાસિયતો સાથે સારી રીતે ફિટ છે. કંપની ઓનલાઈન-ફર્સ્ટ મોડલ મારફતે ભાડે ફર્નિચર અને ઘરગથ્થું ઉપકરણો ઓફર કરે છે, જે મુખ્યત્વે યુવાન, શહેરી અને મોબાઈલ ઉપભોક્તાઓને ફ્લેક્સિબિલિટી અને સુવિધા પૂરી પાડે છે.

# અવાડા ઈલેક્ટ્રો આઈપીઓ માટે સેબીમાં ડ્રાફ્ટ ફાઈલ

નવી દિલ્હી: અવાડા ઈલેક્ટ્રો લિમિટેડ, જે ૩૧ જુલાઈ, ૨૦૨૬ના રોજની ઓપરેશનલ સોલર સેલ અને મોડ્યુલ ઉત્પાદન ક્ષમતાના આધારે ભારતની અગ્રણી વર્ટિકલી ઈન્ટિગ્રેટેડ સોલર ફોટોવોલ્ટેઈક ઉત્પાદક કંપનીઓમાંની એક છે, તેણે રૂ. ૭,૬૦૦ કરોડના આઈપીઓ માટે સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા સમક્ષ તેનું અપડેટેડ ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ ફાઈલ કર્યું છે. આ પગલાથી રિન્યુએબલ એનર્જી ક્ષેત્રમાં કંપનીનું સ્થાન વધુ મજબૂત બનશે તેવી પૂરી સંભાવના છે. કંપનીના પ્રસ્તાવિત આઈપીઓમાં કુલ રૂ. ૧,૬૦૦ કરોડ સુધીના ફ્રેશ ઈશ્યૂ અને રૂ. ૬,૦૦૦ કરોડ સુધીની ઓફર ફોર સેલનો સમાવેશ થાય છે. આ રીતે કુલ ઓફરનું કદ રૂ. ૭,૬૦૦ કરોડ સુધીનું રહેશે. ઈક્વિટી શેરની ફેસ વેલ્યુ પ્રતિ શેર રૂ. ૫ છે. રૂ. ૬,૦૦૦ કરોડ સુધીની ઓફર ફોર સેલ અવાડા વેન્ચર્સ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા કરવામાં આવશે, જે કંપનીની પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર છે. ફ્રેશ ઈશ્યૂમાંથી મળનારી ચોખ્ખી આવકનો મુખ્યત્વે ઉપયોગ કંપની દ્વારા લેવામાં આવેલી કેટલીક લોન તેમજ લેટર્સ ઓફ ક્રેડિટ હેઠળની સ્વીકૃતિઓને લગતી ધિરાણદાતાઓ પ્રત્યેની બાકી જવાબદારીઓની પૂર્વચુકવણી અને પરત ચુકવણી માટે કરવામાં આવશે. તેની પેરેન્ટ કંપની અવાડા ગ્રુપના મજબૂત સમર્થન સાથે અને તેના ચેરપર્સન વિનિત મિત્તલના નેતૃત્વ હેઠળ અવાડા ઈલેક્ટ્રો રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે વિશેષતા ધરાવે છે. મીડિયા અહેવાલ અનુસાર, કંપની સોલર સેલ અને મોડ્યુલના ઉત્પાદન ક્ષેત્રે અગ્રેસર છે. કંપનીની કામગીરીમાંથી થતી આવક નાણાંકીય વર્ષ ૨૦૨૫માં રૂ. ૯૧૧.૬૨ કરોડથી વધીને નાણાંકીય વર્ષ ૨૦૨૬માં રૂ. ૫,૩૦૩.૫૨ કરોડ થઈ હતી.

## ભારતની કૃષિ વૃદ્ધિ ભાવ જોખમ વ્યવસ્થાપનની માંગમાં વધારો કરે છે

ભારતનું વધુ મૂલ્ય ધરાવતા પાકો તરફનું વલણ વ્યવસ્થિત ભાવ નિર્ધારણ અને જોખમ વ્યવસ્થાપન માટેની માંગમાં વધારો કરી રહ્યું છે, જેમાં મસાલા અને તેલીબિયાં કૃષિ વૃદ્ધિના મુખ્ય ચાલક બળો તરીકે ઉભરી રહ્યા છે.આ તારણો MCXના અહેવાલ 'હાર્વેસ્ટિંગ વેલ્યુ: ઈન્ડિયાઝ એગ્રીકલ્ચરલ કોમોડિટી માર્કેટ્સ' (Harvesting Value: India's Agricultural Commodity Markets) માંથી લેવામાં આવ્યા છે, જેને 'ગ્લોબલ કોમોડિટી કોન્ક્લેવ' (GCC) દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. આ અહેવાલ ભારતના કૃષિ અર્થતંત્રના બદલાતા સ્વરૂપ અને ખેડૂતો, પ્રોસેસર્સ, વેપારીઓ તથા નિકાસકારોને ટેકો આપવામાં 'ડેરિવેટિવ્ઝ' (derivatives) ની ભૂમિકાની તપાસ કરે છે. મસાલા અને તેલીબિયાં કૃષિ વૃદ્ધિમાં અગ્રેસર : અહેવાલમાં આવરી લેવામાં આવેલા પાક વર્ગોમાં મસાલાના ઉત્પાદનમાં સૌથી મજબૂત વૃદ્ધિ નોંધાઈ છે. ઉત્પાદન 2015-16માં 6.99 મિલિયન મેટ્રિક ટન (MMT) થી વધીને 2024-25માં 12.99 MMT થયું છે, જે 85.9% નો વધારો દર્શાવે છે. 6.87% ના અંદાજિત CAGR (ચક્રવૃદ્ધિ વાર્ષિક વૃદ્ધિ દર) સાથે, 2029-30 સુધીમાં ઉત્પાદન 18.12 MMT સુધી પહોંચવાનો અંદાજ છે. વધુ મૂલ્ય ધરાવતા મસાલાના ઉત્પાદનમાં સર્વત્ર વૃદ્ધિ જોવા મળી છે. 2015-16 અને 2024-25 દરમિયાન અજમાના ઉત્પાદનમાં 3 ગણાથી વધુ વધારો થયો છે. આદુએ 9.12%, જીરુંએ 8.75% અને લસણે 8.23% નો CAGR નોંધાવ્યો છે. તેલીબિયાંના ઉત્પાદનમાં પણ મજબૂત વૃદ્ધિ થઈ છે. 2015-16માં 25.25 MMT ઉત્પાદન હતું જે વધીને 2024-25માં 42.99 MMT થયું છે, જે 70.2% ની સંચિત વૃદ્ધિ દર્શાવે છે. આ ક્ષેત્રે 5.46% ના CAGR સાથે વૃદ્ધિ કરી છે, જે વિશ્લેષણ કરાયેલા આઠ ક્ષેત્રોમાં બીજા ક્રમનો સૌથી વધુ વૃદ્ધિ દર છે. 2029-30 સુધીમાં તેલીબિયાંનું ઉત્પાદન આશરે 56.7 MMT સુધી પહોંચવાનો અંદાજ છે. મુખ્ય તેલીબિયાંમાં, રેપસીડ અને રાઈ (મસ્ટર્ડ) વૃદ્ધિમાં અગ્રેસર રહ્યા છે, જેમાં ઉત્પાદન 86.4% વધીને 12.67 MMT થયું છે. સોયાબીન અને મગફળીના ઉત્પાદનમાં અનુક્રમે 78.2% અને 77.4% નો વધારો થયો છે. વર્ષ ૨૦૨૩-૨૪માં તેલીબિયાં ક્ષેત્રના ૨,૧૩૫.૩ અબજના આર્થિક ઉત્પાદનમાં મગફળી, રેપસીડ-રાય (સરસવ) અને સોયાબીનનો સંયુક્ત હિસ્સો ૯૫% હતો. અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે ભારતનો કૃષિ વિકાસ 'મસાલા અને તેલીબિયાં જેવી ઉચ્ચ-મૂલ્યની ચીજવસ્તુઓ' દ્વારા વધુને વધુ આગળ વધી રહ્યો છે, જે બજાર-આધારિત જોખમ વ્યવસ્થાપન, મૂલ્યવર્ધન અને સંગઠિત વેપાર માટે તકો ઊભી કરે છે. ડેરિવેટિવ્ઝ ભાવ શોધને મજબૂત બનાવી શકે છે : બદલાતા પાક મિશ્રણ ઉત્પાદન, વપરાશ અને વેપારના વિસ્તરણ સાથે કાર્યક્ષમ બજાર પદ્ધતિઓનું મહત્વ વધારી રહ્યું છે. અહેવાલમાં સારી રીતે કાર્યરત કૃષિ ડેરિવેટિવ્ઝ બજારનું વર્ણન 'કૃષિ બજાર માળખાના આવશ્યક ઘટક' તરીકે કરવામાં આવ્યું છે, જે ભાવ શોધ, જોખમ વ્યવસ્થાપન, બજાર પારદર્શિતા અને આર્થિક વિકાસને ટેકો આપે છે. ફ્યુચર્સ બજારો ઉત્પાદકો, પ્રોસેસરો, વેપારીઓ અને રોકાણકારો પાસેથી માહિતીને એકસાથે લાવે છે જેથી પારદર્શક, ભવિષ્યલક્ષી ભાવ સંકેતો ઉત્પન્ન થાય. સંકેતો ઉત્પાદન, પ્રાપ્તિ, સંગ્રહ અને માર્કેટિંગ સંબંધિત નિર્ણયોમાં મદદ કરી શકે છે.

## દીપા જ્વેલર્સ લિમિટેડનો આઈપીઓ મંગળવાર, 1 સપ્ટેમ્બર, 2026ના રોજ ખુલશે, પ્રતિ ઈક્વિટી શેર રૂ. 168થી રૂ. 177નો પ્રાઈઝ બેન્ડ નક્કી કરવામાં આવ્યો

અમદાવાદ | દીપા જ્વેલર્સ લિમિટેડે (the "Company") તેના પ્રથમ આઈપીઓ માટે રૂ. 2 ફેસ વેલ્યુ ધરાવતા પ્રત્યેક ઈક્વિટી શેર ("Equity Shares") માટે રૂ. 168થી રૂ. 177નો પ્રાઈઝ બેન્ડ નક્કી કર્યો છે.કંપનીનો આઈપીઓ ("IPO" or "Offer") માટેનું સબસ્ક્રીપ્શન માટે મંગળવાર, 1 સપ્ટેમ્બર, 2026ના રોજ ખુલશે અને ગુરુવાર, 3 સપ્ટેમ્બર, 2026ના રોજ બંધ થશે.રોકાણકારો ઓછામાં ઓછા 84 ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ 84 ઈક્વિટી શેરના ગુણાંકમાં બિડ કરી શકશે. હાલની તારીખે કંપનીના કુલ 8,20,00,000 ઈક્વિટી શેર બાકી છે.આ ઓફરમાં રૂ. 250 કરોડ સુધીની રકમના ફ્રેશ ઈશ્યૂ અને પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર્સ દ્વારા કુલ 1,18,48,340 સુધીના ઈક્વિટી શેરની ઓફર ફોર સેલ સામેલ છે. તેમાં આશિષ અગ્રવાલ દ્વારા 59,24,170 ઈક્વિટી શેર અને સીમા અગ્રવાલ દ્વારા 59,24,170 ઈક્વિટી શેરનો સમાવેશ થાય છે.રૂ. 250 કરોડના ફ્રેશ ઈશ્યૂમાંથી મળનારી રકમનો ઉપયોગ કંપની દ્વારા માલસામાનની ખરીદી, જાળવણી અને ઈન્વેન્ટરીમાં વધારો કરવા માટેની લાંબા ગાળાની કાર્યકારી મૂડીની જરૂરિયાતો પૂરી કરવા, સામાન્ય કોર્પોરેટ હેતુઓ અને ઓફર સંબંધિત ખર્ચ માટે કરવામાં આવશે.આ ઓફર સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (ઈશ્યૂ ઓફ કેપિટલ એન્ડ ડિસ્ક્લોઝર

DEEPA JEWELLERS LIMITED

રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, 2018 ("SEBI ICDR Regulations") નું પાલન કરીને બુક-બિલ્ડિંગ પ્રક્રિયા મારફતે કરવામાં આવી રહી છે. આ પ્રક્રિયા હેઠળ ઓફરના મહત્તમ 50 ટકા હિસ્સાની ફાળવણી ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂશનલ બાયર્સ ("QIBs") માટે ઉપલબ્ધ રહેશે, લઘુતમ 15 ટકા હિસ્સો નોન-ઈન્સ્ટિટ્યૂશનલ બિડર્સ (NIIs)ને ફાળવણી માટે અને લઘુતમ 35 ટકા હિસ્સો ફાળવણી રિટેલ વ્યક્તિગત બિડર્સ (RIIs) ને ફાળવણી માટે ઉપલબ્ધ રહેશે.2016માં સ્થાપિત કંપની એક સંગઠિત બીટુબી ડિઝાઈનર, પ્રોસેસર અને હોલમાર્કવાળી સોનાની જ્વેલરીની સપ્લાયર છે. કંપનીની કામગીરી મુખ્યત્વે તેલંગાણા, કર્ણાટક, આંધ્રપ્રદેશ, તમિલનાડુ અને કેરળમાં છે. ક્રિસિલના અહેવાલ અનુસાર, કંપની વદ્દનમ અને સીએનસી મશીનથી કટ કરવામાં આવેલી બંગડીઓના મુખ્ય પ્રોસેસર અને સપ્લાયર્સમાંની એક છે અને તે જ્વેલરી રિટેલ ચેઈન્સ તથા સ્વતંત્ર સ્ટોર્સને આ પ્રોડક્ટ્સનું વિતરણ કરે છે.કંપની એક ઓર્ગેનાઈઝ્ડ બિઝનેસ-ટુ-બિઝનેસ (બીટુબી) કંપની છે, જે અન્ય વ્યવસાયોને, જેમ કે રિટેલ ચેઈન્સ અને સ્વતંત્ર સ્ટોર્સને, સોનાની જ્વેલરી ડિઝાઈન કરીને, તેનું ઉત્પાદન કરાવીને અને સપ્લાય કરવાનું કામ કરે છે. કંપની વપરાશકાર ગ્રાહકોને સીધું વેચાણ કરતી નથી.

# પર્પલ સ્ટાઈલ લેબ્સ લિમિટેડનો આઈપીઓ સોમવાર, 31 ઓગસ્ટ, 2026ના રોજ ખુલશે

(એજન્સી) નવી દિલ્હી | તા 27

24 ઓગસ્ટ, 2026ના રોજ જારી કરાયેલા રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ અને 25 ઓગસ્ટ, 2026ના રોજ જારી કરાયેલા સુધારાપત્ર ("Red Herring Prospectus" or "RHP") મારફતે જારી થનારા ઈક્વિટી શેરને સ્ટોક એક્સચેન્જો પર લિસ્ટ કરવાની દરખાસ્ત છે. આ ઈશ્યૂ માટે એનએસઈને નિયુક્ત સ્ટોક એક્સચેન્જ તરીકે નક્કી કરવામાં આવ્યું છે. એક્સિસ કેપિટલ લિમિટેડ અને આઈઆઈએફએલ કેપિટલ સર્વિસિસ લિમિટેડ (અગાઉ આઈઆઈએફએલ સિક્યોરિટીઝ લિમિટેડ તરીકે જાણીતી) આ ઈશ્યૂના બુક રનિંગ લીડ મેનેજર છે. 25 ઓગસ્ટ, 2026ના રોજની વિગતવાર પ્રાઈઝ બેન્ડની જાહેરાત 26 ઓગસ્ટ, 2026ના રોજ અંગ્રેજી ભાષાના રાષ્ટ્રીય દૈનિક અખબાર ફાઈનાન્શિયલ એક્સપ્રેસની તમામ આવૃત્તિઓમાં, હિન્દી ભાષાના રાષ્ટ્રીય દૈનિક અખબાર જનસત્તાની તમામ આવૃત્તિઓમાં અને મરાઠી ભાષાના દૈનિક અખબાર નવશક્તિની મુંબઈ આવૃત્તિમાં પ્રકાશિત કરવામાં આવી છે.આ ઓફર એસસીઆરઆરના નિયમ 19(2)(બી) અનુસાર અને સેબી આઈસીડીઆર




નિયમોના નિયમન 31 સાથે વાંચવામાં આવતા તથા સેબી આઈસીડીઆર નિયમોના નિયમન 6(2)નું પાલન કરીને બુક બિલ્ડિંગ પ્રક્રિયા મારફતે કરવામાં આવી રહી છે, જેમાં ઓફરના લઘુત્તમ 75 ટકા હિસ્સાની ફાળવણી ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યુશનલ બાયર્સ ("QIBs", and such portion, the "QIB Portion") ને પ્રમાણસર ધોરણે કરવામાં આવશે, એ શરતે કે અમારી કંપની, બુક રનિંગ લીડ મેનેજરો સાથે ચર્ચા કરીને ક્યુઆઈબી હિસ્સામાંથી મહત્તમ 60 ટકા હિસ્સો સેબી આઈસીડીઆર નિયમનો અનુસાર એન્કર ઈન્વેસ્ટર્સને પોતાની વિવેકબુદ્ધિ મુજબ ફાળવી શકશે ("Anchor Investor Portion"), જે પૈકી 40 ટકા હિસ્સો આ પ્રકારે અનામત રાખવામાં આવશે.

# ડાબર આમળા સાથે અવેઝ અને અનમ દરબારે ઉજવ્યો ભાઈ-બહેનનો 'મજબૂત' પ્રેમ

અમદાવાદ | ભારતના સૌથી વિશ્વસનીય હેર ઓઈલ બ્રાન્ડ, ડાબર આમળા હેર ઓઈલે આ રક્ષાબંધને એક નવું ડિજિટલ કેમ્પેઈન લોન્ચ કર્યું છે, જેમાં લોકપ્રિય કન્ટેન્ટ ક્રિએટર ભાઈ-બહેન અવેઝ દરબાર અને અનમ દરબાર જોવા મળી રહ્યા છે, જે ભાઈ-બહેન વચ્ચેના મનોરંજક છતાં મજબૂત સંબંધોની ઉજવણી કરે છે.આ કેમ્પેઈન સંગીત, નૃત્ય અને રમુજી મસ્તી દ્વારા Gen Z માટે રક્ષાબંધનને એક નવા અંદાજમાં રજૂ કરે છે. આમાં દર્શાવવામાં આવ્યું છે કે કેવી રીતે ભાઈ-બહેન સતત એકબીજાને ચીડવતા, પડકારતા અને એકબીજાથી આગળ નીકળવાનો પ્રયાસ કરતા હોવા છતાં, હંમેશા એકબીજાની સાથે ઊભા રહે છે. ડાબર આમળાનું 'મજબૂતી' પર આધારિત આ કેમ્પેઈન, મજબૂત વાળ સાથેના બ્રાન્ડના વર્ષો જૂના જોડાણને વધુ દ્રઢ કરવાની સાથે ભાઈ-બહેનના સંબંધોની શક્તિને પણ ઉજાગર કરે છે.આ કેમ્પેઈન વિશે વાત કરતા, ડાબર ઈન્ડિયા લિમિટેડના હેર કેર વિભાગના માર્કેટિંગ હેડ અંકુર કુમારે જણાવ્યું હતું કે, 'ડાબર આમળામાં 'મજબૂતી' હંમેશાં અમારા બ્રાન્ડ વચનના કેન્દ્રમાં રહી છે. આ રક્ષાબંધને, અમે તે વિચારને માત્ર મજબૂત હેરકેરથી આગળ ધપાવીને જીવનના સૌથી




ખાસ સંબંધોમાંના એક - ભાઈ-બહેનના મજબૂત સંબધને ઉજવવાનો પ્રયાસ કર્યો છે. આજની યુવા પેઢી પોતાના પ્રેમની અભિવ્યક્તિ અલગ રીતે કરે છે, જેમાં લાગણીઓ દર્શાવવા કરતા રમુજી મસ્તી અને સાથે વિતાવેલી મનોરંજક પળો વધુ હોય છે. અવેઝ અને અનમની વાસ્તવિક કેમિસ્ટ્રી દ્વારા, અમે આ વિચારને તાજગીપૂર્ણ, મનોરંજક અને અત્યંત સંબંધિત રીતે રજૂ કર્યો છે. આ કેમ્પેઈન ડાબર આમળાના આઈકોનિક ચંપી રિચ્યુઅલ સાથે સુંદર રીતે પૂર્ણ થાય છે, જે આપણને યાદ અપાવે છે કે મસ્તીથી ભરપૂર સ્પર્ધાઓ પાછળ પણ સંભાળ અને કાળજીનો છૂપો ભાવ હોય છે, જે 'મજબૂત વાળ' અને 'મજબૂત રિશ્તા' વચ્ચેના જોડાણને વધુ અર્થપૂર્ણ અને યાદગાર બનાવે છે.'આ ડિજિટલ ફિલ્મ અવેઝ અને અનમ વચ્ચેની વાસ્તવિક કેમિસ્ટ્રીને કેપ્ચર કરે છે, જ્યાં ભાઈ-બહેન વચ્ચેની હળવી વાતો સંગીત, ડાન્સ, રમૂજ અને મસ્તીથી ભરેલા જુગલબંધીમાં ફેરવાઈ જાય છે. આ મનોરંજક સ્પર્ધા જ્યારે તેની ચરમસીમાએ પહોંચે છે, ત્યારે ડાબર આમળાના ચંપી રિચ્યુઅલ દ્વારા વાર્તા એક ભાવુક ક્ષણમાં પરિવર્તિત થાય છે - જે તેલ માલિશ કરવાની એક સરળ પરંપરાને ભાઈ-બહેનની કાળજી અને સ્નેહની અર્થપૂર્ણ અભિવ્યક્તિમાં બદલી નાખે છે.

## બજાજ જનરલ ઈન્શ્યોરન્સે લૉન્ચ કરી

# 'માય ફેમિલી કમ્પ્લીટ' પૉલિસી

### જે પાલતુ પ્રાણીઓને પરિવારના સભ્ય તરીકે કવર કરતી ભારતની પ્રથમ હેલ્થ ઇન્શ્યોરન્સ પૉલિસી છે, કેમ કે પાલતુ પ્રાણીઓ પણ પરિવારનો જ એક ભાગ છે

(એજન્સી) પુણે | તા 27

ભારતની અગ્રણી પ્રાઈવેટ જનરલ ઈન્શ્યોરન્સ કંપનીમાંથી એક, બજાજ જનરલ ઈન્શ્યોરન્સ લિમિટેડ (અગાઉ બજાજ આલિયાન્ઝ જનરલ ઈન્શ્યોરન્સ કંપની લિમિટેડ તરીકે ઓળખાતી)એ આજે 'માય ફેમિલી કમ્પ્લીટ' લૉન્ચ કરવાની જાહેરાત કરી, જે પાલતુ શ્વાન અને બિલાડીઓ/ બિલાડાને પણ પરિવારનો હિસ્સો ગણાવીને પરિવારની સંકલ્પનાને વિસ્તૃત કરતું અગ્રણી હેલ્થ ઈન્શ્યોરન્સ પ્રૉડક્ટ છે. આ પ્રકારનો પ્રથમ પ્લાન, માનવ પરિવારના સભ્યો અને પાલતુ પ્રાણીઓ માટેની અલગ-અલગ પૉલિસીઓને બદલે એક જ સંકલિત પ્લાન પ્રદાન કરીને વિભાજિત સુરક્ષાની ખામીને દૂર કરે છે. આ પ્લાન પાલતુ પ્રાણીઓને પણ વીમાકૃત પરિવારના સભ્ય તરીકે ગણીને, એક જ હેલ્થ પ્રોટેક્શન ફ્રેમવર્ક હેઠળ સંયુક્ત કવરેજ સુનિશ્ચિત કરે છે. આ પ્લાન 5 લાખથી 5 કરોડ સુધીની વીમા રકમના વિકલ્પો પ્રદાન કરે છે, જે પાંચ વર્ષ સુધીની સુવિધાજનક મુદત સાથે, ક્ષતિપૂર્તિ અને લાભ-આધારિત ચુકવણીઓના સંતુલિત સંયોજન સાથે ઉપલબ્ધ છે.'માય ફેમિલી કમ્પ્લીટ' ઘરના દરેક સભ્યને સુરક્ષા પ્રદાન કરવા માટે તૈયાર કરવામાં આવ્યો છે, જેમાં 18 વર્ષ અને તેથી વધુ ઉંમરના પુખ્ત લોકો, 3 મહિનાથી માંડીને 30 વર્ષ સુધીની ઉંમરના આશ્રિત બાળકો અને 3 મહિનાથી ઉપરની ઉંમરના પાલતુ શ્વાન અથવા બિલાડીઓ/બિલાડા સામેલ છે, જેમાં મહત્તમ ઉંમરની કોઈ લિમિટ નથી. આ પ્લાન હૉસ્પિટલમાં દાખલ થઈને લેવાતી સારવાર, રૂમનું ભાડું, રોડ અને પાલતુ પ્રાણીઓ માટેની એમ્બ્યુલન્સ સેવાઓ, હૉસ્પિટલમાં દાખલ થતાં પહેલાં અને પછીના ખર્ચ, ઘર પર મેડિકલ સારવારની સુવિધા, આધુનિક સારવાર પદ્ધતિઓ, આયુષ (AYUSH) હૉસ્પિટલાઈઝેશન (મનુષ્યો માટે), અંગદાતાના ખર્ચ અને પરિવારની મુલાકાતના ખર્ચની ભરપાઈ સહિતનું કવરેજ પ્રદાન કરે છે. ગ્રાહકોને વીમા રકમના અમર્યાદિત પુનઃસ્થાપનનો પણ લાભ મળે છે, એટલે કે જ્યારે પણ હૉસ્પિટલાઈઝેશન કવરની રકમનો સંપૂર્ણ ઉપયોગ થઈ જાય, ત્યારે તેટલી રકમ ફરી ઉમેરવામાં આવે છે. આ ઉપરાંત, 100% સુધીના સંચિત બોનસ, મોતિયાની સારવાર માટેનું કવરેજ અને સ્વસ્થ થવા માટેના નિશ્ચિત લાભો પણ મળે છે. જો ઈન્શ્યોરન્સ ધરાવનાર વ્યક્તિ અથવા પાલતુ પ્રાણીને લાંબા સમય સુધી હૉસ્પિટલમાં દાખલ રહેવું પડે, તો વીમા રકમના 1% જેટલો રિકવરી લાભ ચૂકવવામાં આવે છે.મુખ્ય કવરેજ ઉપરાંત, માય ફેમિલી કમ્પ્લીટ પાલતુ પ્રાણીઓને લગતા વિશેષ લાભો રજૂ કરે છે, જેમ કે પાલતુ પ્રાણી ખોવાઈ જાય ત્યારે જાહેરાતના ખર્ચ અને રિવૉર્ડની ભરપાઈ, પાલતુ પ્રાણીના માલિકના હૉસ્પિટલાઈઝેશન દરમિયાન પાલતુ પ્રાણી માટે ઈમરજન્સી રહેઠાણ સુવિધા અને વીમાકૃત પાલતુ પ્રાણી દ્વારા થતી ઈજા, મૃત્યુ અથવા સંપત્તિના નુકસાન માટે થર્ડ પાર્ટી લાયબિલિટી કવર. આ તમામ વિશેષતાઓ સાથે મળીને માનવ અને પાલતુ પ્રાણી બંને માટે સર્વાંગી કાળજી સુનિશ્ચિત કરે છે, જે આ પ્રૉડક્ટને ખરેખર સર્વસમાવેશક હેલ્થ ઈન્શ્યોરન્સ સોલ્યુશન બનાવે છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, શ્રાવણ સુદ-16

# ગ્લોબલ વોર્મિંગથી હિમાલયની ઈકોસિસ્ટમ બદલાઈ રહી છે

નેપાળના રસુવા જિલ્લામાં બુધવારે અચાનક આવેલા ભીષણ પૂરે બધું વેરવિખેર કરી નાખ્યું. આ પૂરમાં એક હજારથી વધુ લોકો તણાઈ જવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે, જોકે સ્થાનિક તંત્ર તરફથી હજુ સુધી કોઈ ખરાઈ કરવામાં આવી નથી. પૂર એટલું ભયાનક હતું કે મિનિટોમાં જ તે અહીં ચાલી રહેલા પ્રોજેક્ટ્સ, પુલ અને પાવરપ્લાન્ટને પોતાની સાથે વહાવી ગયું. અધિકારીઓએ ભોટેકોશી નદીના કિનારે રહેતા લોકોને તાત્કાલિક ઊંચાણવાળા વિસ્તારોમાં જવાની ચેતવણી આપી હતી. મહત્ત્વની વાત એ છે કે, નેપાળમાં તિબેટ તરફથી અચાનક આવેલા ભીષણ પૂરનું કારણ ગ્લેશિયલ સરોવરનું ફાટવું માનવામાં આવી રહ્યું છે. સામાન્ય રીતે જ્યારે ગ્લેશિયર ઝડપથી પીગળે છે, ત્યારે સરોવર પર દબાણ વધે છે અને તે તૂટી જાય છે. તેને ગ્લેશિયલ લેક આઉટબર્સ્ટ ફ્લડ કહેવાય છે. નેપાળની જે ભોટેકોશી નદીમાં ભીષણ પૂર આવ્યું છે, તેમાં બરફ અને કાટમાળ પણ વહીને આવ્યા છે, જેના કારણે ગણતરીની મિનિટોમાં જ નદીનું જળસ્તર ૮થી ૧૦ મીટર સુધી વધી ગયું. રક્ષક મનાતો હિમાલય હવે કાળ બની રહ્યો છે. આ પહેલાં પણ હિમાલય ક્ષેત્રમાં ગ્લેશિયર ફાટવાની અનેક ઘટનાઓ બની ચૂકી છે. જેમાં સૌથી ભયાનક પૂર ૨૦૧૩માં કેદારનાથમાં આવ્યું હતું, જેમાં હજારો લોકોએ જીવ ગુમાવ્યા હતા. જાણકારોના મતે હિમાલય પર્વત હવે રક્ષક નહીં ભક્ષક બનવા લાગ્યો છે. તેમાં કુદરતી રીતે અનેક ગ્લેશિયર બનવા લાગ્યા છે. આ ગ્લેશિયર બનવાની અને તે તૂટીને નવા ગ્લેશિયર બનવાની ઘટનાઓમાં સતત વધારો થવા લાગ્યો છે જે હિમાલયને અસ્થિર બનાવી રહી છે. નેપાળમાં ગ્લેશિયલ સરોવરોનું જોખમ માત્ર કોઈ એક ઘટના પૂરતું સીમિત નથી. નિષ્ણાતોએ દેશમાં આવા ૪૨ સરોવરોની ઓળખ કરી છે જેને અત્યંત જોખમી માનવામાં આવ્યા છે. હવામાન ખાતાના અધિકારીઓના જણાવ્યા પ્રમાણે આ તમામ વિસ્તારો કોશી પ્રાંતમાં આવેલા છે. સંખુવાસભા જિલ્લામાં પણ આવા ચાર સરોવરો છે જેના પર વિશેષ નજર રાખવામાં આવી રહી છે. આમાં નીચલા બરુણ વિસ્તારના તાલોપોખરી ગ્લેશિયલ સરોવરને અત્યંત સંવેદનશીલ માનવામાં આવ્યું છે. આ સરોવર આશરે ત્રણ કિલોમીટર લાંબુ છે અને તેની ઊંડાઈ લગભગ ૨૦૬ મીટર હોવાનું જણાવાયું છે. જો આવા કોઈ સરોવરનો કુદરતી બંધ તૂટે છે, તો માત્ર આસપાસનો વિસ્તાર જ પ્રભાવિત નહીં થાય, પરંતુ આ પાણી નીચેની ખીણોમાં વસેલા ગામડાઓ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધી પહોંચીને મોટું નુકસાન પહોંચાડી શકે છે.ઉલ્લેખનીય છે કે, ગ્લેશિયર ફાટવું અને ગ્લેશિયલ લેક આઉટબર્સ્ટ ફ્લડ છેલ્લા કેટલાક વર્ષોમાં વારંવાર બનતી ઘટનાઓ છે. આ એવી સ્થિતિને કહેવામાં આવે છે જ્યારે ગ્લેશિયર પીગળવાથી બનેલા સરોવરનો કુદરતી બંધ અચાનક તૂટી જાય છે. આવી સ્થિતિમાં પાણીનો પ્રવાહ, બરફ અને કાટમાળ ઝડપથી ખીણ તરફ વહેવા લાગે છે. વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી સમજીએ તો, જ્યારે ગ્લેશિયર આગળ વધે છે ત્યારે તેઓ પોતાની સાથે રેતી, કાંકરી અને ખડકોના કાટમાળનો ઢગલો છોડતા જાય છે, જે એક મોટો ટેકરો બની જાય છે. તેને મોરેન કહેવામાં આવે છે. ગ્લેશિયરનું પાણી આની અંદર જ જમા થાય છે, જેનાથી એક સરોવર બને છે. જ્યારે આ સરોવરમાં પાણી વધુ ભરાઈ જાય છે અથવા કોઈ મોટો પહાડ તૂટીને તેમાં પડે છે, ત્યારે આ કુદરતી બંધ તૂટી જાય છે અને ગણતરીની મિનિટોમાં જ પાણી વિનાશ વેરતું ખીણો તરફ વહેવા લાગે છે. હિમાલય દુનિયાના એવા વિસ્તારોમાં સામેલ છે જ્યાં ક્લાઈમેટ ચેન્જની અસર ખૂબ જ ઝડપથી જોવા મળી રહી છે. તાપમાન વધવાને કારણે ગ્લેશિયર ઝડપથી પીગળી રહ્યા છે. એક તરફ ગ્લેશિયરનો બરફવાળો ભાગ ઘટી રહ્યો છે, તો બીજી તરફ પીગળેલું પાણી નવા સરોવરો બનાવી રહ્યું છે. હિમાલય વિસ્તારમાં ગ્લેશિયર ફાટવાની કેટલીક મોટી ઘટનાઓ ઉપર નજર મારીએ તો જીવલેણ કુદરતી આપત્તીઓ આવી હતી. સૌથી મોટી હોનારત કેદારનાથ ખાતે થઈ હતી. ઉત્તરાખંડના કેદારનાથમાં ૨૦૧૩માં આવેલું પૂર અને તેના તાંડવે હજારો જિંદગી હોમી દીધી હતી અને લાખો લોકો અસરગ્રસ્ત થયા હતા.

# દાહોદ ખાતે રાજ્યમંત્રીશ્રી રમેશભાઈ કટારાના અધ્યક્ષ સ્થાને સમરસ વિદ્યાસેતુ કાર્યક્રમ યોજાયો

દિપક રાવલ દાહોદ | લીમખેડા

Ratio (GER) હાંસલ કરવા તેમજ શાળામાંથી ડ્રોપઆઉટ થયેલા બાળકોને પુનઃ શિક્ષણ પ્રવાહમાં જોડવાના ઉદ્દેશથી રાજ્યમાં 'સમરસ વિદ્યા સેતુ અભિયાન' અમલમાં મૂકવામાં આવ્યું છે. જે અન્વયે



દાહોદ જિલ્લામાં પણ 'સમરસ વિદ્યા સેતુ અભિયાન' અંતર્ગત ડ્રોપઆઉટ બાળકોને પુનઃશિક્ષણ પ્રવાહમાં જોડવા જિલ્લા વ્યાપી આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત શાળા છોડી ગયેલા તથા શાળામાંથી વિમુખ થયેલા વિદ્યાર્થીઓને ફરીથી શિક્ષણના મુખ્ય પ્રવાહમાં જોડવા માટે વિવિધ મહત્વપૂર્ણ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.આ અભિયાન હેઠળ 'Back to School' અંતર્ગત શાળા છોડી ગયેલા (Drop-out) તથા શાળામાંથી વિમુખ થયેલા વિદ્યાર્થીઓનો શિક્ષકો દ્વારા સંપર્ક કરી જરૂરી માર્ગદર્શન આપી પુનઃ શાળામાં પ્રવેશ અપાવવાનો છે. લિટલ ફ્લાવર્સ સ્કૂલ, દાહોદ ખાતે રાજ્યમંત્રીશ્રી રમેશભાઈ કટારાના અધ્યક્ષ સ્થાને સમરસ વિદ્યાસેતુ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.આ પ્રસંગે મંત્રીશ્રી રમેશભાઈ કટારાએ પ્રાસંગિક પ્રવચન આપતાં કહ્યું હતું કે, ગુરુ એ નાનકડાં ભૂલકાઓમાં સંસ્કારો સાથે વિદ્યા અને વ્યક્તિત્વનું સિંચન કરે છે. પોતાનાં બાળકોના ભવિષ્ય ઘડવાની જવાબદારી દરેક માતાપિતા શિક્ષકોને સોંપી દે છે. શિક્ષક એ બાળકોના જીવનની કેડી કંડારી તેને યોગ્ય દિશામાં દોરી જાય છે. એમણે ઉમેર્યું હતું કે, સરકાર બાળકોને આંગણવાડી થી લઈને કોલેજ પૂર્ણ થવા સુધીની તમામ સગવડ કરી રહી છે. મફત શિક્ષણ થી શરૂ કરીને શિષ્યવૃતિ આપવા સુધીની વ્યવસ્થા પુરી પાડી છે એમ કહેતાં મંત્રીશ્રીએ સામૂહિક પ્રયાસો દ્વારા કોઈપણ બાળક શિક્ષણથી વંચિત ન રહે અને શાળા બહાર રહેલા બાળકો ફરીથી શિક્ષણના પ્રવાહમાં જોડાય તે માટે સઘન કામગીરી હાથ ધરવામાં માટે આહવાન કર્યું હતું.આ સાથે સાંસદશ્રી જશવંતસિંહ ભાભોર એ ઉત્કૃષ્ટ કામગીરી કરનાર સૌ શિક્ષકોને સન્માનિત થવા બદલ અભિનંદન પાઠવી રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા બાળકોના શિક્ષણ માટેની શિષ્યવૃતિ જેવી યોજનાઓ અંગે માહિતી આપી હતી.આ દરમ્યાન મંત્રીશ્રી સહિત ઉપસ્થિત સૌ મહાનુભાવો દ્વારા બેક ટૂ સ્કૂલ અન્વયે શ્રેષ્ઠ કામગીરી કરનાર ૨૨ શિક્ષકોને સન્માનિત કરવામાં આવ્યા હતા. સાથે ૧૧૧ જેટલા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકોને પૂરા પગાર આદેશ એનાયત કરવામાં આવ્યા હતા.આ પ્રસંગે કલેકટરશ્રી સુરભિ ગૌતમ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી હિરેન બારોટ, દાહોદ ધારાસભ્યશ્રી કનૈયાલાલ કિશોરી, ગરબાડા ધારાસભ્યશ્રી મહેન્દ્રભાઈ ભાભોર, દાહોદ નગરપાલિકા પ્રમુખ, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી એસ. એલ. દામા, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી આરત બારીયા, શિક્ષણ નિરીક્ષકશ્રી રાકેશ ભોંકણ સહિત અન્ય અધિકારીશ્રીઓ તેમજ શિક્ષકશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજપીપલા માં દીનદહાડે મહિલા સાથે પાંચ લાખના દાગીનાની ઠગાઈ

રાજપીપલા | નર્મદા જિલ્લા મથક રાજપીપલા માં આજે સવારે. જાહેર રસ્તા પર એક મહિલા ને હિપ્નોટાઈઝ કરી બે ઈસમો મહિલાના પાંચ લાખની કિંમત ના દાગીના લઈ રફુચક્કર થઇ ગયા નો બનાવ પોલીસ ચોપડે નોંધાયો છે . પ્રાપ્ત માહિતી મુજબ અત્રે એમ . વી . રોડ પર ની હરસિદ્ધનગર માં રહેતા ઉષાબેન રાણા બજાર માં જતા હતા ત્યારે સંતોષ ચાર રસ્તા પાસે બે અજાણ્યા ઈસમો એ પોતે હરિદ્વાર ના બ્રાહ્મણ છે તેમ કહી મહિલા ને હિન્દી ભાષા માં કહ્યું કે 'તુમ્હારે ઘર આપદા અને વાલી હૈ '. તુમ્હારે બેટે કે એક્સીડેન્ટ હોનેવાલા હૈ ' એમ જણાવી મહિલા ને વાતોમાં ભોળવી તેના પાંચ લાખ થી વધુ ની કિંમત ના દાગીના જેમાં બંગાડી, વીંટી , કઢાવી એક ઈસમે તમામ દાગીના બીજા ઈસમ ના હાથમાં આપવાનું કહી મહિલા ને 51 ડગલાં ચાલવાનું કહ્યું . હિપ્નોટાઈઝ થયેલી મહિલા 51 ડગલાં ચાલી આવી પરત આવતા અજાણ્યા ઈસમો ભાગી ગયેલા જણાતા આ ઠગાઈ ની ઘટના અંગે ઉષાબેને પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે .

# અમરેલીમાં કેન્દ્રીય મંત્રી અમિત શાહ નું આગમન : લાઠી તાલુકાના દુધાળા ગામ નજીક નવનિર્મિત ગુજરાત ગૌરવ સરોવર નું લોકાર્પણ કરવામાં આવ્યું

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ આજથી બે દિવસ ગુજરાતના પ્રવાસે: આજે પાંચ કાર્યક્રમોમાં હાજરી આપશે ભાજપના ચાણક્ય અને કેન્દ્રીય ગૃહ તથા સહકાર મંત્રી અમિતભાઈ શાહ આજથી બે દિવસ માદરે વતન ગુજરાતના પ્રવાસ



પર છે. આજે તેઓ અલગ-અલગ પાંચ કાર્યક્રમોમાં હાજરી આપશે. આજે સવારે અમિત શાહે સૌરાષ્ટ્રના અમરેલી જિલ્લાના દુધાળામાં પંચગંગા તીર્થ ખાતે હેતની હવેલીનું લોકાર્પણ કર્યું હતું. તેઓ સરકાર અને સંગઠનના વડાઓ સાથે પણ બેઠક યોજે તેવી સંભાવના જણાય રહી છે.ગુજરાતમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીના આડે હવે સવા વર્ષ જેટલો જ સમય બચ્યો છે ત્યારે તમામ રાજકીય પક્ષો દ્વારા ચૂંટણીલક્ષી તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. સત્તાધારી પક્ષ ભાજપ દ્વારા ગુજરાતમાં સતત આઠમીવાર સરકાર બનાવવા માટે તૈયારીઓ શરૂ કરી દેવાય છે. ભાજપના રાષ્ટ્રીય નેતાઓના આંટાફેરા ગુજરાતમાં વધ્યા છે. આજે ગાંધીનગરના સાંસદ, ભાજપના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ અને કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ ગુજરાતની મુલાકાતે આવ્યા છે. સવારે ૧૧:૩૦ કલાકે તેઓએ અમરેલી જિલ્લાના દુધાળા ખાતે હરિકૃષ્ણ ફાઉન્ડેશન દ્વારા નવ નિર્મિત "હેતની હવેલી" સરોવરનું લોકાર્પણ કર્યું હતું. અમદાવાદમાં ૨૦૩૦ માં કોમનવેલ્થ ગેમ્સ યોજાવાની છે. ૨૦૨૬ ઓલિમ્પિક માટે પણ ભારત દાવેદારી મજબૂત માનવામાં આવે છે. જેનું યજમાન પણ અમદાવાદ બને તેવા ઉજળા સંજોગો છે. ઓલિમ્પિક અને કોમનવેલ્થ ગેમ માટે રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી રહેલી તૈયારીઓની સમીક્ષા કરશે. બપોરે અમદાવાદના શાહીબાગ એનેક્ષ સ્થિત સર્કિટ હાઉસ ખાતે સમિક્ષા બેઠક યોજાશે. દરમિયાન બપોરે ૩:૪૫ કલાકે અમિત શાહ અમદાવાદના નારણપુરામાં આશ્રમ રોડ સ્થિત પ્રાણજીવન વિદ્યાર્થી ભવન, ગુજરાત વિદ્યાપીઠના ૭૨ માં પદવીદાન સમારોહમાં ખાસ હાજરી આપી છાત્રોને પદવી એનાયત કરશે. સાંજે ૫:૩૦ કલાકે તેઓ અમદાવાદના થલતેજમાં સિંધુભવન રોડ પર તાજ સ્કાયલાઈન તાજ સંકલ્પ સ્કેવર-૩માં ટ્રોયકા ફાર્માસ્યુટીકલ લીમીટેડ આયોજીત આરવી ફાર્માઈનોવા એવોર્ડ-૨૦૨૬ માં હાજરી આપશે.આજના દિવસના અંતિમ કાર્યક્રમમાં તેઓ બોપલ વિસ્તારમાં બોપલ પંચાયત રોડ સ્થિત બીકેએમ સ્કુલ ખાતે ઘાટલોડિયા વિધાનસભાના લોક દરબારમાં ઉપસ્થિત છે. આ બેઠક મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો મત વિસ્તાર છે.રાત્રિ દરમિયાન તેઓ સરકાર અને સંગઠનના વડાઓ સાથે બેઠક યોજે તેવી શક્યતા દેખાય રહી છે.ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી નજીકના ભવિષ્યમાં યોજાવાની છે ત્યારે આવતીકાલે ગુજરાત પ્રવાસના બીજા દિવસે અમિત શાહ ગાંધીનગર ખાતે સંગઠનના હોદ્દેદારો અને ગાંધીનગર મહાપાલિકાના પદાધિકારીઓ સાથે બેઠક યોજશે.

# રક્ષાબંધન પર્વ પહેલા બનાસની બહેનોને મોટી ભેટ: બનાસ ડેરી દ્વારા ઐતિહાસિક રૂ.૨૯૪૬.૭૭ કરોડનો ભાવફેર જાહેર કરાયો

માહિતી બ્યુરો, પાલનપુર | એશિયાની સૌથી મોટી સહકારી ડેરી એવી બનાસ ડેરીની ૫૮મી વાર્ષિક સાધારણ સભા વાવ-થરાદ જિલ્લાના સણાદર ડેરી પ્લાન્ટ ખાતે ઉત્સાહપૂર્ણ માહોલમાં યોજાઈ જેમાં સંઘનો ભાવફેર રૂ. ૨,૨૩૯.૨૭ કરોડ અને દૂધ મંડળીઓનો ભાવફેર રૂ. ૭૦૭.૫૦ કરોડ સમાવિષ્ટ છે. આ અભૂતપૂર્વ જાહેરાત થતાં જ બૃહદ બનાસકાંઠા સહિત કાર્યક્ષેત્રના લાખો



**બનાસ ડેરી દ્વારા સર્વોચ્ચ ભાવવધારાની જાહેરાતથી હર્ષોલ્લાસ, પશુપાલક બહેનોએ ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીને બાંધી રાખડી**

પવિત્ર રક્ષાબંધન પર્વ પૂર્વે એશિયાની સૌથી મોટી બનાસ ડેરી દ્વારા ઐતિહાસિક ભાવવધારાની જાહેરાત કરવામાં આવતાં બૃહદ બનાસકાંઠા જિલ્લાની પશુપાલક બહેનોમાં દિવાળી જેવો ઉત્સાહ છવાયો છે. ગુજરાતની તમામ સહકારી ડેરીઓ કરતાં વધુ ભાવવધારો મળતા ગ્રામીણ મહિલાઓની આર્થિક સમૃદ્ધિને નવું બળ મળ્યું છે. રક્ષાબંધન પૂર્વે મળેલી આ અનમોલ ભેટ બદલ હર્ષ અને કૃતજ્ઞતા વ્યક્ત કરતાં જિલ્લાભરની પશુપાલક બહેનોએ બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીને સ્નેહપૂર્વક રાખડી બાંધી હતી અને પશુપાલકોના હિતમાં લેવાયેલા આ ઐતિહાસિક નિર્ણય બદલ સંસ્થાના નેતૃત્વ પ્રત્યે હૃદયપૂર્વક આભારની લાગણી પ્રગટ કરી હતી.

હતી. બનાસ ડેરીના ડિરેક્ટરો તથા હજારો પશુપાલકોની ઉપસ્થિતિમાં યોજાયેલી આ સભામાં ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ પશુપાલકો માટે ઐતિહાસિક ભાવફેરની જાહેરાત કરી હતી. આ સાથે વર્ષ દરમિયાન દૂધ ઉત્પાદનમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ટોપ-ટેન મહિલા પશુપાલકોનું મહાનુભાવોના હસ્તે પ્રશસ્તિપત્ર આપી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.આ વર્ષે બનાસ ડેરી દ્વારા પશુપાલકોને કુલ ૧૮.૦૪ ટકા લેખે રૂ. ૨,૯૪૬.૭૭ કરોડનો ઐતિહાસિક ભાવફેર ચૂકવવાનો નિર્ણય કરાયો છે. પશુપાલકોમાં દિવાળી જેવો હર્ષોલ્લાસ છવાઈ ગયો હતો.આ પ્રસંગે બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, આદ્યસ્થાપક સ્વ. ગલબાકાકાએ છેવાડાના ગામની વિધવા બહેન પણ દાતરડાના હાથા પર સ્વમાનભેર જીવન જીવી શકે તેવા ઉમદા વિચાર સાથે માત્ર ૮ ગામથી જે દૂધ ક્રાંતિ શરૂ કરી હતી, તે આજે દેશના ૮ કરતાં વધુ રાજ્યોમાં વિસ્તરી ચૂકી છે. આ સફળતા લાખો પશુપાલકોની એકતા, અતૂટ વિશ્વાસ, ડિરેક્ટર મંડળના માર્ગદર્શન અને અધિકારી-કર્મચારીઓની રાત-દિવસની મહેનતનું પરિણામ છે. દેશ-દુનિયાના અગ્રણી ઉદ્યોગપતિઓ અને નિષ્ણાતોના મંથન થકી વ્યાવસાયિક સંસ્કૃતિ કેળવીને બનાસ ડેરીએ છેલ્લા ૧૦-૧૨ વર્ષમાં વાર્ષિક ટર્નઓવર રૂ. ૩-૪ હજાર કરોડથી વધારીને રૂ. ૨૪,૦૦૦ કરોડની નવી ઊંચાઈએ પહોંચાડ્યું છે. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું કે, પાલનપુર ઉપરાંત સણાદર, બાદરપુરા, ફરીદાબાદ, કાનપુર, લખનઉ, વારાણસી અને આગામી સમયમાં દિલ્હી નજીક બાગપતમાં ૧૫ લાખ લિટરની ક્ષમતાવાળા સંકુલનું નિર્માણ એ આપણી સતત વિસ્તરતી વિકાસયાત્રાની સાક્ષી પૂરે છે. બનાસ ડેરીએ દેશની ખાનગી અને સહકારી ફૂડ પ્રોસેસિંગ સંસ્થાઓમાં નાણાકીય શિસ્ત થકી સર્વોચ્ચ 'ટ્રિપલ-એ' (AAA) રેટિંગ પ્રાપ્ત કરનારી ભારતની પ્રથમ સંસ્થા બનવાનું ગૌરવ મેળવ્યું છે. વર્ષ ૨૦૦૦માં સંસ્થાની કુલ સંપત્તિ રૂ. ૭૮ કરોડ અને ૨૭૮ વીઘા જમીન હતી, જે ૨૦૧૪માં રૂ. ૮૬૫ કરોડ થઈ અને આજે વધીને રૂ. ૫,૦૦૨ કરોડ તથા ૮૬૦ વીઘા જમીન બની છે, જેના સાચા માલિક પશુપાલક પરિવારો છે. વર્ષ ૨૦૦૦માં જિલ્લામાં પશુપાલકોને માસિક રૂ. ૨૦ કરોડની દૂધની આવક થતી હતી, જે ૨૦૧૪માં વધીને રૂ. ૨૮૭ કરોડ અને આજે ૨૫ વર્ષના અંતે દર મહિને રૂ. ૧,૪૨૨ કરોડ સીધા પશુપાલકોના ખાતામાં જમા થઈ રહ્યા છે.

# સાપુતારામાં મોડી રાત્રે લોહિયાળ ખેલ:- મિત્રો વચ્ચેની બોલાચાલીમાં તીક્ષ્ણ હથિયાર થી અરેરાટીભરી હત્યા,મુખ્ય આરોપી રાઉન્ડઅપ..

સુશીલ પવાર | ડાંગ

ડાંગ જિલ્લાનાં પ્રખ્યાત ગિરિમથક સાપુતારા ખાતે ગઈકાલે મોડી રાત્રે હત્યાની એક ચકચારી ઘટના સામે આવી છે.સાપુતારાનાં મ્યુઝિયમ નજીક બેંક ઓફ બરોડા (BOB)નાં ATM પાસે મહારાષ્ટ્રમાંથી સહેલગાહ અર્થે આવેલા મિત્રો વચ્ચે જ બોલાચાલી થતા એક યુવકની તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા કરી દેવામાં આવતાં સમગ્ર વિસ્તારમાં અરેરાટી સાથે ભારે સસનાટી મચી જવા પામી છે.મળતી વિગતો અનુસાર, મહારાષ્ટ્રના નાશિક જિલ્લાનાં સુરગાણા તાલુકામાંથી છ જેટલા યુવક મિત્રો ગિરિમથક સાપુતારા ખાતે ફરવા માટે આવ્યા હતા. જેમાં ચાર મિત્રો પહેલા આવ્યા હતા અને ત્યારબાદ અન્ય બે મિત્રો પાછળથી જોડાયા હતા.મોડી રાત્રે તમામ મિત્રો સાપુતારા ખાતે BOB ATM નજીક નાસ્તો કરવા બેઠા હતા.આ દરમિયાન ગણેશોત્સવમાં ફાળો આપવા બાબતે તેમજ ગત વર્ષે ગણેશ વિસર્જન વેળાએ થયેલી જૂની તકરારને લઈને મિત્રો-મિત્રો વચ્ચે બોલાચાલી શરૂ થઈ હતી.આ બોલાચાલી ઉગ્ર બનતા આવેશમાં



આવેલા એક યુવકે ૨૭ વર્ષીય હેમંત વિલાસ સૂર્યવંશી નામના યુવક પર તીક્ષ્ણ હથિયાર વડે પેટના ભાગે ગંભીર ઘા ઝીંકી દીધા હતા.ઘટનાને પગલે લોહીલુહાણ થઈ ઢળી પડેલા હેમંત સૂર્યવંશીને તેના બે મિત્રો તાત્કાલિક મોટરસાયકલ પર વધુ સારવારનાં અર્થે મહારાષ્ટ્રના વની ખાતે આવેલી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં સારવાર દરમિયાન ગંભીર ઈજા પામેલા હેમંત સૂર્યવંશીનું મોત નીપજ્યું હતુ.આ લોહિયાળ ઘટનાની જાણ થતા જ સાપુતારા પોલીસ મથકનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને કાયદેસરની તપાસ હાથ ધરી હતી. જેમાં ડાંગ એસ.પી.પૂજા યાદવનાં માર્ગદર્શન હેઠળ સાપુતારા પી.આઈ. જે.કે. બારીયા અને તેમની ટીમે ત્વરિત કામગીરી કરી હત્યા કેસમાં સંડોવાયેલા મુખ્ય આરોપી કૃણાલ કિરણ પરદેશીને રાઉન્ડઅપ કરી લીધો છે.જ્યારે ઘટના સ્થળે હાજર અન્ય ૪ શંકાસ્પદ યુવકોની પણ પૂછપરછ હાથ ધરવામાં આવી રહી છે. સાપુતારા પોલીસે આ મામલે મર્ડર (હત્યા)નો ગુનો દાખલ કરી ગુનામાં વપરાયેલ હથિયાર કબ્જે કરવા તથા ઘટનાના ચોક્કસ કારણો અંગે આગળની ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરી છે.

# કેન્દ્ર અને રાજ્ય સરકારની ગાઈડલાઈન: બનાસકાંઠાના તમામ ખાંડના વેપારીઓએ પોર્ટલ પર સ્ટોક જાહેર કરવો ફરજિયાત

માહીતી બ્યુરો, પાલનપુર | જિલ્લા પુરવઠા અધિકારી, બનાસકાંઠા, પાલનપુરની અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર ભારત સરકારના ગ્રાહક બાબતો, અન્ન અને જાહેર વિતરણ મંત્રાલય દ્વારા તા. ૨૮/૦૭/૨૦૨૬ના હુકમથી ખાંડના જથ્થા અંગે સ્ટોક લીમીટ નક્કી કરવામાં આવી છે. જેના અનુસંધાને ગુજરાત સરકાર દ્વારા તા. ૨૭/૦૮/૨૦૨૬ના હુકમથી રાજ્યમાં ખાંડના સ્ટોક માટે નિયત મર્યાદા અમલમાં મૂકવામાં આવી છે.આ અન્વયે બનાસકાંઠા જિલ્લાના તમામ ખાંડના વેપારીઓને સૂચિત કરવામાં આવે છે કે, ખાંડનો સ્ટોક પ્રાપ્ત થયાની તારીખથી ૩૦ દિવસથી વધુ સમય સુધી ખાંડનો જથ્થો સ્ટોકમાં રાખી શકાશે નહીં. તેમજ રાજ્યમાં કોઈપણ સમયે અને કોઈપણ સ્થળે ૪,૦૦૦ ક્વિન્ટલથી વધુ ખાંડનો જથ્થો સ્ટોકમાં રાખી શકાશે નહીં.આ ઉપરાંત જિલ્લાના તમામ ખાંડના વેપારીઓએ ભારત સરકારના foodstock.dfpd.gov.in પોર્ટલ પર ફરજિયાતપણે પોતાના ખાંડના સ્ટોકની સ્થિતિ જાહેર કરવાની રહેશે અને તેમાં સ્ટોકની વિગતો નિયમિતપણે અપડેટ કરવાની રહેશે. સ્ટોક લીમીટના અમલની કામગીરીના ભાગરૂપે આજે બનાસકાંઠા જિલ્લામાં ખાંડના વેપારીઓના વ્યવસાયિક સ્થળોની તપાસ માટે કુલ ૫ ટીમોની રચના કરવામાં આવી હતી. આ ટીમો દ્વારા જિલ્લાના જુદા-જુદા વિસ્તારોમાં ખાંડના વેપારીઓના ધંધાકીય સ્થળોએ કુલ ૧૫ તપાસણીઓ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન વેપારીઓ પાસે રહેલો ખાંડનો જથ્થો નિયત મર્યાદામાં હોવાનું જણાયું હતું. આ બાબતને લઈને વેપારીઓએ તપાસણી ટીમને સહકાર આપવાનો રહેશે. ઉપરાંત સ્ટોક મર્યાદા બાબતે જિલ્લામાં ખાંડ જથ્થાની સંગ્રહખોરી અને કાળાબજારી થતી જણાય તો સંબંધિત મામલતદારશ્રી અથવા જિલ્લા પુરવઠા કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.જિલ્લા પુરવઠા તંત્ર તથા તાલુકા કક્ષાની તપાસણી ટીમો દ્વારા ખાંડના સ્ટોક લીમીટના નિયમોનું પાલન થાય તે માટે જિલ્લામાં સઘન અને સતત તપાસણી હાથ ધરવામાં આવશે. તમામ ખાંડના વેપારીઓને સરકારશ્રી દ્વારા નિયત કરવામાં આવેલી સ્ટોક લીમીટનું ચુસ્તપણે પાલન કરવા તથા સ્ટોકની વિગતો પોર્ટલ પર નિયમિતપણે અપડેટ કરવા અનુરોધ કરવામાં આવે છે.

# નેપાળમાં અચાનક આવેલા પૂરના પગલે જૂનાગઢ જિલ્લાના નાગરિકો માટે વહીવટી તંત્ર દ્વારા હેલ્પલાઈન નંબર જાહેર કરાયા

નરેન્દ્ર દવે જૂનાગઢ

નેપાળ- ચીન સરહદ નજીક આવેલા તિબેટ તરફથી ભોટેકોશી નદીમાં ૨૬ ઓગસ્ટના રોજ અચાનક આવેલા પૂરના પગલે ઉત્તર નેપાળના વિવિધ વિસ્તારોમાં ભારે નુકસાન થયું છે. જૂનાગઢ જિલ્લાના નાગરિકોને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે કે, જો તેમના પરિવારજનો, સગા- સંબંધીઓ કે પરિચિતો માંથી કોઈ વ્યક્તિ નેપાળ ફસાયેલા હોય, ગુમ થયેલા હોય, જાનમાલ નું નુકસાન થયેલ હોય અથવા કોઈપણ પ્રકારની તાત્કાલિક સહાય જરૂરિયાત હોય તો તે માટે જિલ્લા ઈમરજન્સી ઓપરેશન સેન્ટર માટે ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર જાહેર કરવામાં આવ્યો છે. ત્વરિત મદદ માટે જિલ્લા ઈમરજન્સી ઓપરેશન સેન્ટર (DEOC) ટોલ ફ્રી હેલ્પલાઈન નંબર ૧૦૭૭ અથવા ૦૨૮૫-૨૬૩૩૪૪૬, ૦૨૮૫-૨૬૩૩૪૪૭, ૦૨૮૫-૨૬૩૩૪૪૮ તેમજ નેપાળ પૂરની પરિસ્થિતિ માટે ઈમર્જન્સી સંપર્ક નંબર +૯૭૭ ૯૮૫ ૧૩૧ ૬૮૦૭ તેમજ +૯૭૭ ૯૭૦ ૯૧૦ ૭૫૦૦ પર વોટ્સએપ દ્વારા પણ જાણ કરી શકાશે.

# સંખેડા તાલુકાના બહાદરપુર સ્થિત જવાહર નવોદય વિદ્યાલય ખાતે 77મા જિલ્લા કક્ષાના વન મહોત્સવની ઉજવણી કરવામાં આવી





રિપોર્ટર .કમલેશ પટેલ. સંખેડા

સંખેડા તાલુકાના બહાદરપુર સ્થિત જવાહર નવોદય વિદ્યાલય ખાતે 77મા જિલ્લા કક્ષાના વન મહોત્સવની ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમ બાળ અધિકાર સંરક્ષણ આયોગના અધ્યક્ષ ધર્મિષ્ઠાબેન ગજ્જરની અધ્યક્ષતામાં યોજાયો હતો.આ પ્રસંગે ધર્મિષ્ઠાબેન ગજ્જરે જણાવ્યું હતું કે, વડાપ્રધાનના 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત દરેક વ્યક્તિએ એક વૃક્ષ વાવી તેનું જતન કરવું જોઈએ. તેમણે વન મહોત્સવને પ્રકૃતિ પ્રત્યેની આપણી ફરજ ગણાવી અને બાળકોમાં નાનપણથી જ પ્રકૃતિ પ્રત્યે પ્રેમ કેળવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ ઉપેન્દ્રભાઈ રાઠવા અને ધારાસભ્ય અભેસિંહ તડવીએ પ્રાસંગિક ઉદ્બોધન આપ્યું હતું. આ ઉપરાંત, વિદ્યાર્થીનીઓ દ્વારા સાંસ્કૃતિક નૃત્ય રજૂ કરવામાં આવ્યું હતું. મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું અને વૃક્ષરથને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવાયું હતું.આ મહોત્સવ દરમિયાન વન વિભાગના ઉત્કૃષ્ટ કર્મચારીઓને પ્રશસ્તિપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. સાથે જ, વિવિધ યોજનાઓના લાભાર્થીઓને સહાય ચેક અને પ્રગતિશીલ ખેડૂતોને પ્રમાણપત્રો પણ આપવામાં આવ્યા હતા.આ પ્રસંગે કલેક્ટર ગાર્ગી જૈન, DCF ડૉ. પ્રિયંકા ગેહલોત, DCF આર.બી. સોલંકી, ડી.કે. સાધુ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. રક્ષાબંધનના પવિત્ર તહેવાર નિમિત્તે અધ્યક્ષ ધર્મિષ્ઠાબેન ગજ્જરે મંચ પર ઉપસ્થિત તમામ મહાનુભાવોને રાખડી બાંધી હતી.

# આર્ટ્સ કોલેજ લીમખેડા ખાતે "રાષ્ટ્રીય રમત દિવસ" નિમિત્તે "ખેલો ઈન્ડિયા સંવાદ" કાર્યક્રમ ઉત્સાહભેર યોજાયો

દિપક રાવલ દાહોદ

યુવા કાર્યક્રમ અને રમત ગમત મંત્રાલય-ભારત સરકાર, માય ભારત (MY BHARAT), રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.), સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (SAI) તથા લીમખેડા વિભાગ યુવક એજ્યુકેશન સોસાયટી સંચાલિત આર્ટ્સ કોલેજ લીમખેડાના સંયુક્ત ઉપક્રમે 'રાષ્ટ્રીય રમત દિવસ'ની ઉજવણી અંતર્ગત 'ખેલો ઈન્ડિયા સંવાદ' કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમ સંસ્થાના મંત્રીશ્રી ભરતભાઈ ભરવાડ સાહેબના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના ભૂતપૂર્વ સ્પોર્ટ્સ ડાયરેક્ટર અને કોલેજના આચાર્યશ્રી પ્રા. અશ્વિનભાઈ આર. પટેલે જણાવ્યું હતું કે, શિક્ષણ માત્ર પુસ્તકો સુધી સીમિત નથી, પરંતુ રમતગમત દ્વારા શરીર, મન અને



વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ થાય છે.રમત ગમત સંકુલ દાહોદના સ્પોર્ટ્સ કોચ શ્રી લાલાભાઈ સંગાડાએ વિદ્યાર્થીઓને 'ખેલો ઈન્ડિયા' અભિયાન થકી રમત ક્ષેત્રે આગળ વધવા પ્રેરણા આપી હતી. માય ભારત પ્રતિનિધિ ડિન્કીબેન ઉપાધ્યાયે વિદ્યાર્થીઓને પોર્ટલ રજીસ્ટ્રેશન અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે રાષ્ટ્રીય કક્ષાએ રમી ચૂકેલી કોલેજની દીકરીઓનું સન્માન કરી તેમના અનુભવો અને પ્રતિભાવો જાણવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં માય ભારત વોલેન્ટિયર સપનાબેન લબાના પણ ઉપસ્થિત રહ્યા હતા.સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઈતિહાસ વિભાગના પ્રો. ડૉ. બાબુભાઈ પરમારે અને આભારદર્શન હિન્દી વિભાગના પ્રો. ડૉ. જી. એમ. ચંદેલે કર્યું હતું. કાર્યક્રમનું સફળ આયોજન અને સંકલન N.S.S. પ્રોગ્રામ ઓફિસર ડૉ. કમલેશ બી. અમીન દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોલેજનો સમગ્ર સ્ટાફ પરિવાર તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢ ખાતે સંસ્કૃત સપ્તાહ મહોત્સવ અંતર્ગત તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે સન્માન સમારોહ કાર્યક્રમ યોજાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડના માર્ગદર્શન હેઠળ સંસ્કૃત સપ્તાહ મહોત્સવ અંતર્ગત સંસ્કૃત સંભાષણ દિવસની ઉજવણીના બીજા દિવસે ગવર્નમેન્ટ ગર્લ્સ હાઈસ્કૂલ, આઝાદ ચોક, જૂનાગઢ ખાતે તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે સન્માન સમારોહ કાર્યક્રમ યોજાયો હતો.આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય સંસ્કૃત ભાષા પ્રત્યે વિદ્યાર્થીઓમાં રસ અને ગૌરવની ભાવના કેળવવા તેમજ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અંતર્ગત સંસ્કૃત ભાષાના સંવર્ધન અને શિક્ષણના વ્યાપને દરેક લોકો સુધી પહોંચાડવાનો હતો. આ પ્રસંગે સંસ્કૃત વિષયમાં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષામાં ૧૦૦માંથી ૧૦૦ ગુણ પ્રાપ્ત કરનાર તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના સંસ્કૃત વિભાગના ડો. મૌલિકભાઈ કેલૈયા અને ડો. અજયભાઈ જાદવ, સરકારી વિનયન કોલેજ, ભેંસાણના ડો. હાર્દિકભાઈ રાજ્યગુરુ તેમજ સરકારી સંસ્કૃત પાઠશાળા, જૂનાગઢના આચાર્ય જયદેવકુમાર શિશાંગીયા ઉપસ્થિત રહ્યા હતા. વક્તાશ્રીઓએ સંસ્કૃત ભાષાના ઐતિહાસિક, સાંસ્કૃતિક અને શૈક્ષણિક મહત્વ અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી સંસ્કૃતના પ્રચાર-પ્રસાર માટે પ્રેરણા પૂરી પાડી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન જિલ્લા શિક્ષણ અધિકારી શ્રીમતી લતાબેન ઉપાધ્યાયના માર્ગદર્શન હેઠળ જિલ્લા નોડલ અધિકારી કોકિલાબેન ઉંધાડ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન ડાભી દક્ષાબેન દ્વારા સંસ્કૃત ભાષામાં કરવામાં આવ્યું હતું, જેના કારણે સમગ્ર કાર્યક્રમમાં સંસ્કૃત ભાષાનો વિશેષ માહોલ સર્જાયો હતો.

## સંરક્ષણ ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા ઈચ્છતા જૂનાગઢ જિલ્લાના યુવાનો માટે નિઃશુલ્ક નિવાસી તાલીમની તક

નરેન્દ્ર દવે જૂનાગઢ | રાજ્યના યુવાનો સંરક્ષણ ક્ષેત્રમાં વધુને વધુ તકો પ્રાપ્ત કરી શકે તથા તેમના કૌશલ્યનો ઉપયોગ રાષ્ટ્ર નિર્માણના કાર્યમાં થઈ શકે તે હેતુથી જિલ્લા રોજગાર વિનિમય કચેરી, કચ્છ-ભુજ દ્વારા બી.એસ.એફ. તાલીમ કેન્દ્ર, ભુજ ખાતે તદ્દન નિઃશુલ્ક નિવાસી તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવનાર છે.આ તાલીમ વર્ગમાં ઉમેદવારોને રહેવા તથા જમવાની સુવિધા સાથે ફિઝિકલ તેમજ લેખિત પરીક્ષાલક્ષી તાલીમ આપવામાં આવશે. સંરક્ષણ ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા ઈચ્છતા જૂનાગઢ જિલ્લાના લાયકાત ધરાવતા પુરૂષ ઉમેદવારોને આ તાલીમમાં જોડાવા માટે જિલ્લા રોજગાર કચેરી, જૂનાગઢ ખાતે રૂબરૂ હાજર થઈ ૧૦ દિવસની અંદર અરજી રજૂ કરવા જણાવવામાં આવે છે. જેમા અગાઉ આ પ્રકારની નિવાસી તાલીમમાં જોડાઈ ચૂકેલા ઉમેદવારો આ તાલીમમાં જોડાઈ શકશે નહીં. ઉમેદવારની અંતિમ પસંદગી સંરક્ષણ ક્ષેત્રના નિર્ધારિત શારીરિક માપદંડોને આધારે કરવામાં આવશે. સમય મર્યાદામાં જિલ્લા રોજગાર કચેરી, જૂનાગઢ ખાતે પ્રાપ્ત થયેલી અરજીઓ જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ભુજ ખાતે મોકલી આપવામાં આવશે. સંરક્ષણ ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા ઈચ્છતા જૂનાગઢ જિલ્લા ના વધુમાં વધુ લાયક ઉમેદવારો આ નિઃશુલ્ક નિવાસી તાલીમનો લાભ લઈ શકે તે માટે રસ ધરાવતા ઉમેદવારોને સમયમર્યાદામાં અરજી કરવા ઈ.ચા જિલ્લા રોજગાર અધિકારી (સા.) જૂનાગઢની એક યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

# ખેલો ઈન્ડિયા સંવાદમાં પ્રધાનમંત્રીશ્રીએ વર્ચ્યુઅલ માધ્યમથી દેશભરના યુવાનોને કર્યા સંબોધિત: ખેલાડીઓ અને યુવાનો વચ્ચે યોજાયો સીધો સંવાદ

નરેન્દ્ર દવે જૂનાગઢ

આગામી રાષ્ટ્રીય રમત દિવસની ઉજવણીના ઉપક્રમે મારો યુવા ભારત (MY Bharat), જૂનાગઢ તથા રાષ્ટ્રીય સેવા યોજના (NSS)ના સંયુક્ત ઉપક્રમે બહાઉદ્દીન સાયન્સ કોલેજ ખાતે "ખેલો ઈન્ડિયા સંવાદ" કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં યુવાનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમના પ્રારંભે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ વર્ચ્યુઅલ માધ્યમથી દેશભરના યુવાનોને સંબોધિત કર્યા હતા. પ્રધાનમંત્રીશ્રીએ યુવાનોને રમતગમત સાથે જોડાવા, ફિટનેસ ને જીવનનો અભિન્ન હિસ્સો બનાવવા તથા રમતગમત ક્ષેત્રે ભારતને નવી ઊંચાઈઓ પર લઈ જવા માટે પ્રેરિત કર્યા હતા. આ પ્રસંગે જૂનાગઢના ધારાસભ્યશ્રી સંજય કોરડિયા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે યુવાનો સાથે સંવાદ કરતાં રમતગમત નું મહત્વ, યુવા શક્તિની ભૂમિકા તથા રાષ્ટ્ર નિર્માણમાં યુવાનોની સક્રિય ભાગીદારી અંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. યુવાનોએ ધારાસભ્યશ્રી સાથે વિવિધ વિષયો અંગે સંવાદ કરી પોતાના પ્રશ્નો, સૂચનો અને વિચારો રજૂ કર્યા હતા. તેમજ ગાંધીનગર ખેલો ઈન્ડિયા સેન્ટરના કબડ્ડી ખેલાડી શ્રી સંદીપ, નડિયાદના વોલીબોલ ખેલાડી સ્નેહા તથા સ્થાનિક કુસ્તી ખેલાડી રાઠોડ બાંસરી ઉપસ્થિત રહ્યા હતા. ખેલાડીઓએ પોતાના રમતગમત ક્ષેત્રના અનુભવો યુવાનો સાથે વહેંચી રમતગમતમાં ઉપલબ્ધ તકો, તાલીમ, પડકારો અને કારકિર્દીની સંભાવનાઓ અંગે માર્ગદર્શન આપ્યું હતું. યુવાનોએ ખેલાડીઓને રમતગમતમાં કારકિર્દી, તાલીમની સુવિધાઓ, વિવિધ સ્પર્ધાઓ અને રમત પ્રતિભાઓને મળતી તકો અંગે પ્રશ્નો પૂછ્યા હતા. ખેલાડીઓએ પ્રશ્નોના જવાબ આપતાં નિયમિત અભ્યાસ, શિસ્ત, દૃઢ સંકલ્પ અને સતત મહેનતને સફળતાની ચાવી ગણાવી હતી. આ કાર્યક્રમમાં બહાઉદ્દીન સાયન્સ કોલેજના આચાર્ય ડૉ. આર.પી.ભટ્ટ, ઉપાચાર્ય પ્રો.ડૉ. એમ. એમ. જાની, જિલ્લા NSS નોડલ અધિકારી ડૉ. પરાગ દેવાણી, મારો યુવા ભારત,જૂનાગઢના જિલ્લા યુવા અધિકારીશ્રી મયંક ભદૌરિયા, પ્રોગ્રામ ઓફિસરશ્રી કે. એલ. કરાંગિયા સહિતના અધિકારીઓ, પદાધિકારીઓ અને સ્વયંસેવકો ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમના સફળ આયોજનમાં મારો યુવા ભારતના સ્વયંસેવકો ધ્રુવ પરમાર, કૃશા નિમાવત, નિલેશ પોરાણિયા અને મહર્ષિ વિસાવડિયા સહિતના સ્વયંસેવકોએ સક્રિય સહયોગ આપ્યો હતો. કાર્યક્રમ દરમિયાન યુવાનોએ Viksit Bharat Young Leaders Dialogue અંતર્ગત યોજાયેલી પ્રશ્નોત્તરી સ્પર્ધામાં ભાગ લીધો હતો. ઉપરાંત, મારો યુવા ભારત પોર્ટલના માધ્યમથી આઈડિયા બોક્સમાં યુવાનોએ પોતાના વિચારો અને સૂચનો પણ રજૂ કર્યા હતા.

### સાક્ષરો ની સભા /અમરેલી જિલ્લા સાહિત્ય સર્જક પરિવાર દ્વારા ગઝલ કાવ્ય શિબિર પ્રમુખ મનીષાબેન પંડ્યાની પ્રેરણાથી

# હૃદયસ્થ ડૉ પ્રતાપભાઇ પંડ્યાની છઠ્ઠી પુણ્યતિથિ નિમિત્તે ગુજરાતી ભાષાના વિદ્યાર્થીઓ/નવયુવા કવિઓ માટે ગઝલ~કાવ્ય શિબિરનું આયોજન સંપન્ન

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

અમરેલી જિલ્લા સાહિત્ય સર્જક પરિવારના સ્થાપક પ્રમુખ ડૉ પ્રતાપભાઈ પંડ્યાનો જે જીવનમંત્ર હતો તે કેન્દ્રસ્થ રાખી સર્જક પરિવાર દ્વારા નિત્ય નૂતન, હેતુલક્ષી પરિણામદાયી પ્રવૃતિઓ સમયાંતરે કરવામાં આવે છે.ડૉ પ્રતાપભાઈ પંડ્યાની છઠ્ઠી પુણ્યતિથિ નિમિત્તે આદરણીય શ્રી રમાબેન પંડ્યાના આશીર્વાદથી અને પ્રમુખ મનીષાબેન પંડ્યા , અને મેને . ટ્રસ્ટી ઉમેશભાઈ જોષીના પ્રોત્સાહન, સુચારુ માર્ગદર્શનથી સાહિત્યના વિદ્યાર્થીઓ માટે નવતર હેતુલક્ષી પરિણામદાયી અભિગમ સાથે અમરેલી ખાતે તારીખ ૨૨-૦૮-૨૦૨૬ના રોજ ગુજરાતી ભાષાના સુપ્રસિદ્ધ કવિ ડૉ . રઈશ મનીઆરના માર્ગદર્શક પ્રશિક્ષણમા અમરેલી જિલ્લાના ગુજરાતી ભાષાના વિદ્યાર્થીઓ અને નવયુવા કવિઓ માટેની એક દિવસીય ગઝલ કાવ્ય શિબિર



સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી.પ્રારંભે સંસ્થા વતી શ્રી કેતન જોષી એ સહુને આવકારી પૂર્વભૂમિકા રજૂ કરી હતી. કવિ ડૉ. રઈશ મનીઆર , ઉમેશભાઈ જોષી, ડૉ. કાલિન્દી પરીખ, પરેશ મહેતા, લોકગાયક વિમલભાઈ મહેતા ના વરદ્ હસ્તે દીપ પ્રાગટય દ્વારા શિબિરનો શુભારંભ કરવામાં આવેલ. મુખ્ય માર્ગદર્શક કવિ ડૉ રઈશ મનીઆરનું અભિવાદન ટ્રસ્ટી ગણ દ્વારા કરવામાં આવ્યું.ગઝલ, કાવ્ય છંદશાસ્ત્રના તજજ્ઞ ડૉ રઈશ મનીઆરએ જ્ઞાન સાથે ગમ્મત કરાવતી એમની આગવી શૈલીમાં તબ્બકાવાર ગઝલ સ્વરૂપની સમજ, લેખન ,પઠન, કાવ્યત્વનુ મુદ્દાસર માર્ગદર્શન આપતા શિબિરાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો. એમની રસાળ શૈલીમાં સાહિત્ય ગોષ્ઠિ કરી માહોલને એક ગરિમા બક્ષી હતી. સર્જક પરિવારના મેને. ટ્રસ્ટી ઉમેશભાઈ જોષીએ ડૉ. પ્રતાપભાઈ પંડ્યા અને શ્રી રમાબેન પંડ્યાની શિક્ષણ/સાહિત્ય માટેના સમર્પણ ભાવની આદરપૂર્વક નોંધ લઈ સંસ્થાની પ્રવૃતિઓની ટૂંકમાં વાત કરી લાભાન્વિત શિબિરાર્થીઓને ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવી અને સહુનો આભાર માન્યો હતો.સમગ્ર શિબિર દરમિયાન કોલેજના વિદ્યાર્થીઓ, નવયુવા કવિઓ કે જે અમરેલી સાહિત્ય જગતની ઉજ્જવળ આવતીકાલ છે એ સહુએ રસપુર્વક માર્ગદર્શન મેળવીને ખૂબ જ રાજી થયા હતા. સંસ્થાના મોભી મનીષાબેન પંડ્યા અને અમરેલી જિલ્લા સાહિત્ય સર્જક પરિવાર પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી.પ્રાથમિક સંચાલન કેતન જોષી દ્વારા કરવામાં આવેલ. આ તકે સાહિત્યકાર ડૉ કાલિન્દી પરીખ ની પ્રોત્સાહક ઉપસ્થિતિ, ભારતીબેન ગોહિલનો પ્રેરક શુભેચ્છા સંદેશ, તેમજ નિમંત્રિત વિદ્યાર્થીઓ, નવયુવા કવિઓ, કોલેજના પ્રાધ્યાપકશ્રીઓની ઉત્સાહભેરની હાજરી એ આયોજક ટીમ માટે ઉત્સાહવર્ધક બની હતી.સમગ્ર ઉપક્રમમાં જરુરી તમામ સુવિધાઓથી લઈને સફળ બનાવવા સુધીની જહેમત પ્રસિદ્ધ લોકગાયક અને સર્જક પરિવારના શ્રી વિમલભાઈ મહેતા અને મિત્ર મંડળ , પરેશ મહેતા, કેતન જોષી, પ્રયાગ મહેતા વગેરેએ ઉઠાવી હતી.

# સંસ્કૃત સપ્તાહ અંતર્ગત તાલાળા તાલુકા કક્ષાનો સંસ્કૃત સંભાષણ દિવસની ઉજવણી કરવામાં આવી

નરેન્દ્ર દવે જૂનાગઢ

તાલાલા નગરપાલિકા ખાતે સંસ્કૃત સપ્તાહ અંતર્ગત તાલુકા કક્ષા ના સંસ્કૃત સંભાષણ દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમમાં સંસ્કૃત ભાષાના મહત્વ, ઉપયોગિતા અને દૈનિક જીવનમાં સંસ્કૃત સંભાષણના પ્રયોગ અંગે વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવવામાં આવી.આ પ્રસંગે સંસ્કૃત વિષયમાં 100 માંથી 100 ગુણ પ્રાપ્ત કરનાર પ્રતિભાશાળી બાળકોનું સન્માન કરવામાં આવ્યું હતું, મહેનત, નિયમિત અભ્યાસ અને સંસ્કૃત પ્રત્યેના રસ દ્વારા શ્રેષ્ઠ પરિણામ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવ્યા.કાર્યક્રમ દરમિયાન આંકોલવાડી કન્યાશાળાના શિક્ષકશ્રી નિશાંતભાઈ મહેતા દ્વારા સંસ્કૃત ભાષાનું મહત્વ સમજાવવામાં આવ્યું. તેમણે જણાવ્યું કે, સંસ્કૃત માત્ર પ્રાચીન ભાષા નથી, પરંતુ ભારતીય સંસ્કૃતિ, જ્ઞાન, વિજ્ઞાન,



સાહિત્ય અને સંસ્કારોનો અમૂલ્ય વારસો છે. સંસ્કૃતનું અધ્યયન વિદ્યાર્થીઓમાં ભાષાકૌશલ્ય, ઉચ્ચારશુદ્ધિ, સ્મરણશક્તિ અને ભારતીય સંસ્કૃતિ પ્રત્યે ગૌરવની ભાવના વિકસાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.સંસ્કૃત સંભાષણ દ્વારા બાળકોમાં સંસ્કૃત ભાષા સરળ બને એવી ભાવના વિકસે અને સંસ્કૃતને જીવંત તથા વ્યવહારુ ભાષા તરીકે આગળ વધારવાનો સંકલ્પ કરવામાં આવ્યો.આ તકે મામલતદાર સાહેબશ્રી, તથા તા.પ્રા.શિ.અધિકારીશ્રી બલદાણીયાના માર્ગદર્શન થકી તેમજ નિશાંતભાઈ, અનિલભાઈ, વિજયભાઈ, વાઢેરભાઈ નગરપાલિકા હાઈસ્કૂલ નાં આચાર્યશ્રી આર. આર.પરમાર તેમજ સમગ્ર શાળા પરિવારનો પણ ખૂબ સારો ઉત્સાહ જોવા મળ્યો. સમગ્ર કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો અને ઉપસ્થિત મહાનુભાવોમાં સંસ્કૃત ભાષા પ્રત્યેનો ઉત્સાહ અને ગૌરવ સ્પષ્ટપણે જોવા મળ્યો.

# સંખેડા પોલીસ મથકે બહેનોએ પોલીસકર્મીઓને ઉત્સાહભેર બાંધી રાખડી



રિપોર્ટર .કમલેશ પટેલ. સંખેડા

રક્ષાબંધનના પાવન પર્વ નિમિત્તે સંખેડા પોલીસ મથકે વિશ્વ હિન્દુ પરિષદની માતૃશક્તિ અને દુર્ગાવાહિનીની બહેનો દ્વારા રક્ષાબંધન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બહેનોએ પોલીસકર્મીઓને રાખડી બાંધી હતી.કાર્યક્રમ દરમિયાન, બહેનોએ પોલીસ ઈન્સ્પેક્ટર ગોહિલ સહિત સમગ્ર પોલીસ સ્ટાફને રાખડી બાંધી હતી. તેમણે પોલીસ ભાઈઓને



દીર્ઘાયુ અને સુરક્ષા માટે આશીર્વાદ પાઠવ્યા હતા, અને બદલામાં સુરક્ષાનું વચન લીધું હતું.આ પ્રસંગે પીઆઈ ગોહિલે જણાવ્યું હતું કે, સમાજની તમામ બહેનોની સુરક્ષા માટે સંખેડા પોલીસ હંમેશા તત્પર છે. પીએસઆઈ બારીયાએ પણ મહિલા સુરક્ષા પ્રત્યે પોલીસની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી.આ સમગ્ર કાર્યક્રમ ભાઈ-બહેનના પ્રેમ અને રક્ષાના ભાવ સાથે સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયો હતો.

# શ્રાવણ શુક્લ ચતુર્દશી અને પૂનમની સંયુક્ત તિથિ પર સોમનાથ મહાદેવને "અર્ક પુષ્પ શ્રૃંગાર"



નરેન્દ્ર દવે જૂનાગઢ

શિવ ભક્તોનો મહાઉત્સવ એટલે કે પવિત્ર શ્રાવણ માસ ચાલી થયો છે ત્યારે સોમનાથ મંદિરમાં મહાદેવને નિત્યક્રમ ઉપરાંત વિશેષ પૂજન અને શ્રૃંગાર કરવામાં આવે છે. મહાદેવને શ્રાવણ માસ દરમિયાન પ્રત્યેક દિવસે વિશેષ સાયમ શ્રૃંગાર કરવામાં આવે છે. આજે શ્રાવણના ચતુર્દશી અને પૂર્ણિમાની સંયુક્ત તિથિ પર સોમનાથ મહાદેવને શિવજીને પ્રિય માનવામાં આવતા અર્ક એટલેકે આંકડાના પુષ્પો તેમજ વિવિધ રંગના પુષ્પોનો શ્રૃંગાર કરવામાં આવ્યો હતો. ભકતોને અર્ક અને વિવિધ રંગના પુષ્પોથી સુશોભિત શિવજીના સૌમ્ય સ્વરૂપના મનમોહક દર્શનનો લાભ મળ્યો હતો.સનાતન ધર્મમાં પ્રાચીન કાળથી મહાદેવને અર્ક પુષ્પની પૂજા કરવાનું મહત્વ વર્ણવવામાં આવ્યું છે. શિવપુરાણ અનુસાર અર્ક પુષ્પને શિવજીની ઉપાસનાનો મહત્વપૂર્ણ ભાગ માનવામાં આવે છે. અર્ક પુષ્પ સાથે ભગવાન શિવની પૂજા કરવાથી ભક્તની આધ્યાત્મિક પ્રગતિ થાય છે. તેમજ તેમના કર્મફળમાં સુધારો થાય છે, શિવ ઉપાસનામાં અર્ક પુષ્પ શ્રેષ્ઠ તત્વ હોવાનું વર્ણન સનાતન સંસ્કૃતિની પરંપરાઓમાં જોવા મળે છે. અર્ક પુષ્પ અલંકૃત ભગવાન શિવજીના દર્શન કરવાથી ભક્તોનો સંયમ વધે છે અને તેમને મહાદેવની અનુભૂતિ તરફ આગળ વધવામાં મદદ મળે છે.

# ગૂજરાત વિદ્યાપીઠ ખાતે ૭૨મો પદવીદાન સમારોહ સંપન્ન

### કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ અને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની ગરિમામય ઉપસ્થિતિ

અમદાવાદ | અમદાવાદમાં ગૂજરાત વિદ્યાપીઠ ખાતે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ તથા વિદ્યાપીઠના કુલાધિપતિ અને ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં વિદ્યાપીઠનો ૭૨મો પદવીદાન સમારોહ ગરિમાપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયો હતો. ઐતિહાસિક પ્રાણજીવન વિદ્યાર્થી ભવનના પ્રાંગણમાં યોજાયેલા દીક્ષાંત સમારોહમાં ૭ વિદ્યાશાખાના ૧૮ વિભાગોના કુલ ૯૦૦ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી. શૈક્ષણિક સિદ્ધિની સાથોસાથ ગાંધીવાદી મૂલ્યો, સામાજિક સેવા, સંશોધન અને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓમાં ઉત્કૃષ્ટતા દર્શાવનાર ૧૧ વિદ્યાર્થીઓને કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહ અને રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના હસ્તે 'કુલાધિપતિ મંદિર ચંદ્રક' અને 'ધ્વજ ચંદ્રક' તથા પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે વિધાપીઠના વાર્ષિક અહેવાલનું પણ વિમોચન કરવામાં આવ્યું હતું. સમારોહના મુખ્ય અતિથિ પદેથી પ્રાસંગિક ઉદ્બોધન આપતાં કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે ગૂજરાત વિદ્યાપીઠ સાથેના પોતાના સંસ્મરણો વાગોળતાં જણાવ્યું હતું કે, તેઓ વિદ્યાપીઠની લાયબ્રેરીના ગહન અભ્યાસુ અને વાચક રહ્યા છે. જે લાયબ્રેરીમાં તેઓ કલાકો સુધી વાંચન કરતા હતા, તે વિદ્યાપીઠના દીક્ષાંત સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેવા બદલ ગૌરવની લાગણીની અનુભૂતિ તેમણે વ્યક્ત કરી હતી. આ પરિસર એ દેશના સ્વતંત્રતા સંગ્રામની વ્યૂહરચનાઓ અને રાષ્ટ્રીય શિક્ષણ પદ્ધતિનું સાચું મૉડેલ ઘડનારી તપોભૂમિ છે એમ તેમણે ઉમેર્યું હતું. તેમણે વિદ્યાપીઠ અને ખાદી સાથેના અંગત જોડાણનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, માતાના આશીર્વાદ અને સંકલ્પથી તેઓ પોતે પણ જીવનપર્યંત ખાદી ધારણ કરી રહ્યા છે. ખાદી એ માત્ર વસ્ત્ર કે આર્થિક પ્રવૃત્તિ નથી પરંતુ સમાજના અંતિમ વ્યક્તિની ચિંતા




કરવાનો ગાંધીવાદી વિચાર છે. દેશમાં પાછલાં વર્ષોમાં ખાદી ગ્રામોદ્યોગનું ટર્નઓવર અનેકગણું થયું છે, જે ગાંધી વિચારોની સ્વીકાર્યતા દર્શાવે છે.પૂજ્ય બાપુના જીવનમૂલ્યોની વર્તમાન સમયમાં પ્રસ્તુતતા દર્શાવતાં ગૃહ મંત્રીશ્રીએ જણાવ્યું કે, ગાંધીજીનો સંદેશ ગઈકાલે પણ પ્રસ્તુત હતો, આજે પણ છે અને આવનારા સમયમાં પણ શાશ્વત રહેશે. ગાંધીજીના વિચારોમાં ભારતીય જ્ઞાન પરંપરા, સનાતન જીવનમૂલ્યો અને સંસ્કૃતિ જ વણાયેલાં છે. બાપુ દ્વારા દર્શાવવામાં આવેલા 'સાત સામાજિક પાપ'જેવા કે સિદ્ધાંત વિહીન રાજનીતિ, નૈતિકતા વિહીન વ્યાપાર, શ્રમ વિહીન ધન, વિવેક વિહીન જ્ઞાન અને ભોગ, ચરિત્ર વિહીન જ્ઞાન, માનવતા વિહીન વિજ્ઞાન અને ત્યાગ વિહીન ઉપાસના તથા ૧૧ વ્રતો અને સ્વભાષાનો આગ્રહ આજે પણ એટલા જ મહત્વના છે. તેમણે ઉમેર્યું કે દેશની નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ (NEP) માં પણ માતૃભાષા, કૌશલ્ય, ભારતીય જ્ઞાન પરંપરા અને સર્વાંગી વિકાસ જેવા મૂલ્યોને જ કેન્દ્રમાં રાખવામાં આવ્યા છે.પદવી ધારણ કરી સમાજ જીવનમાં પ્રવેશતા વિદ્યાર્થીઓને પ્રેરણાદાયી સંદેશ આપતાં તેમણે જણાવ્યું કે, વિદ્યાપીઠના પ્રાંગણમાંથી બહાર નીકળતાં પહેલાં સ્વ માટે નહીં પરંતુ દેશ, સમાજ અને ગરીબોના કલ્યાણ માટેનું લક્ષ્ય નક્કી કરવું. જો દેશ માટે લક્ષ્ય નક્કી હશે તો નિષ્ફળતા કે કઠિન પરિસ્થિતિમાં પણ ક્યારેય નિરાશા તમને નહીં ઘેરે.તેમણે વધુમાં ઉમેર્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં છેલ્લા ૧૨ વર્ષથી દેશ ભારતીય મૂળતત્વો અને આધુનિકતાના સમન્વય સાથે 'પુન:નિર્માણ'ના માર્ગે આગળ વધી રહ્યો છે. તેમણે યુવાનોને આહ્વાન કર્યું હતું કે વર્ષ ૨૦૪૭ માં જ્યારે ભારત આઝાદીની શતાબ્દી ઉજવે ત્યારે દેશ દરેક ક્ષેત્રમાં વિશ્વમાં સર્વપ્રથમ અને આત્મનિર્ભર બને તેવા 'વિકસિત ભારત'ના સંકલ્પને સાકાર કરવામાં વિદ્યાપીઠના પદવીધારકો મહત્વની ભૂમિકા ભજવે. ગૂજરાત વિદ્યાપીઠના ૭૨મા પદવીદાન સમારોહમાં દીક્ષાંત પ્રવચન આપતાં વિદ્યાપીઠના કુલાધિપતિ અને ગુજરાત રાજ્યના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ગુરુકુળ પરંપરા, વેદ-ઉપનિષદના આદર્શો અને મહાત્મા ગાંધીના મૂલ્યો પર સઘન પ્રકાશ પાડ્યો હતો.તેમણે દીક્ષાંત સમારોહનું મહત્વ સમજાવતા જણાવ્યું હતું કે, આ ક્ષણ શિક્ષણ મેળવ્યા બાદ સમાજ પ્રત્યેના ઉત્તરદાયિત્વને સ્વીકારવાની અવિસ્મરણીય ક્ષણ છે. પ્રાચીન સમયથી ગુરુ પોતાના શિષ્યોને વિદ્યા પૂર્ણ કર્યા બાદ સમાજમાં મોકલતી વખતે જે ઉપદેશ આપતા હતા, તે જ પરંપરા આજે પણ વિદ્યાપીઠ જેવી સંસ્થામાં જીવંત છે.આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ તૈત્તિરીય ઉપનિષદનો સંદર્ભ આપતાં વિદ્યાર્થીઓ સમક્ષ ત્રણ મુખ્ય ઉપદેશો અને જીવનકર્તવ્યો રજૂ કર્યા હતા.

# લીમખેડામાં પ્રિન્ટેડ કાગળમાં ગરમાગરમ જલેબીનું થઈ રહ્યું છે વેચાણ

## પ્રતિબંધિત સ્યાહીવાળા કાગળમાં ખાદ્ય સામગ્રી અપાતા નાગરિકોના સ્વાસ્થ્ય પર જોખમ ઊભું થયું છે, જેથી તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવે તે જરૂરી



દિપક રાવલ દાહોદ લીમખેડા

લીમખેડામાં રેલવે ઘરનાળાની નજીક આવેલ જોધપુરી જલેબી સેન્ટરના સંચાલક દ્વારા ગ્રાહકોને ગરમાગરમ અને સ્વાદિષ્ટ જલેબી પ્રિન્ટેડ રદદી કાગળમાં પેક કરીને આપવામાં આવતી હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. રોજબરોજ મોટી સંખ્યામાં લોકો અહીં ખાણીપીણીની ચીજવસ્તુઓ ખરીદવા માટે આવે છે, પરંતુ ગ્રાહકોના સ્વાસ્થ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં કરવામાં આવી રહ્યા હોવાનું જણાયું છે.ભારતીય ખાદ્ય સુરક્ષા અને માનક પ્રાધિકરણ તેમજ સરકાર દ્વારા અગાઉથી જ ન્યૂઝપેપર, ઈન્કવાળા કાગળ કે અન્ય પ્રિન્ટેડ રદદી કાગળમાં કોઈપણ પ્રકારની ખાદ્ય સામગ્રી આપવા ઉપર સખત પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. અખબારો છાપવા માટે ઉપયોગમાં લેવાતી સ્યાહીમાં વિવિધ હાનિકારક રસાયણો, પિગમેન્ટ્સ અને ઝેરી તત્વો હોય છે, જે ગરમી કે તેલના સંપર્કમાં આવવાથી સીધા જ ખાદ્ય પદાર્થમાં ભળી જાય છે. આ ઝેરી તત્વો મનુષ્યના શરીરમાં પ્રવેશવાથી કેન્સર જેવી ગંભીર બીમારીઓ ઉપરાંત પાચન તંત્ર અને કિડનીને નુકસાન પહોંચાડી શકે છે તેમ છતાં કેટલાક વેપારીઓ દ્વારા બેફામપણે આ નિયમોની ધજાગ્યા ઉડાડવામાં આવી રહી છે.સ્થાનિક રહીશો અને જાગૃત નાગરિકોમાં આ બાબતે ભારે રોષ ફેલાયો છે. રેલવે ઘરનાળા નજીક ધમધમતી આ દુકાનમાં ગ્રાહકોની ભારે ભીડ જામતી હોય છે, અને ગ્રાહકો અજાણતા જ પોતાના પરિવાર માટે ઝેર સમાન ખોરાક ખરીદીને ઘર ભેગો કરી રહ્યા છે. અગાઉ પણ તંત્ર દ્વારા આવા વેપારીઓ સામે લાલ આંખ કરવામાં આવી હોવાના દાવા કરવામાં આવે છે, પરંતુ ગ્રાઉન્ડ લેખે સ્થિતિ જસની તસ જોવા મળી રહી છે.આ ગંભીર બેદરકારી સામે જિલ્લાના ફૂડ એન્ડ ડ્રગ્સ ડિપાર્ટમેન્ટ તથા સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા ક્યારે સચોટ કાર્યવાહી કરવામાં આવશે તે મોટો પ્રશ્ન બન્યો છે. અગાઉ થયેલી ચેતવણીઓ અને નિયમોના આદેશો છતાં જવાબદાર સંચાલકો બેફામ બન્યા છે. સ્થાનિક લોકો દ્વારા તાત્કાલિક ધોરણે આ દુકાન તેમજ વિસ્તારની અન્ય ખાણીપીણીની હોટલો અને લારીઓ પર સઘન તપાસ હાથ ધરીને કાયદેસરની કડક દંડાત્મક કાર્યવાહી કરવાની માંગ ઉઠી રહી છે જેથી સામાન્ય નાગરિકોના સ્વાસ્થ્યનું રક્ષણ થઈ શકે.

## ગેરકાયદે કોસ્મેટિક્સ પ્રવૃત્તિ સામે FDCAની લાલ આંખ

ગાંધીનગર | મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન, આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાની સૂચના તથા ખોરાક અને ઔષધ નિયમન તંત્ર (FDCA), ગુજરાત રાજ્યના કમિશનરશ્રીના નેતૃત્વ હેઠળ રાજ્યભરમાં ગેરકાયદેસર કોસ્મેટિક ઉત્પાદન અને રીપેકિંગ કરતી પ્રવૃત્તિઓ સામે સઘન ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. નાગરિકોના આરોગ્ય અને સલામતી સાથે ચેડાં કરતી આવી તમામ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે રાજ્ય સરકારના 'ઝીરો ટોલરન્સ' અભિગમ હેઠળ કડકમાં કડક કાયદાકીય કાર્યવાહી આગામી સમયમાં પણ ચાલુ જ રહેશે તેમ આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ સ્પષ્ટપણે જણાવ્યું હતું. આ ઝુંબેશ અંતર્ગત કમિશનરશ્રીને મળેલી ગુપ્ત બાતમીના આધારે, તા.૨૫ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ તંત્રની ટીમ દ્વારા અમદાવાદના ત્રાગડ વિસ્તારમાં આવેલી 'આનકી હર્બલ' નામની પેઢી પર સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

# રક્ષા બંધનનું મહત્વ



- રુપાલી દવે

યેન બદ્ધો બલિરાજા, દાનવેન્દ્રો મહાબલ: |
તેન ત્વાં પ્રતિબધ્નામિ, રક્ષે મા ચલ મા ચલ:

પરંપરા અને રિવાજ એ ભારત દેશની આગવી ઓળખ છે દરેક દેશની સંસ્કૃતિ જ એના પાયા ના સંસ્કાર હોય છે..ભાઈ બહેન ના સબંધ માટે એક માતા ના કુખે જન્મવું જરૂરી નથી હોતું આ સબંધ એ પરમ પિતા એ બાંધેલ ઋણાનું બંધન ના વધારે હોય છે. ભાઈઓ, બહેનોના દિલ થી આપેલ "આશીર્વાદ" શબ્દ માં એવી તાકાત હોય છે ને કે જન્મોજન્મના પાપકર્મ રાખ થતા હોય છે.જે ઘરમાં દીકરીઓનું માનસન્માન થાય છે ને ત્યાં ધન ની અછત કયારેય થતી નથી.ગરીબ કે અમીર આખરે એ તમારા આંગણાનો છોડ છે એટલે પિયર આવેલ દીકરીના આંખ માંથી આંસુ નીકળવું ન જોઈએ. રક્ષાબંધનના પવિત્ર દિવસે "એક આખો દિવસ બહેન" માટે જરૂર થી ફાળવજો.

કોણ હલાવે લીમડી ને કોણ ઝુલાવે પીપળી,
ભાઈ ની બહેન લાડકી ને ભઈલો ઝુલાવે પીપળી..

આ ધરતી પર પ્રથમ વખત લક્ષ્મીજી એ દાનવ રાજ બલી ના કાંડા પર ઉપર આપેલ શ્લોક અગિયાર વખત બોલી ને રક્ષા બાંધી હતી.આ બાદ "રક્ષા બંધન" નો તહેવાર ધરતી પર ધામ ધૂમ થી ઉજવવાની પ્રથા પડી ગઈ હતી.આપણા ને પશ્ન થાય કે ધરતી પર ના ધન, ધાન્ય અને સુખ સમૃદ્ધિ ના દેવી "લક્ષ્મીજી" ને ત્યાં તો શું કમી હોય? બલી રાજા ની રક્ષા કરવાની શું જરૂર પડી ગઈ હશે? સુદામાની પોટલી માંથી બે મુઠી તાંબુલ ખાધા બાદ જેવા ત્રીજી મુઠી ખાવા જતા હતા ત્યાજ ભગવાન ના હાથ પકડી ને "બે મુઠી બસ"કહેનાર લક્ષ્મીજી એ કેમ દાનવ રાજ બલી ના પાતળ લોક માં સ્વયં પગલા પાડ્યા હતા? વિચારો સમૃદ્ધિ આવતા જ ઘરની ક્રાંતિ વધી જતી હોય તો જેના ઘરમાં સ્વયં માતા લક્ષ્મીજી પોતે પગલા પાડે એ સ્થાન સ્વર્ગ બની જતો હશે. પુરાણ માં રક્ષા બંધનના તહેવાર ની ખાસ કથા છે આ ક્થા માં જ આપણા બધાના પ્રશ્નો ના જવાબ છે:

કથા :

ધરા પર દાનવ રાજ બલી એ દાનવ કૂળ માં જન્મ્યા હતા છતાંય ભગવાન વિષ્ણુ ના ભક્ત હતા.જે વિષ્ણુ ભક્ત પ્રહલાદ ના વંશ માં જન્મ્યા હતા એટલે સહજ એના સંસ્કાર માં "વિષ્ણુ સ્મરણ" રહેતું હતું.ધર્મ નિષ્ટ પ્રજાવત્સલ ભૂમિ ના રાજા બલી એ સ્વર્ગ નું સિંહાસન પ્રાપ્ત કરી શકે એ માટે એના કુલ ગુરુ શુક્રાચાર્ય એ નર્મદા કિનારે રાજસૂય યજ્ઞ નું નિર્માણ કર્યું હતું. સ્વર્ગ ના રાજા ઈન્દ્ર ને ભય લાગતા એ ભગવાન વિષ્ણુ ના આશ્રય માં જઈને બલી રાજાના યજ્ઞથી બચાવવા આજીજી પૂર્વક વિનવણી કરી.સ્વર્ગ ના રાજા ઈન્દ્ર ને નિર્ભય કરીને ભગવાન વિષ્ણુ એ વામન રૂપ ધારણ કર્યું. નર્મદા કિનારે ચાલી રહેલ રાજસૂય યજ્ઞ માં નાનકડા બાળ બ્રહ્મચારી વામન ભગવાન એ પધાર્યા ત્યારે બલી રાજા ને એમાં આત્મસ્વરૂપ ના દર્શન થયા હતા. માંગી લે. વામન સ્વરૂપ ધારણ કરીને ને પધારેલ પ્રભુ એ રાજા બલી નું અંતર મન વાંચી લીધું હતું એટલે ભક્તની ઈચ્છા પૂરી કરવા માંગતા હતા. રાજા નો હાથ [illegible] થોડે દૂર લઈ જઈને ખાનગી માં સમજાવ્યું હતું કે બેટા,ડરપોક ઈન્દ્ર ને બચાવવા વૈકૂંઠ પતિ વિષ્ણુ પોતે વામન રૂપ ધારણ કરી ને આવ્યો છે.કુલગુરુ શુક્રાચાર્ય



દર્શન થતા જ બલી રાજા મનોમન સમજી ચૂક્યા હતા કે આ બીજું કોઈ નથી મારા પ્રભુ જ છે જેણે વામન સ્વરૂપ ધારણ કર્યું છે.ત્યારે જ બલી રાજા એ મનોરથ કર્યો કે આજ મારા પ્રભૂ મારું સ્વર્સવ સાથે મને પણ રાજસૂય યજ્ઞ માં વામન સ્વરૂપ ધારણ કરીને પધારેલ ભગવાન ને જોતાજ દાનવ કૂળગુરુ શુક્રાચાર્ય સમજી ગયા હતા કે બાળ બ્રહ્મચારી ના રૂપ માં સ્વયં વિષ્ણુ છળ કરવા આવ્યો છે.ગુરુ શુક્રાચાર્ય એ બલી ની વાત સાંભળતા જ બલી રાજા એ કહ્યું હતું કે ગુરુદેવ, બલી ને ત્યાં ભિક્ષા માંગવા ભગવાન ને વામન સ્વરૂપ લઈને દક્ષિણા માટે આવવું પડે આથી વધારે મોટું સૌભાગ્ય અન્ય શું હોય શકે. સ્વર્ગ ના રાજા બનવા કરતા પણ મોટું મારા માટે મારા આરાધ્ય નું સાનિધ્ય પ્રાપ્તિ છે. જ્યારે ભગવાન વામન એ બલી રાજા ની પાસે થી ત્રણ પગલા દક્ષિણા માંગી ત્યારે પણ દાનવ કૂળગુરુ શુક્રાચાર્ય એ એના શિષ્ય ને ઈશારો કર્યો હતો.બલી રાજા મનોમન સંકલ્પ કરી ચૂક્યા હતા એટલે એણે ત્રણ ડગલા ભૂમિ માટે અંજલિ માંથી પાણી મૂકતા જ ભગવાન ના વામન વચન માં બંધાઈ ગયા હતા. ભગવાન વામન એ તુરંત બે ડગલા માં પૃથ્વી,આકાશ અને સ્વર્ગ માપી લીધા બાદ રાજા બલી ને પૂછ્યું હતું કે ત્રીજું ડગલું ક્યાં મૂકું? જમીન પર નત મસ્તક મુકુટ કાઢી ને બેસી જતા રાજા બલી એ આનંદ થી બોલ્યા હતા કે ભગવાન,આપનું ત્રીજું ડગલું મારા મસ્તક પર મૂકી દ્યો જેથી મારી ભક્તિ અવિચલ રહે.

ભગવાન વિષ્ણુ એ વામન અવતાર ધારણ કરીને રાજા બલી નું સર્વસ્વ લઈ લીધું એની સામે ભગવાન ને એના ભક્તને પાતળ લોકનું રાજ્ય,સત યુગમાં સ્વર્ગ લોકનું સિંહાસન અને પાતાળ લોકની સેવા ખુદે સ્વીકારી હતી. બાકી બધું તો લક્ષ્મીપતિ એ ઉચિત કર્યું પણ પાતળ લોક ની પહેદારી વિશે લક્ષ્મીજી અજાણ હતા. ભગવાન વિષ્ણુ ની વૈકુંઠ લોક માં ગેર હાજરી થી લક્ષ્મી જી વ્યાકુળ હતા,ગયા તો ક્યાં ગયા? માતા લક્ષ્મી ના મુખ પરની ચિંતા અને વેદના નિહાળતા નારદજી એ કહ્યું કે માતા,મારા આરાધ્ય અને આપના પ્રાણપ્રિય એ પાતળ લોક ની પહેરદારીના વચન માં બંધાયા છે એટલે એ કદાચ વૈકુંઠ ગમન કરશે નહી.ચિંતિત સ્વરે લક્ષ્મીજી એ પતિ ને વૈકુંઠ પરત લાવવાનો ઉપાય પૂછ્યો ત્યારે નારદજી એ ઉપાય સૂચવતા કહ્યું હતું કે કાલ શ્રાવણી પૂનમ નો પવિત્ર દિવસ છે આ દિવસે માંગેલું વચન અને મન થી વિચારેલ સંબંધ અનેકગણા થતા હોય છે બોલીને નારદજી તો ગંતવ્ય તરફ જવા નીકળી ગયા. બીજે દિવસે સુંદર ર ા તે પૂજાપા,મીઠાઈઓ,રક્ષાસૂત્ર,ફળ ફૂલ વગેરે થી સોનાનો થાળ તૈયાર કરીને સજી ધજી ને એ પાતાળ લોક માં ગયા.પાતાળ લોકના દરવાજે લક્ષ્મીજી એ ભગવાન વિષ્ણુ ના પહેરેદાર ના દર્શન કર્યા પણ ગુપચુપ બલી રાજા ના મહેલ માં પ્રવેશ્યા હતા.

સાક્ષાત વૈકુંઠ પત્ની લક્ષ્મીજી ના દર્શન કરતા જ બલી રાજા એ જમીન પર બેસીને દંડવત પ્રણામ કર્યા હતા. લક્ષ્મીજી એ બલિરાજા ને બાજોઠ પર બેસાડી ને દસ વાર મંત્ર બોલી ને એની પૂજા કરી હતી.બલી રાજા ના કાંડા માં રાખડી બાંધી અને મોઢા માં મીઠાઈ નો ટુકડો મૂકતા લક્ષ્મીજી બોલ્યા હતા કે સંસારમાં બધા ને ભાઈ છે મારે જ ભાઈ નથી એટલે આજ થી તમે મારા ભાઈ બન્યા.બલિરાજા એ ભાઈ બનવાની ખુશી વ્યક્ત કરતા લક્ષ્મીજી ને પૂછ્યું હતું કે બેન, આપને આપી શકું એટલો સામર્થ્યવાન નથી છતાંય સાહસ કરીને પૂછું છું કે હું આપને રક્ષા બંધન ના બદલામાં શું આપી શકું? લક્ષ્મીજી એ સ્મિત કરતા કહ્યું કે ભાઈ, વૈકુંઠ લોક એ એના પતિ વગર એકદમ સૂનું છે જો વૈકુંઠ પતિ મને મળી જાય તો આ ઉતમ ભેંટ મેળવી ને હું ધન્ય થઈ જઈશ. બહેનની ખુશી માટે બલિરાજા એ ભગવાન વિષ્ણુ એ આપેલ વરદાન થી એને મુક્ત કર્યા હતા.ભક્ત ની ભક્તિ થી પ્રસન્ન થઈને ભગવાન એ બલિરાજા ને વચન આપતા કીધું હતું કે દેવ શયની એકાદશીથી લઈને દેવ ઉઠી અગિયારસ ચાર માસ એ પાતળ લોક માં નિવાસ કરશે.







ભાજપ સાંસદ અને એક્ટ્રેસ કંગના રનૌતે ક્રિતી સેનનના રક્ષાબંધન એડ વિવાદ વચ્ચે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પર નિશાન સાધ્યું છે. રાહુલ ગાંધીએ ક્રિતી સેનનનું સમર્થન કરતા સોશિયલ મીડિયા પર 'સ્મેશ ધ પેટ્રિયાર્કી'નો મેસેજ લખ્યો હતો.
તેના જવાબમાં કંગનાએ ભાજપના ઈન્સ્ટાગ્રામ હેન્ડલની એક ઈલસ્ટ્રેટેડ (કાર્ટૂન) પોસ્ટ રી-શેર કરી. આમાં કંગનાએ લખ્યું, 'બ્રો, વેઈટ. ભારત માતા કી જય. શરૂ કરીએ છીએ.' આ પોસ્ટ દ્વારા ભાજપે ટ્રિપલ તલાક, શાહ બાનો કેસ, મહિલા અનામત અને કર્ણાટક કેબિનેટમાં મહિલાઓની ભાગીદારીને લઈને કોંગ્રેસની નિયત પર પ્રશ્ન ઉઠાવ્યા છે.

# ક્રિતી સેનન એડ વિવાદ પર રાહુલ-કંગના આમને-સામને

## રાહુલે કહ્યું- 'મહિલાઓના કપડાં પર ટ્રોલિંગ બંધ કરો'; કંગનાએ કહ્યું- 'ટ્રિપલ તલાક પર મૌન કેમ?'

**(એજન્સી) મુંબઈ | તા 27**

રાહુલે કહ્યું- 'મહિલા શું પહેરે છે, તે તેની પસંદ છે' ખરેખરમાં, જ્વેલરી બ્રાન્ડની રક્ષાબંધન એડવર્ટાઈઝમેન્ટમાં ક્રિતી સેનનના કપડાંને લઈને વિવાદ ચાલી રહ્યો હતો. આ વિવાદમાં રાહુલ ગાંધીએ મંગળવારે ક્રિતી સેનનના નિવેદનને પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર રી-શેર કર્યું.

રાહુલ ગાંધીએ લખ્યું કે, 'કોઈ મહિલા શું પહેરે છે, શું કરે છે અને ક્યાં જાય છે, તે તેની પોતાની પસંદ છે. મહિલાઓના કપડાં અને જીવનશૈલીની ઓનલાઈન પોલીસિંગ એટલે કે પહેરેદારી ન કરવી જોઈએ.' રાહુલે પોતાની પોસ્ટમાં 'સ્મેશ ધ પેટ્રિયાર્કી' (પિતૃસત્તાને તોડી પાડો) હેશટેગનો ઉપયોગ કર્યો હતો.

ભાજપના કાર્ટૂન પોસ્ટથી કંગનાએ કટાક્ષ કર્યો રાહુલ ગાંધીના આ નિવેદન પછી કંગના રનૌતે ભાજપની એક પોસ્ટ શેર કરી. આ પોસ્ટમાં ઈલસ્ટ્રેશન (ચિત્રો) દ્વારા રાહુલ ગાંધીના 'સ્મેશ ધ પેટ્રિયાર્કી' વાળા નારાનો જવાબ આપવામાં આવ્યો છે.

ઈલસ્ટ્રેશનમાં એક મહિલા રાહુલ ગાંધીને પૂછે છે કે, 'ટ્રિપલ તલાક પર તમારી પાર્ટીએ શું કર્યું?' જેના પર રાહુલનું પાત્ર કહે છે કે, 'તે તો વોટ બેંકની રાજનીતિ હતી.' આ પછી મહિલા આરક્ષણ બિલ, શાહ બાનો કેસ અને કર્ણાટક કેબિનેટનો ઉલ્લેખ થાય છે. પોસ્ટમાં પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો કે, 'કર્ણાટકની કોંગ્રેસ સરકારના 33 મંત્રીઓમાં એક પણ મહિલા મંત્રી કેમ નથી?'

કંગનાએ ક્રિતીના કપડાં પર પણ પ્રશ્ન ઉઠાવ્યો હતો કંગનાએ પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર લખ્યું- 'મહિલા હોવા માટે આ શાનદાર સમય છે. આપણા કબાટ અનેક પ્રકારના કપડાંથી ભરેલા છે અને આજની મહિલા ગ્લોબલ મહિલા છે.

કોકટેલ ડ્રેસથી લહેંગા ચોલી, જીન્સથી સાડી અને બિકીનીથી સલવાર-કમીઝ સુધી, આજે આપણી પાસે કપડાંના આટલા વિકલ્પો છે.

તો પછી તમે તમારા ભાઈને બિકીની કે અન્ડરગાર્મેન્ટ્સમાં રાખડી શા માટે બાંધશો? તમારી પાસે સ્ટાઈલિંગના આટલા વિકલ્પો ક્યાં ગયા? હા હા, આ જાહેરાત જાણી જોઈને વિચિત્ર બનાવવામાં આવી હોય તેવું લાગે છે.'

# ક્રિતીના એડ વિવાદમાં સોનુ નિગમની પોસ્ટ વાયરલ

## લખ્યું- 'હિંદુના ધૈર્યની પરીક્ષા ન લો'; સિંગરે પોસ્ટને ફેક ગણાવી



**(એજન્સી) મુંબઈ | તા 27**

સિંગર સોનુ નિગમે એક્ટ્રેસ ક્રિતી સેનનના રક્ષાબંધન એડ વિવાદ પર પોતાના નકલી નિવેદનનો ખંડન કર્યો છે. સોનુ નિગમે એક મીડિયા રિપોર્ટનો સ્ક્રીનશોટ શેર કરતા સ્પષ્ટ કર્યું કે તેણે આ મામલે કોઈ પ્રતિક્રિયા આપી નથી.

ખરેખર, એક મીડિયા હાઉસે સોશિયલ મીડિયા પર દાવો કર્યો હતો કે, સોનુ નિગમે હિંદુ ધર્મ અને ધૈર્યને લઈને ટિપ્પણી કરી છે. આના પર સોનુ નિગમે સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરીને મીડિયાને ફટકાર લગાવી અને જણાવ્યું કે આ નિવેદન તેનું નથી.

નકલી પોસ્ટના આધારે ચલાવવામાં આવ્યા હતા સમાચાર મામલો ત્યારે શરૂ થયો જ્યારે એક મીડિયા પબ્લિકેશને એક સમાચાર શેર કર્યા. તેના હેડિંગમાં લખ્યું હતું, 'હિંદુ સહનશીલ છે, તેમના ધૈર્યની પરીક્ષા ન લો: ક્રિતી સેનન એડ વિવાદ પર સોનુ નિગમ.'

ખબર સામે આવ્યા બાદ સોનુ નિગમે પોતાના સત્તાવાર સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી આ અંગે નારાજગી વ્યક્ત કરી. સોનુ નિગમે લખ્યું, 'આ હું નથી અને આવું નિવેદન મેં ક્યારેય આપ્યું નથી. ટીઓઆઈ (TOI) જાગો, મીડિયા જાગો.'

એક્સ (અગાઉ ટ્વિટર) પર એક્ટિવ નથી સોનુ નિગમ રિપોર્ટ્સ અનુસાર, જે નિવેદનને સોનુ નિગમનું માનીને મીડિયામાં ચલાવવામાં આવ્યું હતું, તે ખરેખરમાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' (અગાઉ ટ્વિટર) પર બનેલા તેમના એક પેરોડી અથવા નકલી (ઈમ્પર્સનેટર) એકાઉન્ટ પરથી પોસ્ટ કરવામાં આવ્યું હતું.

સોનુ નિગમે સ્પષ્ટ કર્યું છે કે તે એક્સ (X) પ્લેટફોર્મ પર એક્ટિવ જ નથી. સત્ય જાણ્યા વિના નકલી એકાઉન્ટની ટ્વીટને તેનું સત્તાવાર નિવેદન માનીને સમાચાર ચલાવી દેવામાં આવ્યા, ત્યારબાદ તેણે સાર્વજનિક રૂપે તેની સચ્ચાઈ સામે રાખી.

આ આખો વિવાદ એક જ્વેલરી બ્રાન્ડની રક્ષાબંધન જાહેરાત પછી શરૂ થયો હતો. જેમાં ક્રિતી ઈન્ડો-વેસ્ટર્ન બ્રાલેટ સ્ટાઈલ બ્લાઉઝમાં જોવા મળી હતી. વીડિયોમાં તે ભાઈ ઉપરાંત પાલતુ શ્વાનને પણ રાખડી બાંધતી જોવા મળી હતી.

સોશિયલ મીડિયા પર ઘણા લોકોએ તેને ભારતીય સંસ્કૃતિનું અપમાન ગણાવીને એક્ટ્રેસના કપડાં પ્રત્યે નારાજગી વ્યક્ત કરી હતી અને ફરિયાદ નોંધાવવાની માંગ કરી હતી. કેટલાક યુઝર્સે આ એડવર્ટાઈઝમેન્ટને હિંદુ ધર્મ અને તહેવારો પ્રત્યે અસંવેદનશીલ ગણાવી. એક યુઝરે X પર પોસ્ટ કરતા લખ્યું કે રક્ષાબંધનના પવિત્ર તહેવારના ખોટા ચિત્રણ અને ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોંચાડવાના આરોપમાં એક્ટ્રેસ વિરુદ્ધ કેસ દાખલ થવો જોઈએ.



# સલમાનખાનને ધમકીના કેસમાં નકલી કાવતરાનો પર્દાફાશ...!

## આરોપીએ ફેક વોટ્સએપ ચેટ બનાવી ગેંગસ્ટરનો માણસ હોવાનું જણાવ્યું; એક્ટર પાસેથી પૈસા માંગ્યા...

**(એજન્સી) મુંબઈ | તા 27**

મુંબઈ પોલીસે એક્ટર સલમાન ખાનને આપવામાં આવેલી ખંડણીની ધમકીના મામલામાં નકલી ષડયંત્રનો પર્દાફાશ કર્યો છે. પોલીસ તપાસમાં સામે આવ્યું કે આરોપીએ કોઈ ગેંગસ્ટર ગેંગના નામે ખોટી વોટ્સએપ ચેટ અને નકલી ઓળખ બનાવી હતી, જેથી સલમાન ખાન પાસેથી પૈસા પડાવી શકાય.

આરોપી દ્વારા કરવામાં આવેલા દાવાઓ અને સીસીટીવી ફૂટેજમાં તફાવત મળ્યા બાદ પોલીસે સઘન પૂછપરછ કરી, જેમાં તેણે આખી વાર્તા બનાવવાની વાત કબૂલી લીધી છે. આ માહિતી ન્યૂઝ એજન્સી IANSના રિપોર્ટમાંથી સામે આવી છે.

બાંદ્રા સી-ફ્રન્ટ પરથી જપ્ત કરાયા બે મોબાઈલ પોલીસ પૂછપરછમાં આરોપીએ જણાવ્યું કે તેણે ઈલેક્ટ્રોનિક રીતોનો ઉપયોગ કરીને નકલી વોટ્સએપ ચેટ્સ તૈયાર કરી હતી. તેણે ડરાવવાના ઈરાદે પોતાને કોઈ ગેંગસ્ટર ગેંગનો હિસ્સો દર્શાવ્યો હતો.

આરોપીની નિશાનદેહી પર પોલીસે બાંદ્રા સી-ફ્રન્ટ નજીક છુપાવેલા બે મોબાઈલ ફોન જપ્ત કર્યા છે. આ ઉપરાંત સાક્ષીઓની હાજરીમાં નકલી વોટ્સએપ ચેટના સ્ક્રીનશોટ પણ જપ્ત કરવામાં આવ્યા છે.

ગયા વર્ષે એપ્રિલમાં મળી હતી હત્યાની ધમકી સલમાન ખાનને ગયા વર્ષે એપ્રિલમાં જાનથી મારી નાખવાની ધમકી મળી હતી. મુંબઈના વર્લી સ્થિત ટ્રાન્સપોર્ટ ડિપાર્ટમેન્ટમાં એક અજાણ્યા શખ્સે વોટ્સએપ મેસેજ કરીને સલમાન ખાનની કારને બોમ્બથી ઉડાવી દેવાની વાત કહી હતી. મોડી રાત્રે મોકલવામાં આવેલા આ મેસેજમાં લખ્યું હતું- 'અમે સલમાન ખાનને ઘરમાં ઘૂસીને મારીશું.' પોલીસે આ મામલે ગુજરાતમાંથી એક આરોપીની ધરપકડ કરી હતી.

બિહારથી ફોનપે પર મંગાવવામાં આવ્યા હતા 1.30 લાખ રૂપિયા તપાસમાં એ પણ સામે આવ્યું છે કે આરોપીને બિહારના સીવાનથી ફોનપે દ્વારા લગભગ 1.30 લાખ રૂપિયા મળ્યા હતા. આ રકમ તેણે બાંદ્રામાં એક મની ટ્રાન્સફર એજન્ટ પાસેથી રોકડમાં મેળવી હતી. મુંબઈ પોલીસે આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમો 336(3), 351(3), 353(2), 271, 340 અને 248 તેમજ આઈટી એક્ટની કલમ 66(C) અને 66(D) હેઠળ ગુનો નોંધ્યો છે. પોલીસ હવે આ વાતની તપાસ કરી રહી છે કે તેણે એકલા આ કામ કર્યું કે તેમાં કોઈ અન્ય પણ સામેલ હતું.

સલમાનના ગેલેક્સી એપાર્ટમેન્ટ પર થઈ ચૂક્યું છે ફાયરિંગ આ પહેલા 14 એપ્રિલ 2024 ના રોજ સવારે લગભગ 5 વાગ્યે સલમાન ખાનના ગેલેક્સી એપાર્ટમેન્ટ પર 7.6 બોરની પિસ્તોલથી 4 રાઉન્ડ ફાયરિંગ થયું હતું. આ સમયે સલમાન ખાન ઘરમાં જ હાજર હતો.

### સલમાનને Y+ કેટેગરીની સુરક્ષા, 24 કલાક 11 જવાનો સાથે

2023 માં લોરેન્સ ગેંગ તરફથી ધમકી મળ્યા પછી જ સલમાનની સુરક્ષા વધારી દેવામાં આવી હતી. તેમને મહારાષ્ટ્ર સરકાર તરફથી Y+ કેટેગરીની સુરક્ષા મળેલી છે. 11 જવાનો હંમેશા સાથે રહે છે, જેમાં એક કે બે કમાન્ડો અને 2 PSO પણ સામેલ હોય છે.

સલમાનની ગાડીની આગળ અને પાછળ એસ્કોર્ટ કરવા માટે બે ગાડીઓ હંમેશા રહે છે. આ ઉપરાંત, સલમાનની ગાડી પણ સંપૂર્ણપણે બુલેટપ્રૂફ છે.

ગેલેક્સી એપાર્ટમેન્ટ પર થયેલા ફાયરિંગ પછી જાન્યુઆરીમાં સલમાનના એપાર્ટમેન્ટની બાલ્કની બુલેટપ્રૂફ કરી દેવામાં આવી છે. સાથે જ હાઈ રિઝોલ્યુશન કેમેરા પણ ચારેય તરફ લગાવવામાં આવ્યા છે. 'બિગ બોસ 20' ને હોસ્ટ કરશે સલમાન સલમાનના વર્કફ્રન્ટની વાત કરીએ તો, હાલમાં રિયાલિટી શો 'બિગ બોસ 20' ને હોસ્ટ કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. શોની નવી સીઝન વિશે વાત કરતા સલમાને કહ્યું કે, દરેક સીઝનમાં નવી ગેમ્સ અને ટ્વિસ્ટ હોય છે, પરંતુ આ વખતે શોના કેન્દ્રમાં એક રહસ્ય છે. આ શો 6 સપ્ટેમ્બરથી શરૂ થઈ રહ્યો છે.

# નૂપુર સેનન બહેન ક્રિતીના સમર્થનમાં આવી...

## જાહેરાત વિવાદ પર કહ્યું, 'બીજાના કપડાંથી લોકોને તકલીફ કેમ, વિચાર બદલો'




**(એજન્સી) મુંબઈ | તા 27**

એક્ટ્રેસ ક્રિતી સેનનના જ્વેલરી એડવર્ટાઈઝમેન્ટ વિવાદમાં હવે તેની બહેન નૂપુર સેનન પણ તેના સમર્થનમાં ઉતરી આવી છે. રક્ષાબંધન થીમવાળી આ એડમાં ક્રિતીના કપડાં અને પેટ ડોગને રાખડી બાંધવાને લઈને સોશિયલ મીડિયા પર ઘણી ટ્રોલિંગ થઈ રહી હતી. હવે આ મામલે ક્રિતીના જવાબ પછી નૂપુર સેનને ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર તેની પોસ્ટ રી-શેર કરી. નૂપુરે લખ્યું કે ક્રિતી તેને જ રાખડી બાંધે છે અને જ્યારે તેને બહેનના કપડાંથી કોઈ વાંધો નથી, તો બીજાને શા માટે પરેશાની થઈ રહી છે.

'તમારી વિચારસરણી વિકસાવો' નૂપુર સેનને પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં ક્રિતી સેનનની પોસ્ટ રી-શેર કરતા ટ્રોલર્સ પર નિશાન સાધ્યું. નૂપુરે લખ્યું, 'વિચારો, કોઈ બીજી મહિલા શું પહેરે છે, આ વાતથી લોકો કેટલા પરેશાન થઈ શકે છે. સન્માનપૂર્વક પોતાની વિચારસરણીને વિકસિત (ઈવોલ્વ) કરો.' નૂપુરે આગળ લખ્યું, 'ક્રિતી જેને રાખડી બાંધે છે, તે હું છું. જ્યારે મને આનાથી કોઈ વાંધો નથી, તો તમને કેમ થઈ રહ્યો છે?' જ્વેલરી બ્રાન્ડની આ જાહેરાતમાં ક્રિતી સેનને કેપ સાથે બ્રાલેટ સ્ટાઈલ બ્લાઉઝ અને ડ્રેપ્ડ સ્કર્ટ પહેર્યું છે. વીડિયો સામે આવ્યા બાદ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર લોકોએ તેના કપડાં પર પ્રશ્નો ઉઠાવવાનું શરૂ કરી દીધું.

# નેટફ્લિક્સ પર વાર્તા ચોરીનો આરોપ...

## IIT ગ્રેજ્યુએટ લેખકે કહ્યું, 'મારી સ્ટોરી પરથી તાપસી પન્નુની ફિલ્મ 'ગાંધારી' બનાવી'; કંપનીને કાનૂની નોટિસ મોકલી

**(એજન્સી) મુંબઈ | તા 27**

તાપસી પન્નુ સ્ટારર આગામી ફિલ્મ 'ગાંધારી' 3 સપ્ટેમ્બરે OTT પ્લેટફોર્મ નેટફ્લિક્સ પર રિલીઝ થાય, તે પહેલાં મોટો વિવાદ ઊભો થયો છે. સ્ક્રીનરાઈટર કલ્યાણ બંદીએ નેટફ્લિક્સ ઈન્ડિયા અને તેની કન્ટેન્ટ હેડ મોનિકા શેરગિલ પર વાર્તા ચોરીનો આરોપ લગાવ્યો છે.

કલ્યાણનો દાવો છે કે, તેમણે વર્ષ 2019માં 'ગાંધારી' નામની પોતાની વાર્તા મોનિકા શેરગિલને ઈમેલ કરી હતી, જેને ત્યારે રિજેક્ટ કરવામાં આવી હતી. હવે તે જ ટાઈટલ અને કોન્સેપ્ટ પર ફિલ્મ બનાવવામાં આવી રહી છે. કલ્યાણે નેટફ્લિક્સને કાનૂની નોટિસ પણ મોકલી છે, પરંતુ કંપનીએ 11 મહિનાથી તેનો કોઈ જવાબ આપ્યો નથી.

નેટફ્લિક્સ હેડને વાર્તા ઈમેલ કરી હતી મિડ-ડેના રિપોર્ટ અનુસાર, IIT મદ્રાસમાંથી ભણેલા કલ્યાણ બંદીએ 2019માં 'ગાંધારી' નામની એક વાર્તા લખી હતી અને તેને સ્ક્રીનરાઈટર્સ એસોસિએશનમાં રજિસ્ટર કરાવી હતી. આ વાર્તા એક માતાની છે, જે ચાઈલ્ડ ટ્રાફિકિંગ નેટવર્કમાંથી પોતાની દીકરીને બચાવે છે.

કલ્યાણે જણાવ્યું કે, તેમણે એપ્રિલ 2019માં લિંક્ડઈન દ્વારા મોનિકા શેરગિલનો સંપર્ક કર્યો હતો. તે સમયે મોનિકા વૂટમાં હતી. તેમના કહેવા પર કલ્યાણે 8 પાનાની વાર્તા અને 2 પાનાનો સિનોપ્સિસ તેમને મોકલ્યો હતો. મે 2019માં મોનિકાએ આ કહીને વાર્તા રિજેક્ટ કરી દીધી કે આ તેમના કામની નથી.

નેટફ્લિક્સની જાહેરાત પછી પ્રોડ્યુસર્સે હાથ પાછા ખેંચી લીધા કલ્યાણ બંદીએ જણાવ્યું કે વાર્તા રિજેક્ટ થયા પછી તેઓ બીજા પ્રોડક્શન હાઉસ સાથે વાત કરી રહ્યા હતા. વર્ષ 2023માં બવેજા સ્ટુડિયોઝ તેને થિયેટર રિલીઝ માટે ડેવલપ કરવા સંમત થયા. જોકે, સપ્ટેમ્બર 2024માં જ્યારે નેટફ્લિક્સ ઈન્ડિયાએ કનિકા ઢિલ્લોન દ્વારા લખાયેલી 'ગાંધારી' ફિલ્મની જાહેરાત કરી, ત્યારે કલ્યાણ આશ્ચર્યચકિત થઈ ગયા.

કલ્યાણનો આરોપ છે કે નેટફ્લિક્સની આ જાહેરાત પછી ડિસેમ્બર 2024માં પ્રોડ્યુસર્સે તેમની પાસેથી ચૂપચાપ પ્રોજેક્ટ પાછો ખેંચી લીધો. આનાથી તેમને ભારે આર્થિક અને પ્રોફેશનલ નુકસાન થયું.

લીગલ નોટિસનો જવાબ ન આપ્યો, કોર્ટ જવાથી પીછેહઠ કરી ઈન્ડિયા ટુડે સાથેની વાતચીતમાં કલ્યાણ બંદીએ જણાવ્યું કે નેટફ્લિક્સ તરફથી કોઈ જવાબ ન મળતાં તેમણે સ્ક્રીનરાઈટર્સ એસોસિએશન (SWA)ની સલાહ લીધી. આ પછી સપ્ટેમ્બર 2025માં તેમણે નેટફ્લિક્સ અને મોનિકા શેરગિલને લીગલ નોટિસ મોકલી, જેમાં 40 લાખ રૂપિયા વળતર અને ક્રેડિટની માંગ કરવામાં આવી હતી.

કલ્યાણના મતે, 11 મહિના વીતી ગયા પછી પણ નેટફ્લિક્સે નોટિસનો કોઈ જવાબ આપ્યો ન હતો. તેમણે કહ્યું કે નેટફ્લિક્સની મોટી લીગલ ટીમ સામે લડવું એક સરકારી કર્મચારી તરીકે સરળ ન હતું, તેથી તેઓ કોર્ટમાં જઈ શક્યા નહીં અને સોશિયલ મીડિયા પર આ મામલો ઉઠાવ્યો.

# પ્રેમ, હાસ્ય અને અણધાર્યા વળાંકો

## 'ટોમ એન્ડ ચેરી'માં સિદ્ધાર્થ રાંદેરિયા અને ધન્યા દોશીની ધમાલ, 28 ઓગસ્ટે રિલીઝ થશે ગુજરાતી ફિલ્મ

**(એજન્સી) મુંબઈ | તા 27**

ગુજરાતી સિનેમામાં નવતર વિષયો પર ફિલ્મો બની રહી છે. ત્યારે ઝી સ્ટુડિયોઝ ફેમિલી એન્ટરટેઈનમેન્ટ ફિલ્મ 'ટોમ એન્ડ ચેરી' લઈને આવ્યા છે. ગુજરાતી સ્ટાર સિદ્ધાર્થ રાંદેરિયા, ધન્યા દોશી અને અનુરાગ પ્રપન્ન સ્ટારર આ ફિલ્મ રક્ષાબંધનના દિવસે એટલે કે 28 ઓગસ્ટ 2026ના રોજ થિયેટરમાં રિલીઝ થશે.

ધર્મેશ મહેતાના ડિરેક્શનમાં બનેલી આ ફિલ્મમાં પરિવારનો પ્રેમ, સંબંધોની મીઠાસ, ભરપૂર હાસ્ય અને અનેક અણધાર્યા વળાંકો છે. ફિલ્મ વિશે લીડ એક્ટર સિદ્ધાર્થ રાંદેરિયાએ કહ્યું કે, 'ટોમ એન્ડ ચેરી એક એવી ફિલ્મ છે, જે કૌટુંબિક મનોરંજન, હાસ્ય, પ્રેમ, સંબંધો અને સાથે હોવાના આનંદની ઉજવણી કરે છે. ટ્રેલરને દર્શકો તરફથી જે શાનદાર પ્રતિસાદ મળ્યો છે, તેનાથી મારો ઉત્સાહ બમણો થઈ ગયો છે. આ પ્રાદેશિક વાર્તા મોટા પડદા પર ગુજરાતી સિનેમાને એક નવું અને ભવ્ય પ્લેટફોર્મ પૂરું પાડશે. મને પૂરી આશા છે કે દર્શકો આ ફિલ્મને તે જ હૂંફ અને પ્રેમથી સ્વીકારશે, જે રીતે અમે તેને બનાવી છે.'

તેમણે વધુમાં ઉમેર્યું કે, 'ભારતીય મનોરંજન ક્ષેત્રના ભવિષ્યમાં પ્રાદેશિક સિનેમા અત્યંત મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. ગુજરાતી સિનેમાની સમૃદ્ધ વાર્તાકથનની પરંપરા અને સતત વિસ્તરતા દર્શકવર્ગમાં વિશાળ સંભાવનાઓ રહેલી છે. અમારું લક્ષ્ય એવી ફિલ્મો રજૂ કરવાનું છે, જે સાંસ્કૃતિક રીતે પ્રામાણિક હોવા સાથે મુખ્ય પ્રવાહના દર્શકોને પણ આકર્ષે. 'ટોમ એન્ડ ચેરી' ગુજરાતી સિનેમા અને સંગીતને રાષ્ટ્રીય તેમજ વૈશ્વિક સ્તરે પહોંચાડવાના વિશાળ વિઝનની પ્રથમ કડી છે.'

એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ

# દિવ્યા દેશમુખે કર્યો બીમારીનો મોટો ખુલાસો

● કેન્ડિડેટ્સ ટૂર્નામેન્ટમાં આવી મુશ્કેલી, શાનદાર પ્રદર્શન બાદ પ્રભાવિત દેખાવ



(એજન્સી) નવી દિલ્હી । તા. 27

પશ્ચિમ બંગાળમાં 27 લાખ મતદારોના નામ યાદીમાંથી હટાવ્યા બાદ, 91% દાવાઓ યોગ્ય ઠરતા તેમના નામ પુનઃ સામેલ થયા છે. કોંગ્રેસે PM મોદી અને CEC જ્ઞાનેશ કુમારની મિલીભગતનો આરોપ લગાવી 'વોટ ચોરી'નો આક્ષેપ કર્યો છે. ચૂંટણી પંચના આંકડા મુજબ 82,782 અપીલોમાંથી 75,443 નામો ફરી ઉમેરાયા. RTI દ્વારા 27 લાખ સામે 38 લાખ અપીલો પર સવાલ ઉઠાવી, કોંગ્રેસે સુપ્રીમ કોર્ટમાં કાનૂની પડકાર આપ્યો છે. પશ્ચિમ બંગાળમાં વોટર લિસ્ટના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) અભિયાન હેઠળ અંદાજે 27 લાખ મતદારોના નામ યાદીમાંથી હટાવી દેવાયા હતા. ત્યારબાદ પ્રભાવિત નાગરિકોને પોતાના વાંધા અને દાવા રજૂ કરવાની તક અપાઈ હતી. આ પ્રક્રિયા માટે ચૂંટણી પંચે બનાવેલી ટ્રિબ્યુનલો દ્વારા જે કેસોનો અત્યાર સુધીમાં નિકાલ કરવામાં આવ્યો છે, તેમાંથી આશરે 91% દાવાઓ યોગ્ય ઠર્યા છે અને તે તમામના નામ ફરીથી મતદાર યાદીમાં સામેલ કરી લેવાયા છે. આ વિગતો બહાર આવતા જ કોંગ્રેસે પીએમ મોદી અને મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમાર વચ્ચેની મિલીભગતનો દાવો કરીને 'વોટ ચોરી'નો આકરો આક્ષેપ કર્યો છે.ચૂંટણી પંચે જાહેર કરેલા આંકડા દર્શાવે છે કે ટ્રિબ્યુનલો દ્વારા અત્યાર સુધીમાં 82,782 અપીલોનો ઉકેલ લાવવામાં આવ્યો છે. આ પૈકી 91% એટલે કે 75,443 નામોને ફરીથી વોટર લિસ્ટમાં સામેલ કરી લેવાયા છે, જ્યારે 8.86% જેટલા (7,339) દાવાઓ જ રદ કરવામાં આવ્યા છે. આ મુદ્દે સોશિયલ મીડિયા પર વિરોધ નોંધાવતા કોંગ્રેસે આરોપ લગાવ્યો છે કે ચૂંટણી પૂર્વે SIR યોજીને નાગરિકોના નામ કમી કરવા અને ચૂંટણી પત્યા બાદ તેને ફરી જોડવા એ લોકોનો મતાધિકાર છીનવવાનું વ્યવસ્થિત કાવતરું છે. આ સાથે જ કોંગ્રેસે બે મહિના અગાઉ પશ્ચિમ બંગાળની એક સરકારી બિલ્ડિંગમાં લાગેલી આગમાં વિધાનસભા ચૂંટણીમાં ઉપયોગમાં લેવાયેલી 4,000 EVM ખાખ થઈ જવાની ઘટનાનો પણ ઉલ્લેખ કર્યો હતો. કોંગ્રેસ સાંસદ ઈશા ખાન ચૌધરીએ RTI જવાબનો હવાલો આપતા જણાવ્યું હતું કે, 'SIR પ્રક્રિયા દરમિયાન 27,28,500 લોકોને અયોગ્ય જાહેર કરાયા હતા, પરંતુ તેની સામે 38,10,620 અપીલો દાખલ થઈ હતી.

### ઘરમાં ઘૂસીને ચપ્પાના ઘા ઝીંકી મોડેલની હત્યા, એકતરફી પ્રેમમાં પાગલ જિમ ટ્રેનર આરોપી

(એજન્સી) પશ્ચિમ દિલ્હી | તા 27

પશ્ચિમ દિલ્હીના તિલક નગરમાં એક મોડેલ યુવતી મુસ્કાનની ચપ્પાના ઘા ઝીંકી હત્યા કરવામાં આવી છે. આરોપી જીમ ટ્રેનર ઈમરાને મુસ્કાન ઘરે એકલી હતી ત્યારે હુમલો કર્યો હતો. મુસ્કાન પાર્ટ ટાઈમ મોડેલિંગ કરતી હતી. ઈમરાન તેને લાંબા સમયથી હેરાન કરતો હતો. પોલીસે CCTV ફૂટેજ આધારે તપાસ શરૂ કરી, આરોપી ફરાર છે. પશ્ચિમ દિલ્હીના તિલક નગર વિસ્તારમાંથી એક કાળજુ કંપાવનારી ઘટના સામે આવી છે. ઘરમાં એકલી રહેતી યુવતી પર અજાણ્યા હુમલાખોરે તાબડતોડ ચપ્પાના ઘા ઝીંકી હત્યા કરી નાખી છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે એકતરફી પ્રેમમાં પાગલ જિમ ટ્રેનરે આ હત્યાકાંડને અંજામ આપ્યો છે. ઈજાગ્રસ્ત યુવતીને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવી, જ્યાં સારવાર દરમિયાન તેણે દમ તોડી દીધો. પ્રાપ્ત માહિતી પ્રમાણે ઘટના સમયે યુવતી ઘરે બિલકુલ એકલી હતી. આ જ વાતનો ફાયદો ઉઠાવીને આરોપી ઘરની અંદર ઘૂસી ગયો અને યુવતી પર ચપ્પાથી



તાબડતોડ ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દીધી.પ્રારંભિક તપાસમાં આ ઘટનામાં એક જીમ ટ્રેનરનું નામ સામે આવી રહ્યું છે. સૂત્રોએ જણાવ્યું કે, આરોપી યુવતીને છેલ્લા કેટલાક સમયથી ઓળખતો હતો. તેણે તેના પર હુમલો કર્યો અને ઘટનાસ્થળેથી ભાગી ગયો.મૃતક યુવતીનું નામ મુસ્કાન છે. તે સ્ટુડન્ટ પણ હતી અને પાર્ટ ટાઈમ મોડલિંગ કરતી હતી. પરિવારના નજીકના લોકોના જણાવ્યા મુજબ ઈમરાન નામના યુવકે આ ક્રૂર હત્યાકાંડને અંજામ આપ્યો છે. મુસ્કાનના ભાઈ આકાશે પોલીસ અને પરિવારના લોકોને જણાવ્યું કે ઈમરાને મુસ્કાનને ચપ્પાના ઘા ઝીંક્યા. મૃતકના મિત્ર અમને મીડિયાને જણાવ્યું કે, 'આ લોકો ત્રણ બહેનો છે અને એક નાનો ભાઈ છે. આ ત્રણેય મારા મિત્રો છે. એમની મોટી બહેન ચંડીગઢમાં છે, તેમણે મને ફોન કરીને કહ્યું કે તું તાત્કાલિક ઘરે જા, મુસ્કાનને કોઈએ ચપ્પુ મારી દીધું છે. હું પહોંચ્યો ત્યાં સુધીમાં એમ્બ્યુલન્સ આવી ચૂકી હતી. પછી હું પાછળ-પાછળ ગયો.'અમણે આગળ જણાવ્યું કે, મુસ્કાન ત્રણ બહેનોમાં સૌથી નાની હતી અને અણપરિણિત હતી. ઈમરાન નામનો એક છોકરો હતો, જે લાંબા સમયથી તેની પાછળ પડ્યો હતો, મને તેમની બહેન દ્વારા ખબર પડી હતી. તે તેને હેરાન કરતો હતો અને પહેલા પણ આવું કરી ચૂક્યો છે.

### 'મહાદેવની કૃપાથી અમે બચી ગયા...'

## ચીન સરકારે પરમિટ ન આપતા નેપાળ પૂરમાં બચી ગયેલા રાજકોટના યાત્રિકોનો ઉદગાર

(એજન્સી) નવી દિલ્હી | તા 27

રાજકોટના 125 શ્રદ્ધાળુઓની કૈલાસ માનસરોવર યાત્રા ચીન સરકારે પરમિટ ન આપતા રદ થઈ. ડૉ. યશવંત ગોસ્વામીના નેતૃત્વ હેઠળના આ યાત્રિકો અમદાવાદથી કાઠમંડુ પહોંચ્યા હતા. યાત્રા રદ થયા બાદ, તેઓ જ્યાં જવાના હતા તે કેરુમ નજીક વાદળ ફાટવાથી જળપ્રલય થયો. સદ્નસીબે, મહાદેવની કૃપાથી રાજકોટના યાત્રિકો મોટી હોનારતથી બચી ગયા. શ્રાવણ માસના પવિત્ર દિવસોમાં કૈલાસ માનસરોવરની યાત્રાએ જઈ રહેલા રાજકોટના શ્રદ્ધાળુઓ માટે એક મોટા સમાચાર સામે આવ્યા છે. ચાઈના સરકાર તરફથી પરમિટ આપવાનો ક્વોટા પૂરો થઈ જવાના કારણે રાજકોટના યાત્રિકોની આ યાત્રા મોકૂફ રાખવી પડી હતી. આ 14 દિવસીય યાત્રાનું આયોજન ડૉ. યશવંત ગોસ્વામીના વડપણ હેઠળ કરવામાં આવ્યું હતું, જેમાં રાજકીય, સામાજિક અને શૈક્ષણિક સંસ્થાના અગ્રણીઓ સહિત 125 યાત્રિકોનો સમૂહ સામેલ હતો. તમામ યાત્રિકો અમદાવાદથી કાઠમંડુ ફ્લાઈટ દ્વારા પહોંચ્યા હતા અને ગત તા. 23 ઓગષ્ટની આસપાસ આગળ રવાના થઈને કેરુમ પહોંચવાના હતા. પરંતુ પરમિટની મંજૂરી ન મળતા યાત્રા સ્થગિત કરવી પડી હતી.યાત્રા મોકૂફ રહ્યાના થોડા જ સમયમાં એક ભયાનક દૂર્ઘટનાના સમાચાર સામે આવ્યા હતા. નેપાળ અને ચાઈનાને જોડતા બ્રિજ પાસે આવેલા કેરુમ નજીક આજે સાંજે 4 વાગ્યે વાદળ ફાટવાની ઘટના બની હતી.

### ગર્ગ એવિએશનનું હતું વિમાન, ગંગા બેરેજ નજીક સર્જાયો અકસ્માત

## કાનપુરમાં ટ્રેનિંગ એરક્રાફ્ટ ક્રેશ: ગુજરાતના પાઈલટ ઈન્સ્ટ્રક્ટર સહિત કો-પાઈલટનું કરુણ મોત

(એજન્સી) કાનપુર | તા 27

કાનપુરના ગંગા બેરેજ પાસે આજે ગર્ગ એવિએશનનું ટ્રેનિંગ એરક્રાફ્ટ ક્રેશ થયું. આ ભયાનક દુર્ઘટનામાં પ્લેનમાં સવાર પાયલટ અને કો-પાયલટ બંનેના મોત નીપજ્યા છે. ઘટનાની જાણ થતાં જ રેસ્ક્યૂ ટીમો સ્થળ પર પહોંચી ગઈ હતી. ગંભીર હાલતમાં હોસ્પિટલ લઈ જવાયા, જ્યાં ડોકટરોએ તેમને મૃત જાહેર કર્યા. આ ઘટનાથી વિસ્તારમાં શોક છવાયો છે.ઉત્તર પ્રદેશના કાનપુરના ગંગા બેરેજ પાસે આજે એક ટ્રેનિંગ એરક્રાફ્ટ ક્રેશ થઈ ગયું હતું. આ ભયાનક દુર્ઘટનામાં પ્લેનમાં સવાર પાયલટ અને કો-પાયલટ બંનેના મોત નીપજ્યા છે. ઘટનાની જાણ થતાં જ રેસ્ક્યૂ ટીમો સ્થળ પર પહોંચી ગઈ હતી અને રાહત તેમજ બચાવ કામગીરી હાથ ધરી હતી. મળતી માહિતી મુજબ, અકસ્માતનો ભોગ બનેલું ટ્રેનિંગ એરક્રાફ્ટ 'ગર્ગ એવિએશન'નું હતું. ગુરુવારે કાનપુરના નત્થા ખેડા વિસ્તારમાં ગંગા બેરેજ પાસે ટ્રેનિંગ એરક્રાફ્ટ ક્રેશ થતાં જ સ્થાનિક લોકોએ તાત્કાલિક ફાયર



બ્રિગેડને જાણ કરી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને કાનપુરના ચીફ ફાયર ઓફિસર સહિત ઈમરજન્સી સર્વિસની ટીમો તરત જ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.ફાયર બ્રિગેડ અને ઈમરજન્સી ટીમોએ તાત્કાલિક રેસ્ક્યૂ ઓપરેશન શરૂ કરીને ક્રેશ થયેલા એરક્રાફ્ટના મલબામાંથી બે લોકોને અત્યંત ગંભીર હાલતમાં બહાર કાઢ્યા હતા. બંનેને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ડૉક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

## મધ્યપ્રદેશ: ઉજ્જૈનમાં જૂના વિવાદને લઈને બે જૂથો વચ્ચે અથડામણમાં 2 લોકોના મોત, 2 ઘાયલ

ઉજ્જૈન: મધ્યપ્રદેશના ઉજ્જૈન જિલ્લામાં બુધવારે મોડી રાત્રે એક ઢાબા પર બે જૂથો વચ્ચે અથડામણમાં બે લોકોના મોત અને બે અન્ય ઘાયલ થયા, એમ એક પોલીસ અધિકારીએ ગુરુવારે જણાવ્યું હતું. ઢાબા જિલ્લાના ચિમનગંજ પોલીસ સ્ટેશન હદ હેઠળ કાનીપુરામાં આવેલું છે. મૃતકોની ઓળખ નિમનવાસાના રહેવાસી રાહુલ દરબાર અને ઉંડાસાના રહેવાસી જીતેન્દ્ર તરીકે થઈ છે. ઘાયલોની ઓળખ પનવાસાના રહેવાસી શક્તિ સિંહ અને જ્યાં અથડામણ થઈ હતી તે ઢાબા સંચાલક પપ્પુ જાટ તરીકે થઈ છે. શહેર પોલીસ અધિક્ષક (CSP) વિવેક કનોડિયાએ જણાવ્યું હતું કે, 'બંને જૂથો એક જૂના વિવાદની ચર્ચા કરવા અને ઉકેલવા માટે ભેગા થયા હતા. રાહુલ દરબાર, જીતેન્દ્ર ઉર્ફે તમ્મુ અને અન્ય લોકો સાથે બેઠા હતા અને ખાધું-પીધું હતું. રાહુલ અને જીતેન્દ્રએ શક્તિ સિંહને જૂના વિવાદની ચર્ચા કરવા માટે બોલાવ્યા હતા. વાતચીત દરમિયાન, મતભેદ થયો. રાહુલે કથિત રીતે શક્તિ સિંહના માથા પર તીક્ષ્ણ હથિયારથી હુમલો કર્યો હતો.'ત્યારબાદ શક્તિ સિંહ 15-20 મિનિટમાં પાછા ફરવાની ધમકી આપીને સ્થળ છોડીને ચાલ્યા ગયા. તે તેના ભાઈ અને લગભગ 10-12 અન્ય લોકો સાથે પાછો ફર્યો. 'તેઓએ બીજા જૂથ પર તીક્ષ્ણ હથિયારોથી હુમલો કર્યો જેમાં રાહુલ દરબાર અને જીતેન્દ્રનું ઘટનાસ્થળે જ મોત થયું, જ્યારે બે અન્ય ઘાયલ થયા,' CSP એ જણાવ્યું. ઘટનાની માહિતી મળતાં, પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી અને ઘાયલોને હોસ્પિટલમાં મોકલ્યા, એમ તેમણે ઉમેર્યું. વધુમાં, જ્યાં ઘટના બની તે ઢાબા ચલાવતા પપ્પુ જાટે જણાવ્યું હતું કે પરિસરમાં એક પાર્ટી દરમિયાન અથડામણ શરૂ થઈ હતી. 'જૂથમાં એક પાર્ટી હતી જેમાં તેમની વચ્ચે ઝપાઝપી થઈ અને તેઓ અલગ થઈ ગયા. બાદમાં, ફરી એક અથડામણ થઈ જેમાં લોકોએ છરીઓથી હુમલો કર્યો. હંગામો સાંભળીને હું દરમિયાનગીરી કરવા ગયો, પરંતુ પાછળથી મારા પર પણ હુમલો કરવામાં આવ્યો,' તેમણે કહ્યું. અથડામણ દરમિયાન અનેક વાહનોમાં તોડફોડ કરવામાં આવી હોવાના અહેવાલ છે. પોલીસે આ મામલે કેસ નોંધ્યો છે અને ઘટનાની તપાસ કરી રહી છે.

### ફક્ત બાળકો માટે જ રેશનની દુકાન પર સસ્તા ભાવે મળે

## 'ખાંડ હજુ મોંઘી કરી દો, 40થી વધુ વયના લોકોને તો મળવી જ ના જોઈએ..' ભાજપના મંત્રીનું વિચિત્ર નિવેદન

(એજન્સી) નવી દિલ્હી | તા 27

ભાજપના નેતા કૈલાશ વિજયવર્ગીયએ ખાંડના ભાવ અંગે વિવાદિત નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, "ખાંડ એટલી મોંઘી કરી દો કે 40 વર્ષથી વધુ ઉંમરના લોકોને તે મળે જ નહીં." તેમણે ઉમેર્યું કે, "આયુર્વેદ પણ 40 વર્ષથી વધુ ઉંમરના લોકોને ખાંડ ન ખાવાની સલાહ આપે છે." વિપક્ષે આ નિવેદનને ગરીબોનું અપમાન ગણાવ્યું છે. પહેલા પેટ્રોલ-ડીઝલ, પછી ખાદ્ય તેલ અને હવે ખાંડની વધતી કિંમતોએ લોકોની ચિંતા વધારી દીધી છે ત્યારે ભાજપના મંત્રીએ આવા સંકટના સમયે પણ વિચિત્ર નિવેદનો આપીને લોકોની જાણે હસી ઉડાડતા હોય તેવો આભાસ થાય છે. અનેકવાર પોતાના વિવાદિત નિવેદનો માટે ચર્ચામાં રહેલા કૈલાશ વિજયવર્ગીયએ આ વખતે ખાંડ વિશે કંઈક એવું કહી દીધું કે જેનાથી તે ફરી લોકોના નિશાને આવી ગયા છે.ખાંડની વધતી જતી કિંમતો વચ્ચે કૈલાશ વિજયવર્ગીયએ વિવાદિત નિવેદન આપતા કહ્યું કે 'ખાંડ એટલી મોંઘી કરી દેવી જોઈએ કે તે 40થી વધુ વયના લોકોને મળવી જ ના જોઈએ, આજકાલ તો 90% લોકો એવા છે જે ગળ્યું ખાવાનું પસંદ જ નથી કરતા અને મેં પોતે પણ મીઠી વસ્તુઓ ખાવાનું બંધ કરી દીધું છે.'જ્યારે તહેવારોની સિઝનમાં ખાંડના ભાવ આકાશ આંબી રહ્યા છે ત્યારે વિપક્ષ પણ સત્તાપક્ષ ભાજપ આકરા પ્રહારો કરી રહ્યું છે. તેને જોતા કૈલાશ વિજયવર્ગીયએ કહ્યું કે ખાંડના ભાવ તો ઘટી રહ્યા છે. તેમણે મજાકમાં કહ્યું કે ખાંડ એટલી મોંઘી કરી દો કે તે ફક્ત બાળકો માટે જ રેશનની દુકાન પર સસ્તા ભાવે મળે અને વૃદ્ધોને તો આપવી જ નહીં. ડૉક્ટર હોય કે આયુર્વેદના જાણકાર હોય તેઓ 40 વર્ષથી વધુ વયના લોકોને ખાંડ ખાવા મળે તે સારુ નથી માનતા. 40થી વધુ વયના લોકોને ગળ્યું ખાવાનુ મન થતું હોય તો ક્યારેક ગોળ ખાવી લેવાનુ પણ ખાંડથી તો બચવું જ જોઈએ. કૈલાશ વિજયવર્ગીયના નિવેદન પર મધ્ય પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ જીતુ પટવારીએ વળતો પ્રહાર કરતા કહ્યું કે ભાજપના નેતાઓ મોંઘવારી ઘટાડવાનો વાયદો કરી સત્તામાં આવ્યા હતા આગામી ચૂંટણીમાં પ્રજા તેમની આ મજાકનો આકરો જવાબ આપશે.

### આંધ્રપ્રદેશમાં બસ-ઓટો વચ્ચે ભયાનક અકસ્માત

## બર્થડે પાર્ટીથી પરત ફરતા પરિવાર પર ત્રાટક્યો કાળ, 7ના મોત

(એજન્સી) પલનાડુ | તા 27

આંધ્રપ્રદેશના પલનાડુ જિલ્લામાં ગુરુવારે વહેલી સવારે એક ખાનગી બસ અને ઓટો-રિક્ષા વચ્ચે ભીષણ અકસ્માત સર્જાયો હતો. વિજયવાડાથી તિરુપતિ જઈ રહેલી બસે ચિલકાલૂરીપેટ નજીક ઓટો-રિક્ષાને ટક્કર મારતા 7 લોકોના કરૂણ મોત થયા હતા, જેમાં 6 મહિલાઓનો સમાવેશ થાય છે. આ દુર્ઘટનામાં અન્ય 8 લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. મુખ્યમંત્રી ચંદ્રબાબૂ નાયડુએ દુઃખ વ્યક્ત કરી તપાસના આદેશ આપ્યા છે. આંધ્રપ્રદેશના પલનાડુ જિલ્લામાં ગુરુવારે વહેલી સવારે એક દર્દનાક રોડ અકસ્માતમાં 7 લોકોએ જીવ ગુમાવ્યા છે, જ્યારે અન્ય 8 લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. મૃતકોમાં 6 મહિલાઓનો સમાવેશ થાય છે. આ અકસ્માત ત્યારે સર્જાયો જ્યારે વિજયવાડાથી તિરુપતિ જઈ રહેલી એક ખાનગી બસે ઓટો-રિક્ષાને જોરદાર ટક્કર મારી દીધી હતી.પોલીસે આપેલી વિગતો મુજબ, આ દુર્ઘટના પલનાડુ જિલ્લાના ચિલકાલૂરીપેટમાં અડ્ડા રોડ નજીક બની હતી. ઓટો-રિક્ષામાં આશરે 15 લોકો સવાર હતા. પીડિતો ચિલકલુરીપેટ મંડળના વેલુરુ ગામના રહેવાસી હતા અને તેઓ પ્રકાશમ જિલ્લાના કોંડામાંજુલુરથી એક બર્થડે પાર્ટી ઉજવીને પરત ફરી રહ્યા હતા. ટક્કર એટલી ભીષણ હતી કે 4 લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. જ્યારે 2 લોકોના ગુન્ટૂરની સરકારી જનરલ હોસ્પિટલમાં અને 1 વ્યક્તિનું ચિલકલુરીપેટ સરકારી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું હતું.અકસ્માતમાં ચાર બાળકો સહિત આઠ લોકો ઈજાગ્રસ્ત થયા છે, જેમને સારવાર અર્થે ગુન્ટૂરની સરકારી જનરલ હોસ્પિટલ અને ચિલકલુરિપેટ સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. અકસ્માતમાં જીવ ગુમાવનારા મૃતકોની ઓળખ બોન્ટૂ બાબૂ (62), બોન્ટૂ માનેમ્મા (55), સંપૂર્ણમ્મા (70), ગંગમ્મા (50), લક્ષ્મમ્મા (75), ચૌતુપલ્લી સ્વાર્થમ્મા (45) અને મારીયમ્મા (45) તરીકે થઈ છે.

## યોગ-આયુર્વેદ છોડી અન્ડરગાર્મેન્ટ્સ બનાવી રહ્યા છે: બાબા રામદેવ પર કંગનાનો પ્રહાર

(એજન્સી) નવી દિલ્હી | તા 27

ભાજપ સાંસદ કંગના રનૌત અને યોગ ગુરુ બાબા રામદેવ વચ્ચેનો વિવાદ વધુ વકર્યો છે. કંગનાના 'ગટર જેન-ઝી' નિવેદન બાદ, બાબા રામદેવે કંગનાની જવાની પર ટિપ્પણી કરી હતી. જેના જવાબમાં કંગનાએ કહ્યું કે, "શું બાબા રામદેવ મારા રૂમમાં ચામાચીડિયું બનીને લટકતા હતા?" કંગનાએ બાબા રામદેવને સુપ્રીમ કોર્ટની ફટકાર અને તેમના વેપારીકરણ મુદ્દે પણ આડે હાથ લીધા હતા.ભાજપ સાંસદ અને બોલિવૂડ અભિનેત્રી કંગના રનૌત તેમજ યોગ ગુરુ બાબા રામદેવ વચ્ચે ઘેરાયેલો વિવાદ સતત વકરી રહ્યો છે. કંગનાના 'ગટર જેન-ઝી' વાળા નિવેદનથી શરૂ થયેલા આ વિવાદમાં હવે એક્ટ્રેસે બાબા રામદેવ પર ફરીથી તીખો પ્રહાર કર્યો છે. એક ન્યૂઝ ચેનલ સાથેની વાતચીતમાં કંગનાએ વળતો પ્રશ્ન કરતાં કહ્યું હતું કે, 'શું બાબા રામદેવ મારા રૂમમાં ચામાચીડિયું બનીને ઊંધા લટકતા હતા? તેમણે મારી જવાનીમાં એવું તે શું જોયું છે, તે સ્પષ્ટપણે જણાવવું જોઈએ.'ઈન્ટરવ્યૂ દરમિયાન બાબા રામદેવ પર નિશાન સાધતા કંગનાએ કહ્યું હતું કે, 'જ્યારે બાબા રામદેવનો સ્વદેશીનો વિચાર ચાલતો હતો ત્યારે સરકારે પણ તેમને પૂરતો સહયોગ આપ્યો હતો. પરંતુ એક તબક્કે પહોંચ્યા પછી સનાતની વિચારધારા મૂડીવાદ (Capitalism) સામે ટકરાવા લાગે છે.

**પશ્ચિમ રેલવે – રાજકોટ ડિવિઝન**

**પે એન્ડ યુઝ, કેટરીંગ, પાર્કિંગ અને પરચુરણ-સ્ટેટીક સેવાઓ જાહેરાતના કોન્ટ્રાક્ટ્સ માટે ઈ-હરાજી**

**ટેન્ડર નોટીસ નં. RJT-ADVT-PARK-PAY&USE-CATG-26-08**

રાજકોટ ડિવિઝન માટે નીચે જણાવેલ કેટલોગ્સ પર ઈ-હરાજી માટે બીડ્સ આમંત્રિત કરવામાં આવે છે. વિગતો નીચે મુજબ આપવામાં આવેલ છે.

| કેટલોગ નં. | કોન્ટ્રાક્ટનો પ્રકાર | કેટેગરી | સમયગાળો | ઈ-હરાજીની તારીખ અને સમય |
|---|---|---|---|---|
| E-RJT-PnU | ૧. PnU-RJT-RJT-Toi-19-26-1 (BOT ધોરણ પર ડિલક્ષ પે એન્ડ યુઝ ટોયલેટ કોમ્પલેક્ષનું બાંધકામ, સંચાલન અને જાળવણી [જાહેરાત અધિકાર સહિત]) | પે એન્ડ યુઝ-ટોયલેટ્સ | ૧૫ વર્ષ | તા.૦૯-૦૯-૨૦૨૬ ના ૧૫:૩૦ કલાકે |
| RJT-E-CATG 26-4 | ૧. Catg-RJT-SUNR-SMU-8-26-1 | કેટરીંગ (SMU) | ૫ વર્ષ | |
| RJT-EPARK-26-6 | ૧. PARKING-RJT-SUNR-MX-9-26-1 | પાર્કિંગ-મિક્સ્ડ | ૩ વર્ષ | |
| RJT-ADVT-26-08 | (૧) પાર્કિંગ-મિક્સ્ડ (૨) પરચુરણ-સ્ટેટીક-સેવાઓ - ફ્રેટ એલાઈડ (૩) મિક્સ્ડ જાહેરાત - આઉટ ઓફ હોમ (૪) જાહેરાત - સ્ટેશન સંકુલ પર (ડિજીટલ) (૫) જાહેરાત - સ્ટેશન સંકુલ પર (નોન-ડિજીટલ) (૬) જાહેરાત - ટ્રેનનો બહારનો ભાગ | પાર્કિંગ-મિક્સ્ડ વિવિધ-સ્ટેટીક સેવાઓ જાહેરાત | ૦૨/૦૩ ૦૫/૧૦ વર્ષ | તા.૧૬-૦૯-૨૦૨૬ ના ૧૦:૦૦ કલાકે |

ઉપરોક્ત દર્શાવેલા કેટલોગ નં. હેઠળ લોટની વિગતો (ઈ-હરાજી લિઝીંગ) વેબસાઈટ www.ireps.gov.in પર આવનાર ઈ-હરાજી, ઝોન : પશ્ચિમ રેલવે, યુનિટ: રાજકોટ ડિવિઝન-કોમર્શિયલના શિર્ષક હેઠળ ઉપલબ્ધ છે.
RJT-128

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

**ઈ-હરાજી સૂચના**

(પાણીથી પ્રભાવિત પેક પોય, WIP પોય, પેક્ડ ટેક્ષચરાઇઝ્ડ યાર્ન, અનપેક્ડ ટેક્ષચરાઇઝ્ડ મિશ્ર યાર્ન, ટેક્ષચરાઇઝિંગ મશીન સ્પેર અને ઓફિસ સાધનો) રસ ધરાવતા ખરીદદારો પાસેથી નિકાલ માટે ઇ-હરાજી ફોર્મ મંગાવવામાં આવે છે, સખત રીતે "જેમ છે તેમ જ્યાં છે ત્યાં" ના આધારે, પ્રતિ કિલોગ્રામ ધોરણે બચાવ માટે I) આશરે 50,238 કિલોગ્રામનું પેક POY II) આશરે 39,256 કિલોગ્રામનું WIP POY III) આશરે 15,249 કિલોગ્રામનું પેક્ડ ટેક્ષચરાઇઝ્ડ યાર્ન IV) આશરે 20,985 કિલોગ્રામનું પેક્ડ ટેક્ષચરાઇઝ્ડ મિશ્ર યાર્ન V) ટેક્સ્ચરાઈઝિંગ મશીન સ્પેર અને ઓફિસ સાધનો લમ્પ-સમ બેસિસ પર (સર્વેક્ષણ: CA RC બાજપાઈ દ્વારા સંચાલિત) મેસર્સ મીરા કોટન એન્ડ સિન્થેટિક મિલ્સ પ્રા. લિ.ના માલિક. લિ., સરકારી છોકરાઓ છાત્રાલય પાસે, ગામ સુરંગી દેવ પ્લાસ્ટિકની સામે, સિલવાસા ચુટી, દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ - 396230. શ્રી નીતિન 8810332641 થી પૂર્વ એપોઇન્ટમેન્ટ લીધા પછી 28/08/26 થી 06/09/26 વચ્ચે નિરીક્ષણ કરી શકે છે. ઇ-હરાજી 07/09/26 ના રોજ યોજાશે. ઇ-હરાજી ફોર્મ માટે, શ્રીમતી ખુશીનો મોબાઇલ પર સંપર્ક કરો -9990857386

**સાલ્વર સેટલર્સ પ્રા. લિ. (હરાજી કરનારા)**
203, બીજો માળ, ઉષા કિરણ બિલ્ડિંગ, આઝાદપુર કોમર્શિયલ કોમ્પ્લેક્સ, દિલ્હી - 110033

અથવા વેબસાઇટ પરથી ડાઉનલોડ કરો:
www.salvorsettlers.com

ઇ-હરાજી ફોર્મ સબમિટ કરવાની છેલ્લી તારીખ 07/09/26 સવારે 11:30 વાગ્યા પહેલા છે.

**ઈ-ઓક્શન સૂચના**

"પૂરથી અસરગ્રસ્ત HDPE Polysure Grade - B0155D, PPC Granules Grade - RM12CR, Polysure PP Grade - R03RR1, Polysure PP Grade - R03RR – અંદાજે 99,250 કિલોગ્રામ, પ્રતિકિ લોગ્રામ ના ધોરણે વેચાણમા ટેઓ ફરક રવામાં આવેછે."
રસ ધરાવતા ખરીદદારોને "પૂરના પાણીથી અસરગ્રસ્ત H D P E Polysure Grade - B0155D, PPC Granules Grade - RM12CR, Polysure PP Grade - R03RR1, Polysure PP Grade - R03RR – અંદાજે 99,250 કિગ્રા"નાનિકા લમાટેયોજા નારી ઈ-ઓક્શન માંભાગ લેવા આમંત્રિત કરવામાં આવેછે, જે સામગ્રી પ્રતિકિલો ગ્રામના ધોરણે વેચાણ મા ટેઓફર કરવા માં આવી રહીછે. ઉપરોક્ત સેલ્વેજ સામગ્રી નોવેચાણ **"As Is Where Is", "Whatever There Is" અને "No Complaint"**ના ધોરણે કરવામાં આવશે અને આ સામગ્રી **M/s. HPCL MITTAL ENERGY LTD.**નીમા લિકી નીછે. ઉપરોક્ત સામગ્રી બેઅલગ-અલગસ્થ ળોએ નિરીક્ષણ માટે ઉપ લબ્ધછે – સ્થળ 1: Indochem and Polymers-8157 – MRC Tukwada, Vapi, Gala No. 4, Survey No. 58/3/4, NH 8, Tukwada Village, Ahmedabad-Mumbai Road, Vapi – 396195 અને સ્થળ 2: SK Oswal – 8156 – MRC Tukwada, Vapi, Gala No. S. No. 58/3/4, National Highway, Ahmedabad-Mumbai Road, Vapi, Valsad – 396195. નિરીક્ષણ 28-08-2026 થી 01-09-2026 દરમિયાન, માત્ર કાર્યકારી દિવસો માં સવારે 10:00 વાગ્યાથી સાંજે 05:00 વાગ્યા સુધી કરીશ કાશે. સ્થળ 1 માટે નિરીક્ષણ અંગે શ્રી રાજીવ / શ્રીજી તુનો 9702096063 / 9824114322 પર અને સ્થળ 2 માટે શ્રી આશુતોષ / શ્રી જીતુનો 8767209242 / 9824114322 પર સંપર્ક કરવો. ઈ - ઓક્શન 02-09-2026 નારો જwww.b2bsalavage.com પરયો જાશે. ઈ-ઓ ક્શનના નિયમો અને શરતો ધરાવતું ભાગી દારી ફોર્મમે ળવ વામાટે શ્રી હેમંત બિરલા નો સંપર્ક કરવો. ફોર્મ અને EMD રકમ જમા કરવાની છેલ્લી તારીખ 01-09-2026 સાંજે 04:00 વાગ્યા સુધીછે
ઓક્શનીયર (હરાજીકર્તા): B2B Salvage Auctioneers India LLP, જેની રજિસ્ટર્ડ ઓફિસ ૧૨૧લવ કુશકો લોની, માંગલિયા, ઈન્દોર, મધ્ય પ્રદેશ-૪૫૩૭૭૧
સંપર્ક નંબર: +91 9754706071.

# સિટી એક્સપ્રેસ

FRIDAY 28 AUGUST-2026

AHMEDABAD




# અમદાવાદમાં અડધી રાત્રે રેલવે બ્લૉક દરમિયાન પ્રીકાસ્ટ પગપાળા સબવે સ્થાપિત; મહીનાઓમાં થનારૂં કામ કેટલાક કલાકોમાં પૂર્ણ કરી રચ્યો ઈતિહાસ

## પ્રીકાસ્ટ પગપાળા સબવેની સફળતાપૂર્વક સ્થાપના કરીને ઝડપી, સુરક્ષિત અને આધુનિક નિર્માણ ટેકનોલોજીનું અસરકારક પ્રદર્શન

પશ્ચિમ રેલવે | અમદાવાદ

પશ્ચિમ રેલવે દ્વારા આપવામાં આવેલા એક જ ટ્રાફિક બ્લૉક દરમિયાન વસ્ત્રાપુર, અમદાવાદ ખાતે ફેક્ટરીમાં નિર્મિત પ્રીકાસ્ટ પગપાળા સબવેની સફળતાપૂર્વક સ્થાપના કરીને ઝડપી, સુરક્ષિત અને આધુનિક નિર્માણ ટેકનોલોજીનું અસરકારક પ્રદર્શન કરવામાં આવ્યું છે. 25/26 ઓગસ્ટ 2026ની મોડી રાત્રે મળેલા 8 કલાકના નિશ્ચિત રેલવે બ્લૉક દરમિયાન ખોદકામ, સાઈટ તૈયાર કરવાથી લઈને પ્રીકાસ્ટ સબવે સ્ટ્રક્ચરની સ્થાપના અને કામ પૂર્ણ કરવા સુધીની આખી પ્રક્રિયા નિશ્ચિત સમયમર્યાદા કરતાં 45 મિનિટ પહેલાં, એટલે કે 7 કલાક અને 15 મિનિટમાં પૂર્ણ કરી દેવામાં આવી.આ કામ અમદાવાદ મંડળ રેલ પ્રબંધક (DRM) શ્રી વેદ પ્રકાશ અને શ્રી પ્રદીપ ગુપ્તા CAO બાંધકામની દેખરેખ હેઠળ પૂર્ણ કરવામાં આવ્યું.



## રેલવે મંત્રીની ગુજરાત મુલાકાત બાદ મહત્વપૂર્ણ પહેલ

આ પરિયોજના માનનીય કેન્દ્રીય રેલવે, માહિતી અને પ્રસારણ તથા ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવના 4 જુલાઈ 2026ના રોજ બાગોદરા સ્થિત પ્લાન્ટની મુલાકાત બાદ લેવાયેલી એક મહત્વપૂર્ણ પહેલનો ભાગ છે. જે દરમિયાન કંપનીએ ભારતીય રેલવે માટે પોતાના પ્રીકાસ્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉકેલોનું પ્રદર્શન કર્યું હતું.ત્યારબાદ અમદાવાદ મંડળ રેલ પ્રબંધક (DRM) શ્રી વેદ પ્રકાશ અને પ્રદીપ ગુપ્તા CAO બાંધકામ, અમદાવાદ દ્વારા રેલવે લાઈન નીચે ઉચ્ચ ગુણવત્તાવાળા અને લીકેજ-મુક્ત પ્રીકાસ્ટ પગપાળા સબવેનું નિર્માણ તેમજ સ્થાપના કરવાનું કામ સોંપવામાં આવ્યું.અમદાવાદ DRM વેદ પ્રકાશે જણાવ્યું કે, "વસ્ત્રાપુરમાં એક જ રેલવે બ્લૉક દરમિયાન પ્રીકાસ્ટ પગપાળા સબવેની સફળ સ્થાપના એ ઝડપી, સુરક્ષિત અને આધુનિક નિર્માણ ટેકનોલોજીનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. રેલવે માટે યાત્રીઓની સુરક્ષા સર્વોચ્ચ પ્રાથમિકતા છે અને આવી ટેકનોલોજીથી મર્યાદિત સમયમાં ગુણવત્તાયુક્ત કાયમી ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરવાની સાથે-સાથે રેલવે વાહનવ્યવહારમાં અડચણને લઘુત્તમ કરી શકાય છે. આ સિદ્ધિ રેલવે અધિકારીઓ, ફૂજી સિલ્વરટેક કોંક્રીટ અને ખોડલ કન્સ્ટ્રક્શન વચ્ચેના શ્રેષ્ઠ સમન્વય અને ટીમવર્કનું પરિણામ છે. આ પગપાળા સબવેથી વસ્ત્રાપુર વિસ્તારના સ્થાનિક રહીશોને સુરક્ષિત અને સગવડભરી અવરજવરની સુવિધા મળશે અને રેલવે ટ્રેક પર અનાધિકૃત અવરજવર રોકવામાં પણ મદદ મળશે."વસ્ત્રાપુરમાં નિર્મિત આ પગપાળા સબવે સ્થાનિક રહીશોને સુરક્ષિત અને સુવિધાજનક અવરજવર પૂરી પાડવામાં સહાયક બનશે તેમજ રેલવે ટ્રેક પર અનાધિકૃત રીતે ચાલીને જતાં અને ટ્રેક ક્રોસ કરતાં લોકોને રોકવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. વેજલપુરના ધારાસભ્ય શ્રી અમિત ઠાકરે જણાવ્યું કે, "વસ્ત્રાપુર વિસ્તારના સ્થાનિક નાગરિકોની લાંબા સમયથી સુરક્ષિત અને અનુકૂળ પગપાળા અવરજવરની જરૂરિયાત રહી હતી. તેને ધ્યાનમાં રાખીને જ મેં એક દિવસ પહેલાં અહીંની મુલાકાત લઈને સ્થાનિક લોકો સાથે ચર્ચા કરી હતી અને રેલવે અધિકારીઓ સમક્ષ આ પગપાળા સબવેની જરૂરિયાત તથા ઝડપી સ્થાપનાનો વિષય મૂક્યો હતો. આજે જે ઝડપથી આ કામ પૂર્ણ થયું છે, તે ચોક્કસપણે પ્રશંસનીય છે.પ્રીકાસ્ટ ટેકનોલોજી મારફતે ઓછા સમયમાં આ પગપાળા સબવેની સ્થાપના થવાથી સ્થાનિક નાગરિકોને મોટી સુવિધા મળશે. આ ટેકનોલોજીની એક મહત્વપૂર્ણ વિશેષતા એ પણ છે કે વરસાદ દરમિયાન પાણી ભરાવાની સમસ્યાને ઓછી કરવામાં આ માળખું અસરકારક રહેશે, જેનાથી ચોમાસાના સમયે પણ લોકોને સુરક્ષિત અને સુગમ અવરજવર મળી શકશે. હું આ મહત્વપૂર્ણ કામ માટે પશ્ચિમ રેલવે, અમદાવાદ મંડળ, ફૂજી સિલ્વરટેક અને નિર્માણ સાથે જોડાયેલી આખી ટીમને અભિનંદન આપું છું."

## આધુનિક રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે મહત્વપૂર્ણ પહેલ

વસ્ત્રાપુર પગપાળા સબવેનું આ નિર્માણ દર્શાવે છે કે પ્રીકાસ્ટ ટેકનોલોજી ભારતીય રેલવેના આધુનિકીકરણ અને ઝડપી ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. ફેક્ટરીમાં નિર્મિત પ્રીકાસ્ટ માળખાઓ દ્વારા નિર્માણની ગુણવત્તા અને ચોકસાઈને નિયંત્રિત રાખીને સાઈટ પરના કામના સમયગાળાને ઓછો કરી શકાય છે. આનાથી રેલવે બ્લૉકની જરૂરિયાતવાળી પરિયોજનાઓમાં વાહનવ્યવહારની અડચણને પણ લઘુત્તમ કરી શકાય છે.આ ટેકનોલોજી ખાસ કરીને પગપાળા સબવે, અંડરપાસ અને રેલવે લાઈન નીચે બનતા અન્ય માળખાઓ માટે ઉપયોગી છે, જ્યાં ઓછા સમયમાં સુરક્ષિત, મજબૂત અને ગુણવત્તાયુક્ત નિર્માણ જરૂરી હોય છે.વસ્ત્રાપુરમાં આ સફળ સ્થાપના જાપાની 'Monozukuri' એન્જિનિયરિંગ કાર્યશૈલીને ભારતીય ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ સાથે જોડવાની પ્રતિબદ્ધતાને પણ દર્શાવે છે.આ પરિયોજનાના સફળ અમલીકરણ માટે પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા પૂરા પાડવામાં આવેલા અવસર, સંકલન અને સાઈટ પરના સહયોગ બદલ આભાર વ્યક્ત કરવામાં આવે છે. કંપની પોતાના અમલીકરણ સહયોગી ખોડલ કન્સ્ટ્રક્શનના સહયોગ અને ટીમવર્કની પણ પ્રશંસા કરે છે.

**પડકારરૂપ 8 કલાકના રેલવે બ્લૉકમાં એક જ રાતમાં પૂર્ણ થયું કામ :** રેલવે લાઈન નીચે અંડરગ્રાઉન્ડ ક્રોસિંગનું નિર્માણ અત્યંત પડકારજનક કામોમાં સામેલ છે. જેમાં ખોદકામ, માળખાની સ્થાપના અને રેલવે ટ્રેકને પૂર્વવત કરવા જેવા મહત્વપૂર્ણ કામોને મર્યાદિત અને નિશ્ચિત ટ્રાફિક બ્લૉકની અંદર જ પૂર્ણ કરવાના હોય છે. ફેક્ટરીમાં નિર્મિત ઉચ્ચ ગુણવત્તા અને ચોકસાઈથી તૈયાર કરાયેલા પ્રીકાસ્ટ ઘટકોના ઉપયોગથી આ પડકારજનક કામને એક જ રાતમાં 8 કલાકના રેલવે બ્લોકની સામે 7 કલાક અને 15 મિનિટમાં પૂર્ણ કરી લેવામાં આવ્યું.પરંપરાગત નિર્માણ પદ્ધતિની સરખામણીમાં પ્રીકાસ્ટ ટેકનોલોજી દ્વારા સાઈટ પર નિર્માણના સમયગાળાને ઘણો ઓછો કરી શકાય છે. આનાથી રેલવે વાહનવ્યવહારમાં અડચણ લઘુત્તમ રાખીને ઝડપી ગતિએ કાયમી અને ગુણવત્તાયુક્ત ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરવામાં મદદ મળે છે.કામના દરેક તબક્કાને પશ્ચિમ રેલવેના અધિકારીઓની દેખરેખ હેઠળ રેલવે દ્વારા નિશ્ચિત સુરક્ષા અને ગુણવત્તાના ધોરણો અનુસાર પૂર્ણ કરવામાં આવ્યો હતો.

# શહેરમાં મોટા ચાર રસ્તા બંધ કરવાની ફોર્મ્યુલા સફળ

## હાટકેશ્વર ચાર રસ્તા પર સર્કલ નહીં કેપ્સુલ ડિઝાઈન બનશે, બાપુનગરમાં શ્યામ શિખર ચાર રસ્તા પર ટ્રાયલ રન લેવાશે

અમદાવાદ | શહેરમાં વધતી જતી ટ્રાફિકની સમસ્યાઓને લઈ ભાજપના ધારાસભ્યોએ પોલીસ કમિશનર સાથેની સંકલન સમિતિની બેઠકમાં રજૂઆત કરી હતી. ત્યારે પૂર્વ વિસ્તારમાં ટ્રાફિક ડીસીપીએ બે ધારાસભ્ય સાથે ટ્રાફિકની સમસ્યા દૂર કરવા સ્થળ વિઝીટ કરી હતી. હાટકેશ્વર સર્કલ પાસે કેપ્સુલ પ્રકારની ડિઝાઈન યથાવત રાખવામાં આવશે. જ્યારે બાપુનગર શ્યામ શિખર ચાર રસ્તા પર કેપ્સુલનો ટ્રાયલ લેવામાં આવશે. જેમાં ચાર રસ્તા બંધ કરી અને બ્રિજના નીચેથી કટ ખોલી વાહનચાલકો માટે રોડ કરવામાં આવશે.

અમરાઈવાડી વિધાનસભાના ધારાસભ્ય ડો.હસમુખ પટેલે જણાવ્યું હતું કે, હાટકેશ્વર સર્કલ પાસે ટ્રાફિકની સમસ્યા થતી હતી જેથી ટ્રાફિક પોલીસ દ્વારા કોર્પોરેટરો અને અમારી રજૂઆતને ધ્યાનમાં રાખી અને સમસ્યા દૂર કરવા સર્કલની વચ્ચેનો રોડ બંધ કરીને બંને તરફ 50 મીટર આગળ વળાંક આપવામાં આવ્યો છે. જેથી ચાર રસ્તા તરફથી આવનારા તમામ વાહન ચાલકો ફરીને જઈ શકશે, જેનાથી કોઈ ટ્રાફિકની સમસ્યા થતી નથી. પૂર્વ ટ્રાફિક DCP નરેશ કણજારીયા અને સ્થાનિક બે કોર્પોરેટરો સાથે મળી ત્યાં વિઝીટ કરી હતી. ત્યારે કોઈ ટ્રાફિકની સમસ્યા સર્જાતી નથી જેથી હવે ત્યાં આ જ પ્રકારનું સર્કલ બનાવવા કોર્પોરેશનમાં જાણ કરવામાં આવશે. ભાજપના ધારાસભ્ય દ્વારા ટ્રાફિકની સમસ્યા માટે રજૂઆત કરવામાં આવી હતી ત્યારે ટ્રાફિક DCP નરેશ કણજારીયા દ્વારા હાટકેશ્વર સર્કલ પર ધારાસભ્ય હસમુખ પટેલ અને અમરાઈવાડીના કોર્પોરેટર તેજેન્દ્રસિંહ ચૌહાણ તેમજ રાકેશ સક્સેના સાથે સ્થળ વિઝીટ કરી હતી. જેમાં ક્યાંય પણ વધુ ટ્રાફિકની સમસ્યા સર્જાતી નથી અને આરામથી વાહન ચાલકો નીકળી રહ્યા છે આ ડિઝાઈન ખૂબ સફળ બની છે. આ વિસ્તારમાં સાત રસ્તાઓ છે અને એસટી બસની પણ સતત અવરજવર થતી હોવાના કારણે ટ્રાફિકની સમસ્યા દૂર કરવા પિકઅવર્સ દરમિયાન ટ્રાફિકના જવાનો પણ રાખવામાં આવશે. CTM ચાર રસ્તા એક્સપ્રેસવે નજીક પણ ટ્રાફિકની સમસ્યા સતત થતી હોવાના પગલે આ વિસ્તારમાં પણ ધારાસભ્યએ ટ્રાફિક ડીસીપી સાથે મળીને સમસ્યાનું નિરાકરણ લાવવા માટે સ્થળ વિઝીટ કરી હતી. એક્સપ્રેસવે નજીક 15 સોસાયટીઓના સ્થાનિક રહીશોને ત્યાંથી પસાર થવામાં ખૂબ જ તકલીફ પડતી હોય છે ખાસ કરી ખાનગી લક્ઝરી બસ અને વાહનો દ્વારા ટ્રાફિકજામ કરવામાં આવતો હોવાના પગલે પોલીસને સતત ત્યાં પોઈન્ટ રાખવા રજૂઆત કરવામાં આવી હતી. રોડ ઉપર ટ્રાફિકજામ ન થાય તેના માટે જાણ કરી હતી. જ્યારે ઠક્કરબાપાનગર વિધાનસભાના ધારાસભ્ય કંચનબેન રાદડિયા દ્વારા બાપુનગર શ્યામ શિખર ચાર રસ્તા પાસે ખૂબ જ વધારે ટ્રાફિક થતો હોવાના પગલે DCP નરેશ કણજારીયા સાથે સ્થળ વિઝીટ કરી હતી. સાંજના સમયે ચાર રસ્તા ઉપર ખૂબ જ વધારે ટ્રાફિક થતો હોવાના પગલે ડીસીપી દ્વારા શ્યામ શિખરતા રસ્તા પર પણ અન્ય જગ્યાની જેમ કેપ્સુલ પ્રકારની ડિઝાઈનનો ટ્રાયલ રન લેવા માટે સજેશન આપવામાં આવ્યું હતું. કંચનબેન રાદડિયાએ પણ સતત મુવિંગ ટ્રાફિક રહે તેના માટે આ ડિઝાઈનનો ટ્રાયલ રન લેવા કહ્યું હતું.

# માતા-પુત્રીએ અંબાપુરની નર્મદા કેનાલમાં ઝંપલાવ્યું

## ગાંધીનગર ફાયર બ્રિગેડે ત્વરિત રેસ્ક્યૂ કરી માતાનો જીવ CPR આપી બચાવ્યો, જ્યારે પુત્રીનું મોત નિપજ્યું

અમદાવાદ | ગાંધીનગર પાસે આવેલી અંબાપુર નર્મદા કેનાલમાં ગુરુવારે(27 ઓગસ્ટ) અમદાવાદના અસારવા વિસ્તારમાં રહેતા માતા-પુત્રીએ અગમ્ય કારણોસર આપઘાત કરવા માટે ઝંપલાવ્યું હોવાની ચકચારી ઘટના સામે આવી છે. આ ઘટનાની જાણ થતાં જ ગાંધીનગર ફાયર બ્રિગેડની ટીમે ગણતરીની મિનિટોમાં સ્થળ પર પહોંચીને ત્વરિત રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધર્યું હતું. ફાયર વિભાગના જવાનોએ બંનેને બહાર કાઢ્યા બાદ તાત્કાલિક CPR આપતા માતાનો જીવ બચાવી લેવામાં સફળતા મળી છે, જ્યારે પુત્રીનું મોત નિપજતાં અરેરાટી વ્યાપી ગઈ છે. ફા ફાયર બ્રિગેડના જવાનોએ કેનાલમાં તાત્કાલિક શોધખોળ શરૂ કરી માતા અને પુત્રી બંનેને પાણીમાંથી બહાર કાઢ્યા હતા. સ્થળ પર જ ફાયરની ટીમ દ્વારા સમયસૂચકતા વાપરીને માતા અને પુત્રી બંનેને તાત્કાલિક CPR આપ્યું હતું. ફાયર જવાનોની આ સઘન મહેનત અને તાત્કાલિક સારવારથી માતાને શ્વાસ પરત આવતા તેઓ બચી ગયા હતા. જો કે, કમનસીબે પુત્રીને સીપીઆર આપવા છતાં તેનો જીવ બચાવી શકાયો ન હતો.પ્રાથમિક તપાસમાં બચાવી લેવાયેલા મહિલાનું નામ મંજુબહેન વિજયભાઈ પટણી અને મૃતક



પુત્રીનું નામ રોશનીબહેન વિજયભાઈ પટણી હોવાનું સામે આવ્યું છે. આ બંને પીડિતો અમદાવાદના અસારવા વિસ્તારમાં આવેલી ચમનપુરા, મામુ પઠાણની ચાલીના રહેવાસી છે. ફર વિભાગથી પ્રાપ્ત વિગતો અનુસાર, સવારે 10.59 વાગ્યે ગાંધીનગર ફાયર કંટ્રોલ રૂમમાં પોલીસ કોન્સ્ટેબલ શૈલેષભાઈ દ્વારા ઈમરજન્સી કોલ કરવામાં આવ્યો હતો કે અંબાપુર નર્મદા કેનાલમાં બે વ્યક્તિઓએ ઝંપલાવ્યું છે. કોલ મળતાની સાથે જ માત્ર બે મિનિટમાં સરગાસણ ફાયર સ્ટેશનથી રેસ્ક્યૂની ટીમ રવાના થઈ હતી. આ ટીમમાં 01 અધિકારી, 01 ડ્રાઈવર, 04 ફાયરમેન અને 02 તાલીમાર્થીઓ અત્યાધુનિક રેસ્ક્યૂ સાધનો સાથે ફાયરના વાહનમાં તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ફાયર વિભાગ દ્વારા બંને માતા-પુત્રીને કેનાલમાંથી બહાર કાઢ્યા બાદ આગળની કાર્યવાહી અને સારવાર માટે હોસ્પિટલ ખસેડવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. મૃતક પુત્રીના મૃતદેહને પોલીસની PCR વાનમાં અને જીવિત બચાવી લેવાયેલા માતા મંજુબહેનને પોલીસના પર્સનલ વાહનમાં અડાલજ PHC સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યા હતા. માતા-પુત્રીના આપઘાત મામલે પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# અલ નીનોની અસરથી અનેક વિસ્તારોમાં દુષ્કાળ જેવી સ્થિતિ : ચોમાસાની વિદાયને આડે 20-25 દિવસ બાકી, સપ્ટેમ્બરના વરસાદ પર મીટ મંડાઈ

અમદાવાદ | ચોમાસાની વિદાયના આડે હવે અંદાજે 20થી 25 દિવસ બાકી રહ્યાં છે, ત્યારે વરસાદની ઘટે ખેડૂતોની ચિંતા વધારી છે. સિઝનના 65 દિવસ વિતી ચૂક્યા છે, તેમ છતા 17 જિલ્લામાં હજી પણ 3થી લઈ 87 ટકા વરસાદની ઘટ છે. સૌથી ખરાબ હાલત દેવભૂમિ દ્વારકા, જામનગર, પોરબંદર અને કચ્છની છે. હવે સપ્ટેમ્બરના વરસાદ પર સૌની મીટ મંડાઈ છે. જો સપ્ટેમ્બરમાં વરસાદ ઓછો રહે, તો તેની સીધી અસર ખરીફ પાકો (કપાસ, સોયાબીન, મકાઈ અને કઠોળ) પર થવાની શક્યતા છે. આ ઉપરાંત જમીનમાં પૂરતો ભેજ ન રહે તો આગામી રવિ સિઝનમાં ઘઉં અને સરસવ જેવા પાકોના વાવેતર અને ઉત્પાદન પર પણ અસર પડી શકે છે.

હવામાનના જણાવ્યાં મુજબ, ગુજરાતમાંથી સપ્ટેમ્બરના અંત અથવા ઓક્ટોબરની શરૂઆતમાં ચોમાસું સત્તાવાર રીતે વિદાય લેતું હોય છે. આગામી સાત દિવસ રાજ્યના કેટલાક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ વરસી શકે છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના દરિયાકાંઠા વિસ્તારોમાં હળવા વરસાદની શક્યતા છે. હાલમાં ભારે વરસાદની કોઈ મોટી સંભાવના નથી.

અમદાવાદ અને ગાંધીનગરમાં પણ વરસાદી માહોલ વચ્ચે તાપમાનમાં ખાસ મોટો ફેરફાર જોવા મળ્યો નથી. અમદાવાદ અને ગાંધીનગરમાં



તાપમાન 33 ડિગ્રી સેલ્સિયસની આસપાસ નોંધાયું છે. આગામી દિવસોમાં પણ બંને શહેરોમાં ગરમી અને ભેજ વચ્ચે હળવા વરસાદની શક્યતા છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં વરસાદની 7 ટકા ઘટ નોંધાઈ છે. જોકે, ગુજરાત રીજનમાં સામાન્ય કરતાં 9 ટકા વધુ વરસાદ નોંધાયો. સૌરાષ્ટ્રમાં સ્થિતિ ચિંતાજનક છે અને અહીં સામાન્ય કરતાં આશરે 30 ટકા વરસાદની ઘટ નોંધાઈ છે.

હવામાન નિષ્ણાંત પરેશ ગોસ્વામીએ કહ્યું કે, જો આગામી અઠવાડિયા સુધી વરસાદ નહીં પડે તો સમગ્ર સૌરાષ્ટ્ર વિસ્તારને દુષ્કાળ જાહેર કરી શકાશે. 15 સપ્ટેમ્બર સુધી કદાચ રાજ્યમાં ચોમાસુ વિદાય લે તેવી શક્યતા ઓછી છે. આગામી દિવસોમાં ભારે વરસાદની સંભાવના ખૂબ ઓછી લાગી રહી છે.

હવામાન નિષ્ણાત મેહુલ વસાણી કહ્યું કે, ચાલુ ચોમાસાની ઋતુમાં અલ નીનોની અસરને કારણે પશ્ચિમ સૌરાષ્ટ્ર સહિતના વિસ્તારોમાં વરસાદની ભારે અછત જોવા મળી રહી છે. સામાન્ય રીતે સરેરાશ વરસાદની સરખામણીએ આ વિસ્તારમાં વરસાદનું પ્રમાણ નોંધપાત્ર રીતે ઓછું રહ્યું છે, જ્યાં પશ્ચિમ સૌરાષ્ટ્રમાં માત્ર 3થી 6 ટકા જેટલો જ વરસાદ નોંધાયો છે, જે ખેડૂતો અને સમગ્ર પંથક માટે ચિંતાનો વિષય છે.

અલ નીનોની તીવ્રતા અને તેની ચોમાસા પર પડેલી વિપરીત અસરો અંગે જણાવ્યું કે, અરબ સાગરમાં અનુકૂળ હવામાન સિસ્ટમ કે સાયક્લોનિક સરક્યુલેશન ન સર્જાવાને કારણે વરસાદ ખેંચાયો છે. જ્યારે પણ અરબ સાગરમાં નવી સિસ્ટમ સક્રિય થાય છે, ત્યારે સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારોમાં સારો વરસાદ પડે છે, પરંતુ આ વર્ષે ઈન્ડિયન ઓશન ડાયપોલની સ્થિતિ અને અલ નીનોની ઝડપી ગતિના લીધે અરબ સાગર નિષ્ક્રિય રહ્યો છે, જેનાથી પશ્ચિમ સૌરાષ્ટ્રમાં વરસાદનું પ્રમાણ ઘટ્યું છે. છેલ્લે 1987ના ગુજરાતમાં દુષ્કાળ જેવી પરિસ્થિતિમાં કચ્છ જિલ્લામાં સૌથી ઓછો વરસાદ પડ્યો હતો. જે અંદાજિત માત્ર 5% જેટલો વરસાદ નોંધાયો હતો.

# નિવૃત મહિલા પ્રોફેસરને 17 દિવસ ડિજિટલ એરેસ્ટ કર્યાં: મની લોન્ડરિંગનો આરોપ મૂકી ડરાવી TRAIના નામે ₹54 લાખ પડાવ્યા

અમદાવાદ | અમદાવાદના બોપલ-ઘુમા વિસ્તારમાં રહેતા 75 વર્ષીય નિવૃત મહિલા પ્રોફેસરને સાયબર ઠગોએ TRAIના અધિકારી બનીને ડિજિટલ એરેસ્ટનો શિકાર બનાવ્યા છે. ગઠિયાઓએ મહિલા પર ગેરકાયદે પ્રવૃત્તિ અને મની લોન્ડરિંગનો આક્ષેપ મૂકી, 17 દિવસ સુધી ડરાવી-ધમકાવીને રૂ.54.60 લાખ પડાવી લીધા હતા. આ મામલે બોપલ પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

3 ઓગસ્ટે સાયબર ગઠિયાઓએ TRAIના નામે પ્રોફેસરને ફોન કર્યો હતો. તેના બે દિવસ બાદ ફોન કરીને તમે મુંબઈની દુકાનમાંથી જે સીમકાર્ડ લીધું તે નંબર પરથી ગેરકાયદે અશ્લીલ ફોટો, વીડિયો મોકલાયા છે, તેમ કહીને વૃદ્ધાને ડરાવ્યા હતા. ગઠિયાઓએ આ નંબર પર 25 પોલીસ ફરિયાદ નોંધાઈ હોવાનું કહીને ફરિયાદનું લિસ્ટ બતાવવા વીડિયો કોલ કર્યો હતો.




પ્રોફેસરે આ નંબરનું સીમકાર્ડ તેમણે ન ખરીદ્યું હોવાની અને કોઈ ગેરકાયદે પ્રવૃત્તિ ન કરી હોવાનું કહેતા ગઠિયાઓએ વીડિયો કોલમાં જ એક આધારકાર્ડ બતાવ્યું હતું, જેમાં તેમના આધારકાર્ડનો જ નંબર હતો. જે બાદ ગઠિયાએ તમે સામેલ ન હોવ તો એનઓસી લેવી પડશે તેમ કહીને ચાલુ વીડિયો કોલમાં અરજી લખાવી હતી. ચાર દિવસ પછી ફરી વીડિયો કોલ કરીને ગઠિયાઓએ સ્ક્રીન ઓફ રાખીને વાત કરી હતી. ગઠિયાઓએ પ્રોફેસરને 'તમે આ કેસમાં ન હોવ તો નરેશ ગોયલના મની લોન્ડરિંગ કેસમાં સામેલ છો' તેમ કહીને નરેશ ગોયલ કેસની વિગતો જણાવી હતી. જે બાદ નરેશ ગોયલે આચરેલા કૌભાંડમાં તમારા નંબરનો ઉપયોગ થયાનું કહીને ડરાવીને વિવિધ પત્રો બતાવીને શપથ પત્ર લખાવ્યો હતો.

ગઠિયાઓએ પ્રોફેસરને ગુડ મોર્નિંગ, ગુડ નાઈટના મેસેજ કરવા ફરજ પાડી હતી. પરંતુ, એક દિવસ ગઠિયાઓએ કોઈ જવાબ ન આપતા વૃદ્ધાના ફોનમાંથી વોટ્સએપ ડેટા ડિલિટ થઈ જતા તેમને શંકા ગઈ હતી. વૃદ્ધાએ સાયબર હેલ્પલાઈનમાં ફોન કરીને 54.60 લાખના સાયબર ફ્રોડ મામલે જાણ કરતા બોપલ પોલીસે આ અંગે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# રી-ડેવલપમેન્ટનું કામ ન મળતા બિલ્ડરે મહિલાઓનો પીછો કરી ગાળો આપી : ગ્રુપમાં અશ્લીલ મેસેજ કર્યા

અમદાવાદ | અમદાવાદના રાણીપ વિસ્તારમાં આવેલી સોસાયટીમાં એક બિલ્ડરને રી ડેવલોપમેન્ટનું કામ ન મળતા બિલ્ડરે સોસાયટીની મહિલાઓનો પીછો કરી બીભત્સ ગાળો આપી હતી. સોસાયટીનું વોટ્સએપ ગ્રુપ બનાવી તેમાં અશ્લીલ મેસેજ અને કોમેન્ટ કરી હતી. બિલ્ડરના સતત ત્રાસથી કંટાળીને સોસાયટીની મહિલાઓએ રાણીપ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

શહેરના સુભાષબ્રિજ પાસે આવેલી એક સોસાયટીનું રી ડેવલોપમેન્ટનું કામ અગાઉ શિવાલય ઈન્ફ્રાના તેજસ પટેલને આપવામાં આવ્યું હતું પરંતુ તેજસે સોસાયટીની શરતો ન માનતા



કામ આપ્યું નહોતું. તેજસ ઘણા સમયથી સોસાયટીની મહિલાઓ માર્કેટમાં જાય તો તેમની પાછળ પાછળ જતો અને ગાળો બોલતો હતો. 16મેએ તેજસ સોસાયટીમાં ગાડી લઈને આવ્યો હતો અને બાકડા ઉપર બેઠેલી મહિલાઓને જોઈને બાંકડા સાથે ગાડી અથડાવી હતી.મહિલાઓ ઊભી થઈને ત્યાંથી નીકળી ગઈ હતી ત્યારે તેજસ તેમને ગાળો બોલવા લાગ્યો હતો. મહિલાઓ આવતી જતી હોય ત્યારે મહિલાઓને ગાળો બોલીને હેરાન પરેશાન કરતો હતો.તેજસ સોસાયટીના પ્રશ્નો બાબતે મહિલાઓને ધમકી પણ આપતો હતો.છેલ્લા છ મહિનાથી તેજશે વોટ્સએપમાં ગ્રુપ બનાવી સોસાયટીના સભ્યોને ગ્રુપમાં એડ કર્યા હતા, જેમાં અભદ્ર ભાષામાં કોમેન્ટ કરતા વીડિયો મુકતો હતો. અવારનવાર સોસાયટીની મહિલાઓ અન્ય સભ્યોને ત્રાસ આપતા મહિલાઓએ ભેગા મળી રાણીપ પોલીસ સ્ટેશનમાં તેજસ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.